સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

એપ્રિલ-મે, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કરી વૈદોક્ત પ્રાણપ્રતિષ્ઠા



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહંત સ્વામી મહારાજે કર્યું લોકાર્પણ





## અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું

# ભવ્ય લોકાર્પણ


ભગવાન શ્રી રામ - શ્રી સીતાજી - શ્રી લક્ષ્મણજી - શ્રી હનુમાનજી


ભગવાન શ્રીકૃષ્ણ - શ્રી રાધાજી


ભગવાન શ્રી શિવ - શ્રી પાર્વતીજી - શ્રી કાર્તિકેયજી - શ્રી ગણપતિજી

# બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીમાં બિરાજમાન દિવ્ય ભગવત્સ્વરૂપો


ભગવાન શ્રી તિરુપતિ બાલાજી - શ્રી પદ્માવતીજી


ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી


ભગવાન શ્રી જગન્નાથજી - શ્રી બલભદ્રજી - શ્રી સુભદ્રાજી


ભગવાન શ્રી અયપ્પાજી


અભિષેક મૂર્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણ


બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

યુનાઈટેડ આરબ એમીરેટ્સમાં અબુધાબી ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય દિન વસંત પંચમીએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ નવનિર્મિત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલ દેવસ્વરૂપો.


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



# પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ

નિત્ય ભક્તોની ભીડથી ઊભરાતું, નિત્ય દેશ-વિદેશના મહાનુભાવોના અહોભાવથી છલકાતું, પ્રેમ-સંવાદિતા-શાંતિનો સંદેશ વહાવતું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી ઉદ્‌ઘાટિત થયાને આજે ત્રણ મહિના વીતી ચૂક્યા છે. ઉદ્‌ઘાટન વેળાએ સમાચારોમાં સર્વત્ર ધૂમ મચાવ્યા પછી પણ, હજુ પણ રોજ દુનિયાના કોઈપણ ખૂણે એ મંદિરની યશગાથા કોઈ ને કોઈ કોઈપણ માધ્યમથી ગાતું રહે છે.

આ એક દિવ્ય અનુભૂતિ છે – ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અવતરણ અને પ્રભાવની. સનાતન ધર્મની જ્યોતને વધુ વિસ્તારવા આજથી ૨૪૩ વર્ષ પહેલાં અવતરેલા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ, એમની હયાતીમાં અને આજે બે સદી પછી પણ પરબ્રહ્મ પરમાત્મા તરીકે લાખો લોકોનાં હૈયે શ્રદ્ધાની પ્રતીતિ કરાવી રહ્યા છે.

ભગવાન સ્વામિનારાયણના પ્રથમ હરોળના પ્રતાપી સંતશિષ્ય અને મહાન સંતકવિ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ માટે લખ્યું હતું:

‘પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અધારું ટાળિયું...’

સાચે જ, સૂર્ય સર્વત્ર અજવાળાં આપે છે. સમય અલગ અલગ હોય, તાપ-પ્રતાપની માત્રા અલગ અલગ હોય, પરંતુ સૂરજનું અજવાળું પૃથ્વીના કોઈપણ ખંડમાં વાદળાં વીંધીને પણ અવશ્ય પહોંચે છે. બસ એમ જ, સહજાનંદ સૂરજ - ભગવાન સ્વામિનારાયણનાં અજવાળાં આજે સર્વત્ર વિસ્તરી રહ્યાં છે. કારણ કે એમણે સમસ્ત માનવજાતના હિતનું ચિંતન કર્યું હતું. નાત, જાત, ધર્મ, સમાજ, દેશ, વિદેશના સીમાડા સિવાય સૌ પ્રત્યે પ્રેમ-સંવાદિતા-શાંતિનો એમનો સંદેશ હતો. એટલે જ એમના માટે ઉચ્ચારાયું હતું: ‘સર્વભૂતહિતે રતાઃ’ અબુધાબીનું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર તેની પ્રતીતિ કરાવે છે. ભગવાન સ્વામિનારાયણના પાંચમા અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે, મહંત સ્વામી મહારાજે સર્જેલું આ મંદિર એક વૈશ્વિક સર્જન છે. ‘સ્વામિનારાયણ પ્રકાશ’નો આ સંયુક્ત અંક આ મંદિરની એક યાત્રા કરાવે છે.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૪-૫,**
**એપ્રિલ-મે, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**




# અરબી રણમાં ભારતીય અધ્યાત્મની

# મીઠી વીરડી





**રણમાં મીઠી વીરડી સમાન અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની એક પૂર્વયાત્રા ઇતિહાસની અટારીએથી...**

મન કલ્પી ન શકે એવી હકીકતની આ વાત છે!

આજે અહીં એવી અકલ્પનીય હકીકતની વાત કરવી છે, જેનું ગૌરવ સમગ્ર હિન્દુસ્તાન લઈ રહ્યું છે. આજે છડેચોક સામાન્ય નાગરિકથી લઈને પદ-પ્રતિષ્ઠાના શિખરે બેઠેલા દિગ્ગજોનાં મન-મસ્તિષ્ક પર એક જ વાત ઘુમરાઈ રહી છે, તે છે – અબુધાબીમાં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની.

બ્રિટિશ શાસન હેઠળથી મુક્ત થયેલું સાત આરબ રજવાડાંઓનું સંગઠન સન ૧૯૭૧માં યુ.એ.ઈ. તરીકે, એક રાષ્ટ્ર તરીકે સ્થપાયું તે સમયની ઉપરની તસવીર એ ઉદાર રાજાઓની સ્મૃતિ કરાવે છે, જેમની સહિષ્ણુતાને કારણે અને જેમણે આપેલા ઉદારતાના વારસાને કારણે આજે હજારો હિન્દુઓના હૈયે ગૌરવ પ્રગટાવતા મંદિરની સંભાવના શક્ય બની છે.

અબુધાબીનું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર વિધિવત્ લોકાર્પણ પામ્યા પછી પહેલા અઠવાડિયે આમ જનતા માટે દર્શનાર્થે ખુલ્લું મુકાયું ત્યારે ૬૭,૦૦૦ની મેદની ઊમટી એ સૌની કલ્પનાથી પરનું દૃશ્ય હતું. બાજુમાં રહેલી છબિ તેની યાદ અપાવે છે.

જો કે હિન્દુઓની શ્રદ્ધાને સાદ આપવા માટે સન ૧૯૫૮માં દુબઈની તે સમયની નાની ગલીઓ વચ્ચે હિન્દુઓની ધાર્મિક પરંપરાઓને કંઈક સંતોષતું એક નાનું મંદિર તો સ્થપાયું હતું. યુ.એ.ઈ.ના સ્થાપક અને અબુધાબીના રાજા શેખ ઝાયેદ બિન સુલતાન અલ નહ્યાન (ઉપરની છબિમાં જમણી બાજુથી ત્રીજા), એક દૂરંદેશી, સહિષ્ણુતાના પ્રખર હિમાયતી એવા અસાધારણ નેતા હતા. આ પ્રદેશ અને સર્વત્ર શાંતિ જળવાય અને સૌ એકબીજાને સમજીને નજીક આવે તેવી તેમની ભાવના આ રાષ્ટ્રના વિકાસના કેન્દ્રમાં હતી. તેમણે એવા વિચારનું બીજ રોપ્યું કે જે યુ.એ.ઈ.માં સામાજિક એકતા, સહિષ્ણુતા, સંવાદિતાની પ્રેરણા આપે છે, તો બીજી તરફ કટ્ટરતા, નફરત અને પરસ્પરના દ્વેષને નકારે છે. તેમની આ નીતિને તેમના ઉત્તરાધિકારીઓએ આગળ ધપાવી અને પરિણામે આજે યુ.એ.ઈ. વિશ્વમાં સંવાદિતા અને સહિષ્ણુતાનું અનુકરણીય પ્રતીક બન્યું

છે, પરંતુ તેનો ખરો પરિચય, આરબ દેશની ધરતી પર સનાતન હિન્દુ ધર્મની છડી પોકારતું પરંપરાગત શૈલીનું પથ્થરમાંથી નિર્મિત ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સર્જાયું તેમાં સમસ્ત વિશ્વને મળી ગયો!

સદીઓ પહેલાં ભારતના પશ્ચિમ કિનારેથી વહાણ લઈને ભારતીય વેપારીઓ અરબી અખાતના કાંઠે અરબી રણમાં વેપાર માટે ઊતરી પડ્યા હતા ત્યારે તેમને કદાચ અંદાજ પણ નહીં હોય કે તેઓ અહીં વેપારની સાથે પોતાની ભાવિ પેઢીઓ માટે ધર્મ ને સંસ્કૃતિનું પણ બીજ વાવી રહ્યા છે. એ હિન્દુઓ આરબો સાથે હાથમાં હાથ મિલાવીને વેપાર કરી રહ્યા હતા ત્યારે હૃદય સાથે હૃદય પણ તાલ મિલાવતા રહ્યા. પરિણામે ધોમધખતા રણમાં આરબ બંધુઓનાં હૈયાંમાં હિન્દુઓની મૈત્રી અને તેમની ભાવનાઓ સહિષ્ણુતા અને શીતળ આદર જન્માવતી રહી.

સદીઓથી રણના સૂકા વાયરા વેઠતી અરબસ્તાનની ભૂમિ પર સન ૧૯૫૩માં પરમાત્માની રહેમ થઈ ગઈ. ધરતીના પેટાળમાંથી ખનિજ તેલ બહાર આવ્યું અને આ ભૂમિનું તકદીર બદલાઈ ગયું. *'રણ તો લીલાં છમ...'* ઉક્તિ યુ.એ.ઈ.ના દુબઈ, અબુધાબી, શારજાહ વગેરે રજવાડાંઓ માટે સાચી ઠરી છે. રણની ઊડતી રેતી વચ્ચે અહીં લીલાંછમ વન પાંગર્યાં છે. જ્યાં માત્ર ઊંટના સહારે રણના ઢૂવા વચ્ચે વાહનવ્યવહાર ચાલતો હતો ત્યાં આજે મલ્ટીટ્રેક રોડ અને ગગનચુંબી ઈમારતોની આકાશરેખા સૌને ચકાચૌંધ કરી દે છે. ખનીજ તેલના કૂવાઓએ દિવસ-રાત ખનીજ તેલ બહાર ઠાલવીને અહીંની રોનક બદલી નાંખી છે.

પરિણામે, છેલ્લા છ દાયકાઓમાં ખનિજ તેલની સમૃદ્ધિને કારણે આરબ ભૂમિ પર હિન્દુઓની વધતી સંખ્યામાં અભિવૃદ્ધિ થતી રહી. આ બધી ઝાકમઝોળ વચ્ચે ધંધા-વ્યવસાય અર્થે અહીં આવી પહોંચેલા ભારતીયો પોતાની સંસ્કૃતિ અને ધર્મના શ્વાસ લેવા ઝંખતા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સન ૧૯૭૦-૮૦ના દાયકામાં અહીં બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ શરૂ થઈ અને મુમુક્ષુઓ માટે એ રણમાં મીઠી વીરડી સમાન પુરવાર થઈ.

મૃગજળ અને મીઠી વીરડી વચ્ચે આરબ દેશો રણમાં વિકાસની હરિયાળી બિછાવીને વિશ્વની સ્કાયલાઈનમાં આગવી ઊંચાઈઓને આંબી રહ્યા છે. બુર્જ અલ ખલીફા જેવી વિશ્વની સૌથી ઊંચી ઈમારતોથી લઈને નાની મોટી અનેક ઈમારતોની સ્કાયલાઈન વચ્ચે યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. હિન્દુ મંદિર એક અનોખો આયામ ઉમેરે છે. આ મંદિર સાચા અર્થમાં રણમાં એક મીઠી વીરડી સમાન પુરવાર થઈ રહ્યું છે, જે હજારો લાખો લોકોની આધ્યાત્મિક ભૂખને સંતોષી રહ્યું છે અને સાથે સાથે શાંતિ, પ્રેમ અને સંવાદિતાનાં આંદોલનો પ્રસરાવી રહ્યું છે. અબુધાબીના ઈતિહાસમાં કેવી રીતે રચાયો અદ્વિતીય ભારતીય ગૌરવગાથાનો અધ્યાય? આવો તેના પર એક નજર કરીએ.

વર્ષ હતું ૧૯૯૭નું. ભારતનાં ગામડાંઓથી લઈને વિદેશની મહોલાતો સુધી અવિરત વિચરતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ યુ.એ.ઈ.ની ત્રીજી વિચરણ યાત્રામાં પધાર્યા હતા. આ એ સમય હતો કે જ્યારે આ પ્રદેશમાં મોટી સંખ્યામાં હિન્દુઓ રહેતા હોવા છતાં, સ્થાનિક મર્યાદાઓને લક્ષમાં રાખીને તેઓ પોતાની ધાર્મિક પરંપરાઓને પોતાના કુટુંબ, મિત્રો કે નાના સમુદાયોથી વિશેષ જાહેરમાં ઊજવી કે માણી શક્તા નહોતા.

## ૧૯૯૭



એવામાં પ્રમુખસ્વામી મહારાજ રોહિતભાઈ પી. પટેલના ઘરે આધ્યાત્મિક લાભ આપી રહ્યા હતા અને મુઠ્ઠીભર હરિભક્ત પરિવારો સ્વામીશ્રીની હાજરીમાં સત્સંગ માટે એકઠા થયા હતા. એક દિવસ, સ્વામિ-નારાયણીય સત્સંગ તરફ નવા નવા આકર્ષાયેલા અશોકભાઈ કોટેચા, નરેન્દ્રભાઈ જૈન વગેરેના પ્રેમભર્યા આગ્રહથી સ્વામીશ્રી, કેટલાક સંતો-ભક્તો સાથે, શારજાહ અને દુબઈની સરહદે અલ ખવાનીજના રણમાં પધાર્યા. ૫ એપ્રિલ ૧૯૯૭નો એ દિવસ હતો. ધમધમતો પવન અને ધગધગતો સૂર્ય સૌને દઝાડી

રહ્યા હતા. પરંતુ બીજી તરફ પ્રમુખસ્વામી મહારાજની શીતળ છત્રછાયા સૌને શાંતિનો અનુભવ કરાવતી હતી. થોડીવારમાં સાંજ ઢળવા આવી. રણની રેતીમાં એક ખુરશી પર બેઠેલા પ્રમુખસ્વામી મહારાજે ઠાકોરજીની આરતી કરીને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતાં કરતાં પ્રાર્થના કરીઃ 'અહીં સર્વત્ર શાંતિ થાય, દરેક દેશના ધર્મોને એકબીજા પ્રત્યે પ્રેમ વધે, દરેક દેશમાંથી અંદરોઅંદરના રાગ-દ્વેષ નીકળી જાય, સૌનો વિકાસ થાય...'



અંતે સંકલ્પ થયોઃ 'અહીં ભવ્ય શિખરબદ્ધ મંદિર થાય...'

આ સંકલ્પોની અમીટ છાપ સાથે, રેતીના એ મહારણને પ્રમુખસ્વામી મહારાજનો સીધો જ ચરણસ્પર્શ થાય એવી સૌની ભાવના હતી. એ ભાવનાને સ્વીકારીને સ્વામીશ્રીએ જમણું ચપ્પલ કાઢીને ખુલ્લા પગે રેતીને સ્પર્શ કર્યો. રેતીમાં એમનાં ચરણની સુંદર છાપ અંકિત થઈ ગઈ. એ દિવ્ય ચરણછાપ સમયની ઊડતી રેત સાથે એ રણસાગરમાં સદાને માટે સમાઈ ગઈ અને એ પવિત્ર સંકલ્પોનાં આંદોલનો ઈતિહાસનું અમર પૃષ્ઠ બની ગયાં.

તે સમયે, મંદિરની કલ્પના પણ અશક્ય હતી, પરંતુ સ્વામીશ્રીના મુખમાંથી સરી પડેલા આ સહજ સંકલ્પથી ભક્તો આનંદિત થઈ ઊઠ્યા. ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે તેમના જીવનકાળ દરમ્યાન જ પ્રમુખસ્વામી મહારાજના આ શબ્દો સત્ય પુરવાર થશે.

૧૯૮૦ના દાયકાથી લઈ ૨૧મી સદીના પ્રારંભ સુધી અહીંના રાજાઓની ઉદાર ભાવનાને કારણે જ, યુ.એ.ઈ.માં જેમ જેમ હિન્દુઓ વધતા ગયા તેમ તેમ તેઓ 'ઑફ ધ રેકોર્ડ' ધાર્મિક કાર્યક્રમો કરતા રહ્યા. યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. સત્સંગમાં જોડાયેલા ભક્તો પણ આ જ રીતે એકત્રિત થઈને ભક્તિ કરી રહ્યા હતા. તેમાં પ્રમુખ સ્વામી મહારાજે ભવ્ય મંદિરનું સ્વપ્ન વાવી દીધું.

આટલી પૂર્વભૂમિકા માણીને ૧૯૮૦ના દાયકાથી ભક્તોની આધ્યાત્મિક ભૂખ સંતોષવા પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા જે વિવિધ માઈલસ્ટોન રચાયા તેની એક ઝાંખી મેળવી લઈએ.

### સન ૧૯૭૪-૧૯૮૨: સત્સંગના પ્રારંભના દિવસો

સન ૧૯૭૪ના અરસામાં બ્રિટિશ શાસન હેઠળથી આઝાદ થઈને સાત રજવાડાંઓમાંથી બનેલા સંયુક્ત સંઘ દેશ યુ.એ.ઈ.ને હજુ ત્રણ-ચાર વર્ષ થયાં હતાં. દિનેશભાઈ ઠક્કર, રમણિકભાઈ લુહાર, રાજેન્દ્રભાઈ દવે, હરિકૃષ્ણભાઈ અમીન, હસમુખભાઈ પટેલ, ગંગારામભાઈ, પંકજભાઈ ઠાકર, રમણભાઈ સોલંકી, વિનોદભાઈ જેઠવા, મહેન્દ્રભાઈ દવે, રસિકભાઈ ધકાણ, બચુભાઈ ત્રિવેદી, ગુણવંતભાઈ કવિ, જયનારાયણ વગેરે યુવાનો ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએથી અહીં વ્યવસાય અર્થે આવ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આ યુવાનો એકત્રિત થયા અને અહીં સત્સંગ સભાની શરૂઆત કરી.

શરૂઆતમાં અલજાફલાના એક ગોડાઉનના એક રૂમમાં સભા કરવાનું રાખ્યું. પછી ઈસ્ટર્ન વુડવર્ક્સમાં શુક્રવારની સભા ચાલુ થઈ. મંડળ વધ્યું એટલે સાફિયા કોલોનીમાં બાબુભાઈ કે. પટેલને ત્યાં સભા યોજાતી રહી. ત્યારબાદ હસમુખભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ અને હરિકૃષ્ણભાઈના સહિયારા વીલામાં અઢી વરસ સભા યોજાતી રહી. બીજી તરફ એડનથી અબુધાબીમાં વસેલા ખીમજીભાઈ, નંદલાલભાઈ, યોગેશભાઈ, શશિકાંતભાઈ વગેરે દેપાળા પરિવાર પણ સત્સંગરંગથી રંગાઈને સક્રિય બન્યા હતા. તો વળી રાસ-અલ-ખેમા ખાતે વલસાડ અને નવસારીના ભાવિકો એકત્રિત થતા હતા. તેમણે પણ લલ્લુભાઈ નામના એક ભાવિકને ત્યાં સભા શરૂ કરી દીધી હતી.

### સન ૧૯૮૨: પ્રમુખસ્વામી મહારાજનું પ્રથમ પદાર્પણ

યુવાનોનું આ મંડળ સાવ નાનું, પરંતુ ઉત્સાહ આભ સમો. તેમણે સંકલ્પ કર્યો કે પ્રમુખસ્વામી મહારાજને આ આરબ ધરતી પર પધરાવવા છે, પરંતુ એક હિન્દુ ધર્મગુરુ તરીકે સ્વામીશ્રીને અહીં આવવાના વિઝા મળશે? એ પ્રશ્ન સૌથી મોટો હતો. ધાર્મિક ચુસ્તતાથી લઈને બીજા અનેક પ્રશ્નો એવા હતા કે પ્રમુખસ્વામી મહારાજનું આગમન અહીં શક્ય જ ન હતું. કદાચ સ્વામીશ્રી અહીં પધારે તો તેમનો ઉતારો ક્યાં કરવો? એ પણ મોટી સમસ્યા હતી, પરંતુ સૌની હિંમત આભ સમી હતી એટલે એક પછી એક બારણાં ખૂલતાં ગયાં.

દિનેશભાઈ ઠક્કર અને પંકજભાઈ ઠાકરના પરિચયમાં શારજાહના ભગવાનદાસ જેઠાનંદ ભાટિયા નામના એક પ્રસિદ્ધ ગુજરાતી વૈષ્ણવ વેપારી હતા. તેઓ દાયકાઓથી અહીં ધંધો જમાવીને બેઠા હતા. શારજાહના શેખ સાથે

તેમનો અંગત ઘરોબો હોવાથી રાજેન્દ્રભાઈ અને અન્ય યુવાનોએ તેમને પ્રમુખસ્વામી મહારાજના મહિમાની વાત કરી. સ્વામીશ્રીનો મહિમા સાંભળતાં જ જાણે તેમનામાં બ્રહ્મનો પ્રવેશ થયો. તેમણે પ્રમુખસ્વામી મહારાજને અહીં બોલાવવા માટેના વિઝા માટે શારજાહના તે સમયના રાજા શેખ સાકર બિન સુલતાન અલ કાસીમીને(Sheikh Saqr bin Sultan Al Qasimi) કહ્યું અને તેમણે સ્વામીશ્રી અને દસ સંતોના સંતમંડળ માટે વિઝા આપી દીધા.

સ્વામીશ્રીનું આગમન નિશ્ચિત થયું અને માત્ર એક જ અઠવાડિયામાં અહીં ડેરા દુબઈ ખાતે હોરલેન્સમાં એક નાના એવા સ્થાનમાં અહીંના સત્સંગ મંડળે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કારધામ ઊભું કરી દીધું! તા. ૧૮-૩-૧૯૮૨ના ઐતિહાસિક દિવસે સ્વામીશ્રીએ શારજાહ ઍરપોર્ટ પર શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે આરબભૂમિ પર સર્વપ્રથમ પદાર્પણ કર્યું ત્યારે સ્વામીશ્રીને સત્કારતાં ભગવાનદાસ ભાટિયા, સત્સંગીબંધુઓ અને ભારતીય મહાનુભાવો સહિત સૌ કોઈના હરખનો પાર નહોતો. કોઈને કલ્પના નહોતી કે સ્વામીશ્રીનું આ પ્રથમ આગમન કેટલા સુવર્ણ ઇતિહાસનું નિમિત્ત બની રહેવાનું છે!

સ્વામીશ્રીના ઉતારા માટે દુબઈમાં એક ઉદ્યોગપતિ તરીકે પ્રગતિ કરી રહેલા પુરુષોત્તમદાસભાઈ ડી. પટેલ તૈયાર હતા. તેમણે અને તેમના સુપુત્ર રોહિતભાઈ પટેલ તથા મનુભાઈ પટેલે પોતાના બંગલે સ્વામીશ્રીને પધરાવીને સેવાનો લહાવો લીધો.

તા. ૧૯-૩-૧૯૮૨ના રોજ ડેરા દુબઈ ખાતે હોરલેન્સમાં સ્વામીશ્રીના હસ્તે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની પટપ્રતિમાની સ્થાપના થઈ અને જાણે અહીં ભાવિ શિખરબદ્ધ મંદિરનાં બીજ રોપાઈ ગયાં! ભલે આ મંદિર વિધિવત્ સ્થપાયેલું મંદિર નહોતું, પરંતુ આ અવસરે સ્વામીશ્રીના આ પ્રથમ આગમનને દુબઈની ધરતી પર ચિરંતન બનાવી દીધું. સ્વામીશ્રીએ ખાસ સંકલ્પપૂર્વક પ્રાર્થના કરી હતી કે 'આ દેશનો ખૂબ વિકાસ થાય, અહીંના રાજાઓને સુખ-શાંતિ થાય, ધર્મનાં કાર્યો થાય અને બધાને સુખ થાય...'

અબુધાબીમાં ઇન્ડિયા સોશિયલ સેન્ટરમાં સભા યોજાઈ ત્યારે રાજદૂત લલિત માનસિંહે યુ.એ.ઈ.માં સ્વામીશ્રીના આ આગમનને વધાવ્યું હતું. આ સમયે દુબઈના ગુરુદ્વારામાં તથા દુબઈની વૈષ્ણવ હવેલીમાં પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ કાર્યક્રમો યોજાયા હતા. સ્વામીશ્રીની સાધુતા અને દિવ્યતાનો એક અનોખો પ્રભાવ સૌ ભારતીયોમાં છવાયો હતો. શારજાહ, દુબઈ અને અબુધાબીમાં સ્વામીશ્રી અને સંતમંડળે પગલાં કર્યાં, ભરપૂર સત્સંગલાભ આપ્યો, ભક્તિ-સંગીતની હેલી વરસાવી, ભક્તોનાં ઘરોમાં પધરામણીઓ કરી, સૌને સત્સંગની અનોખી આબોહવામાં તરબતર કરી દીધા.

## સન ૧૯૮૫: પ્રમુખસ્વામી મહારાજનું પુનઃ પદાર્પણ

ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે સન ૧૯૮૫ના માર્ચ મહિનામાં સ્વામીશ્રીનું યુ.એ.ઈ.ની

**૧૯૮૨ :**
*યુ.એ.ઈ.માં સર્વપ્રથમ પધારીને પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિના પાયાના સંસ્કારો સીંચવા તા. ૧૯-૩-૧૯૮૨ના રોજ ડેરા દુબઈ ખાતે નાનું સત્સંગભવન સ્થાપી દીધું...*



**૧૯૮૨ :**
*યુ.એ.ઈ.ની ધરતી પર શારજાહના શેખ કાસીમીએ શ્રી ભગવાનદાસ ભાટિયાના અંગત સ્નેહ-સંબંધોથી પ્રમુખસ્વામી મહારાજને યુ.એ.ઈ.માં સર્વપ્રથમ વખત પધારવાની વ્યવસ્થા કરી...*



**૧૯૮૨ :**
*યુ.એ.ઈ.ના રણમાં શ્રી હર્ષદભાઈ દવે, શ્રી રોહિતભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ વગેરે સાથે સર્વપ્રથમ વખત પધારીને પાવન પગલાં કરતા પ્રમુખસ્વામી મહારાજે આ રણને પાવન કર્યું...*



ધરતી પર પુનઃ આગમન થયું ત્યારે દુબઈ-શારજાહના રાજ પરિવારના એક માનવંતા અતિથિ તરીકે તેઓને પધરાવ્યા હતા. શ્રી ભગવાનદાસ ભાટિયાએ સ્વામીશ્રીને અહીં પધરાવવાની સેવા કરી હતી. આ યાત્રા દરમ્યાન શેઠ શ્રી લખાલૂલા પણ સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવમાં રંગાઈ ગયા. તેમની ફાઈવ સ્ટાર એસ્ટોરિયા હૉટેલમાં સભાઓ યોજાતી રહી. આ વખતે પણ ભારતીય કોન્સલ જનરલ અરુણકુમાર અને વાઈસ જનરલ શ્રીવાસ્તવે સ્વામીશ્રીના કાર્યક્રમોમાં ખૂબ ભાવપૂર્વક ભાગ લીધો. સ્વામીશ્રીએ દુબઈ, શારજાહ, અબુધાબી અને રાસ-અલ-ખેમામાં સત્સંગની હેલી વરસાવી દીધી. શેઠ લખાલૂલાની આસ્ટોરિયા ફાઈવ સ્ટાર હૉટેલ, ભીખુભાઈ ધાનકની ફેક્ટરી તથા કોન્સ્યુલેટમાં શાનદાર કાર્યક્રમો યોજાયા. ધર્માચાર્ય પુષ્પરાજ મુનિ પણ સ્વામીશ્રીના પ્રભાવમાં રંગાયા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૦૫મો જન્મજયંતી ઉત્સવ શાનદાર રીતે ઊજવાયો ત્યારે કોન્સલ જનરલ બોલી ઊઠ્યા હતાઃ 'આજે તો અહીં હિન્દુસ્તાન ખડું થઈ ગયું છે.' આ યાત્રા દરમ્યાન સ્વામીશ્રીએ મસ્કત અને બાહરીનમાં પણ સત્સંગની હેલી વરસાવી હતી.



## સન ૧૯૮૯-૯૨: સંત-વિચરણ

ત્યારબાદ સન ૧૯૮૯માં પૂજ્ય ડૉક્ટર સ્વામી અને સંતમંડળે યુ.એ.ઈ.ની સત્સંગયાત્રા કરી હતી. પ્રમુખસ્વામી મહારાજ સિવાય સંતોનું આ પ્રથમ સ્વતંત્ર વિચરણ યોજાયું. સન ૧૯૯૨માં યોગી શતાબ્દી મહોત્સવના ઉપક્રમે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સંતમંડળનું વિચરણ બાહરીન, અબુધાબી, દુબઈ અને મસ્કતમાં યોજાયું હતું, જેના પરિણામે સત્સંગને અહીં વધુ વેગ મળ્યો.

## સન ૧૯૯૭: સ્વામીશ્રીની તૃતીય સંસ્કૃતિયાત્રા

સન ૧૯૯૭માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પુનઃ આરબ દેશોની ધરતીને પાવન કરી હતી, જેમાં પૂર્વોક્ત દેશો ઉપરાંત કુવૈતમાં પણ સ્વામીશ્રીના સત્સંગ કાર્યક્રમો શાનદાર રીતે યોજાઈ ગયા. સન ૧૯૮૨થી શરૂ થયેલી સ્વામીશ્રીની આ ધર્મયાત્રાઓ ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રભાવક બનતી રહી. યુ.એ.ઈ., દુબઈ, શારજાહ, અજમાન, અબુધાબી, બાહરીન, કુવૈત, મસ્કતમાં પરિભ્રમણ કરીને પવિત્ર સંકલ્પો અને સંવાદિતાનાં આંદોલનો વહાવ્યાં. તેઓની આધ્યાત્મિક પ્રતિભાની અમીટ છાપ સમૃદ્ધિના શિખરે બેઠેલા આરબ

**૧૯૮૫ :**

*દુબઈમાં એસ્ટોરિયા હોટલના સભાગૃહમાં તા. ૩૧ માર્ચે ભગવાન શ્રી રામ અને ભગવાન સ્વામિનારાયણનો જન્મોત્સવ ઊજવતા સ્વામીશ્રી. સાથે મુનિ પુષ્પરાજ અને ભારતીય કોન્સલ જનરલ...*




**૧૯૮૫ :**

*મસ્કતમાં કનકશી ખીમજી કેમ્પમાં પ્રમુખસ્વામી મહારાજના સ્વાગતમાં ઊમટેલા કચ્છી બંધુઓ. અહીં સેન્ટ્રલ સ્કૂલના સભાગારમાં ભારતીય રાજદૂત ઈસાક સહિત મહાનુભાવો પધાર્યા...*



**૧૯૯૭ :**

*માર્ચ,૧૯૯૭માં શારજાહ ખાતે સ્વામીશ્રીના સ્વાગતમાં શારજાહના શેખ વતી પધારેલા શેખ માજીદ અને તેમનાં સંતાનો પર વાત્સલ્ય વરસાવતા સ્વામીશ્રી...*



દેશોના ધુરંધરો પર પણ પડી હતી. ઇસ્લામિક ચુસ્તતા વચ્ચે સાધુતા, સ્નેહ, સૌહાર્દ, સંવાદિતા અને સદ્‌ભાવનાના મૂર્તિમંત સ્વરૂપ સમાન પ્રમુખસ્વામી મહારાજને સૌએ આદર આપીને બિરદાવ્યા હતા. અહીં વસતા ભારતીય ધુરંધરો પણ વધુ ને વધુ સંખ્યામાં સ્વામીશ્રીના પ્રભાવમાં રંગાતા રહ્યા. બાહરીનના રાજા શેખ ઈસા બિન સલમાન અલ ખલીફાએ તો પોતાના રાજમહેલમાં પ્રમુખસ્વામી મહારાજની પધરામણી કરાવી ધન્યતા અનુભવી. તે ક્ષણ તો ઇતિહાસે પૂર્વે ક્યારેય ન નિહાળી કે ન કલ્પી હતી. અન્ય આરબ દેશોના વડાપ્રધાનોએ પણ સ્વામીશ્રીને વધાવ્યા. ભારતીય રાજદૂતોએ રાજદૂતાવાસમાં સ્વામીશ્રીના સત્સંગ અને સન્માન કાર્યક્રમો યોજ્યા.



સ્વામીશ્રીની આ યાત્રા દરમ્યાન શારજાહના રણમાં તા. ૫-૪-૧૯૯૭ના ઐતિહાસિક દિને સ્વામીશ્રીએ મંદિરનો સંકલ્પ કર્યો કે અબુધાબીમાં મંદિરનું નિર્માણ થાય.

સત્પુરુષની આ સત્સંગયાત્રાના પરિપાકરૂપે જુદાજુદા શહેરમાં સત્સંગગંગા વહેતી થઈ. અબુધાબીમાં ખીમજીભાઈના ઘરે નિયમિત સભા થતી હતી. ચાર દીવાલો વચ્ચે ભક્તોનો ભક્તિભાવ મૂકપણે મઘમઘતો રહ્યો હતો. શ્રી રાજેન્દ્રભાઈ દવે, કિશોરભાઈ સાગર, મહેશભાઈ પીઠાવાલા, ભાનુભાઈ, શશિકાંતભાઈ દેપાલા, લલિતભાઈ ભટ્ટ, જગદીશભાઈ, યોગેશભાઈ દેપાલા, રોહિતભાઈ પટેલ આદિ હરિભક્તોના ઉત્સાહથી સત્સંગ દિન-પ્રતિદિન વધતો રહ્યો. આ વિચરણ દરમ્યાન અહીં જે પધરામણીઓ અને ભવ્ય સમારંભો થયા, સત્સંગ અને ભક્તિની જે ભરતી ઊભરાઈ અને અસંખ્યના હૃદયે જે સનાતન મૂલ્યોનું દૃઢ સિંચન થયું એ બધું શબ્દાતીત, અવર્ણનીય અને અભૂતપૂર્વ હતું. આમ સ્વામીશ્રીના પગલે પગલે સત્સંગની ફૂલવાડી ખીલી ઊઠી.

સ્વામીશ્રીનું આ વિચરણ અક્ષરનિવાસી શીખબંધુ શ્રી જસબીરસિંઘ સાહનીના જીવન પરિવર્તનનું કારણ બની ગયું. સન ૧૯૯૭માં સ્વામીશ્રી તેઓના ઘરે બાહરીનમાં પધાર્યા. સત્સંગની મોહિનીમાં રંગાયા પછી આ ભક્તરાજે વર્ષો સુધી બાહરીનમાં સ્વામિનારાયણીય સત્સંગના પ્રસારમાં એક સમર્પિત ભક્ત તરીકે અદ્વિતીય સેવાઓ આપી. અબુધાબી મંદિરનિર્માણનું કાર્ય આરંભાયું ત્યારે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પોતાની ઉજ્જ્વળ પદ-પ્રતિષ્ઠા છોડીને તેઓ સેવામાં હોમાઈ ગયા. તેઓએ આ મંદિરનિર્માણના પ્રોજેક્ટ ડાઈરેક્ટર તરીકે નિઃસ્વાર્થપણે સેવાઓ આપીને મંદિરનિર્માણનું સૂત્ર ખૂબ સક્ષમતાપૂર્વક

**૧૯૯૭ :**

*દુબઈમાં સિંધી ભક્તરાજ શેઠ શ્રી લખાલૂલાની પંચતારક હોટલ આસ્ટોરિયાના સભાગૃહમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં, મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાનદાર કાર્યક્રમો યોજાતા રહ્યા...*



**૧૯૯૭ :**

*બાહરીનમાં યોજાયેલા ઐતિહાસિક સમારોહમાં પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આધ્યાત્મિક પ્રભાવથી પ્રભાવિત થનારા ઉચ્ચ આરબ ઉમરાવો, સચિવો, મંત્રીશ્રીઓ, રાજદૂતો, ઉદ્યોગપતિઓ વગેરે...*



સંભાળ્યું હતું. તેઓએ આર્કિટેક્ટથી લઈને કારીગર વર્ગ સુધી, સૌ સાથીઓમાં સીંચેલો ઉત્સાહ, સૌને કરાવેલી નિષ્ઠા અને સમર્પણભાવ સદા સ્મરણીય રહેશે.

## સન ૧૯૯૮: સંતપારાયણોની પરંપરા

પછીના વર્ષે એટલે કે ૧૯૯૮માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ મહારાજની આજ્ઞાથી સંતમંડળનું વિચરણ યોજાયું ત્યારે ભક્તો-ભાવિકોમાં સ્વામીશ્રીની યાત્રાનાં સ્પંદનો ફરી તાજાં થયાં. ૪૦ દિવસીય આ સત્સંગવિચરણમાં સંતોએ મસ્કત (ઓમાન), દુબઈ, અબુધાબી, શારજાહ, યુ.એ.ઈ (અજમાન), મનામા(બાહરીન), કુવૈત વગેરે કેન્દ્રોમાં સત્સંગસભાઓની સાથે શ્રીમદ્ ભાગવત વિષયક વ્યાખ્યાન માળાઓનો લાભ આપ્યો.

## સન ૨૦૦૧: મરુભૂમિમાં સ્વામીશ્રીની સત્સંગ-હેલી

તા. ૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ, ૨૦૦૧ દરમ્યાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના પાવનકારી સાંનિધ્યથી આરબ મરુભૂમિ ફરી એકવાર ધન્ય થઈ ઊઠી. વર્ષોથી દુબઈ, અજમાન, શારજાહ, બાહરીન, મસ્કત, કુવૈત, અબુધાબીમાં ગતિમાન સત્સંગપ્રવૃતિને પુષ્ટિ આપીને, બાહરીનમાં બનેલા નૂતન સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરીને સતત ૨૧ દિવસ સુધી મરુભૂમિ પર સત્સંગની હેલી વરસાવી દીધી હતી. અનેકવિધ સત્કાર સમારંભોમાં ઉપસ્થિત રાજવી પરિવારના સભ્યો, વિવિધ એસોસિયેશનોના મોભીઓ અને ભારતીય રાજદૂતોને સ્વામીશ્રીની સર્વજીવહિતાવહ પ્રતિભા તેમના હૃદયે સ્પર્શી ગઈ હતી. શારજાહના રાજવી પરિવારના વડીલ શેખ હામદ બિન માજીદ અલ કાસિમીના નિમંત્રણથી તેઓના નિવાસસ્થાને પધાર્યા ત્યારે રાજવી પરિવારની રસમ મુજબ ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.

સ્વામીશ્રીની ૧૯૯૭ની વિદેશયાત્રા દરમ્યાન પણ બાહરીનના રાજાના પિતાશ્રી શેખ ઈસાએ સ્વામીશ્રીને પોતાના મહેલમાં પધરાવીને અપૂર્વ ઇતિહાસ સર્જ્યો હતો. જ્યારે આ વખતની યાત્રામાં વડાપ્રધાન શેખ ખલીફાએ પોતાના પ્રાઈમ મિનિસ્ટર્સ હાઉસમાં સ્વામીશ્રીને પધરાવીને ધન્યતાનો અનુભવ કર્યો. આરબ ભૂમિનાં પ્રસિદ્ધ વર્તમાનપત્રોમાં પણ સ્વામીશ્રીનું આ વિચરણ વ્યાપક પ્રસારણ પામ્યું.

સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સત્સંગ-સંસ્કારથી રસાયેલાં અહીંનાં બાળમંડળો, યુવામંડળો અને સંયુક્ત મંડળો વિવિધ દિનની ઉજવણી કરીને ગુરુભક્તિ અદા કરતાં. એ કાર્યક્રમના અંતે સ્વામીશ્રીનો જ્ઞાનબોધ સૌ માટે એક પથદર્શક બની જતો. સૂર્યના યોગે કમળ ખીલે તેમ અનેક ભક્તોની મુમુક્ષુતા પૂર્ણ કળાએ ખીલી ઊઠી.

## સન ૨૦૦૬: સંતવિચરણ દ્વારા કાર્યકરોને પ્રેરણા

સન ૨૦૦૬માં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતમંડળે યુ.એ.ઈ. તેમજ બાહરીન ખાતે વિચરણ કરીને અહીંના કાર્યકરોના સુંદર માળખાની રચના કરી સેવા કરવા માટે પ્રેરણા આપી હતી. તેમના વિચરણ તથા અન્ય સંતમંડળોના ઉત્તરોત્તર વિચરણથી હરિભક્તો-કાર્યકરોમાં

**૧૯૯૭ :**

*બાહરીનના રાજા શેખ અમીર ઈસા બિન સલમાન અલ ખલીફાએ પ્રમુખસ્વામી મહારાજને તા. ૧૪-૪-૧૯૯૭ના રોજ પોતાના મહેલમાં પધરાવીને, તેઓના આશીર્વાદ લઈને એક ઇતિહાસ રચ્યો...*



**૨૦૦૧ :**

*બાહરીનના વડાપ્રધાન શેખ ખલીફાએ તા. ૧૬-૪-૨૦૦૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજને પ્રાઈમ મિનિસ્ટર હાઉસમાં પધરાવીને દેશ માટે તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા...*



**૨૦૦૧ :**

*તા. ૧૭-૪-૨૦૦૧ના રોજ બાહરીન ખાતે શેરેટોનના અલજસરા સભાગૃહમાં સ્વામીશ્રી અને મહંત સ્વામીના સાંનિધ્યમાં યોજાયેલા આધ્યાત્મિક કાર્યક્રમોમાં પ્રસિદ્ધ આરબ મહાનુભાવો...*



સમર્પણ-ભાવના, સત્પુરુષ અને સત્સંગ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, પરસ્પર પ્રીતિ, આત્મીયતાને પરસ્પર એકબીજાનું ટાણું સાચવવાનો સુહૃદભાવ વધુ બળવત્તર બનતો ગયો.



**સન ૨૦૧૩:**

## બાહરીનના વડાપ્રધાન સાથે મુલાકાત

સન ૨૦૧૩માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અખાતી દેશોમાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી અને સંતમંડળે સત્સંગ વિચરણ કર્યું. તે દરમ્યાન દુબઈ ખાતે અલ સતવામાં નૂતન બી.એ.પી.એસ. કેન્દ્રનું પણ ઉદ્‌ઘાટન થયું. ઠેર ઠેર યોજાયેલી સત્સંગસભાઓ, જાહેરસભાઓ, સત્સંગશિબિરો ને મુલાકાતોમાં મુમુક્ષુઓથી લઈને બાહરીનના વડાપ્રધાન સુધીના અનેક મહાનુભાવો માટે સ્મરણીય આધ્યાત્મિક સ્મૃતિ બની રહી હતી.

## સન ૨૦૧૩-૧૪: મંદિર સાકાર થવાનો સહજ અવસર

આ અરસામાં એવું બન્યું કે બિલ્ડિંગના કાનૂન અંગેની એક ગૂંચને ઉકેલવા માટે અબુધાબીના રાજવી પરિવારના મોભી અને મંત્રીશ્રી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાન અને બ્રહ્મવિહારી સ્વામી વચ્ચે મુલાકાત થઈ, જેના કારણે આદરપૂર્ણ મિત્રતાના એક નવા અધ્યાયનો આરંભ થયો, હિન્દુ સમુદાયની વધતી જતી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને લક્ષમાં રાખીને યુ.એ.ઈ.માં એક વિધિવત્ હિન્દુ મંદિર કરવાની ઇચ્છા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા ધરાવતી હતી, પરંતુ એ કેવી રીતે શક્ય બનશે તેનો અંદાજ નહોતો. પરંતુ પરમાત્માએ જાણે જુદી જ ભાગ્યરેખા ઘડી હતી. આથી, ઉપરોક્ત પ્રથમ મુલાકાતના થોડા સમય પછી, શેખ નહ્યાને બ્રહ્મવિહારી સ્વામીને તત્કાલીન ક્રાઉન પ્રિન્સ અને હવે યુ.એ.ઈ.ના પ્રમુખ, મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાનને પત્ર લખીને બી.એ.પી.એસ. હિન્દુ મંદિર માટે વિધિવત્ જમીન ફાળવવા માટે વિનંતીપત્ર લખવાની સલાહ આપી.

જો કે એ સમયે ઘણા ભારતીય અગ્રણીઓ સલાહ આપતા હતા કે મંદિરને બદલે સાંસ્કૃતિક કેન્દ્ર માટે જમીનની વિનંતી કરવી જોઈએ, કારણ કે તેમાં જમીન મંજૂર થવાની સંભાવના વધારે છે. જો કે, પ્રમુખસ્વામી મહારાજે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આપણે તો મંદિર જ બનાવવું છે, માટે પત્રમાં મંદિર બનાવવું છે, તેવી સાચી વાત જ લખવી જોઈએ.

અને પરિણામે, તા. ૧૬-૯-૨૦૧૪ના રોજ યુ.એ.ઈ.માં એક વિધિવત્ હિન્દુ મંદિર બનાવવા માટે જમીનની વિનંતી

**૨૦૦૧ :**

*દુબઈમાં જેમણે અલ જાફિલિયા ખાતેનું પોતાનું નિવાસસ્થાન સંતોને રહેવા માટે સમર્પિત કરી દીધું એ સમર્પણનિષ્ઠ ભક્તરાજ શ્રી પી. ડી. પટેલને આશીર્વાદ આપતા પ્રમુખસ્વામી મહારાજ...*



**૨૦૦૧ :**

*યુ.એ.ઈ.ના ન્યાયમંત્રી અને શારજાહના રાજવી પરિવારના શેખ શ્રી હામદ બિન માજીદ અલ કાસિમીએ પ્રમુખસ્વામી મહારાજને પોતાના નિવાસસ્થાને પધરાવીને રાજપરિવાર વતી સ્વાગત કર્યું...*



**૨૦૦૧ :**

*બાહરીનમાં પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૯ એપ્રિલના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની પ્રવૃત્તિ અંતર્ગત 'સેન્ટર ફોર બેટર લિવિંગ'નું વિધિવત્ ઉદ્‌ઘાટન કરી નૂતન અધ્યાય રચ્યો...*



કરતો પત્ર ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાનને મોકલવામાં આવ્યો.

### સન ૨૦૧૫: મંદિર-ભૂમિદાનને વડાપ્રધાને વધાવ્યું

દરમિયાન, મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી. પરિણામે, તેમની ભલામણથી યુ.એ.ઈ.ની સરકારે હિન્દુ મંદિર માટે અબુધાબીમાં જમીન ફાળવવાનો નિર્ણય લીધો.

અને ૨૦૧૫માં યુ.એ.ઈ.ની સત્તાવાર મુલાકાત દરમિયાન, વડાપ્રધાને અબુધાબીની ઐતિહાસિક અને ભવ્ય મસ્જિદ 'ગ્રાન્ડ મોસ્ક'માંથી ટ્વિટ કર્યું: ''અબુધાબીમાં મંદિર બનાવવા માટે જમીન ફાળવવાના નિર્ણય બદલ હું યુ.એ.ઈ. સરકારનો ખૂબ આભારી છું. આ એક મહાન પગલું છે.'' આ ઉદાર સમાચારને અહીં વસતા હજારો ભારતીયોએ તાળીઓના ગડગડાટ અને ભારે ઉત્સાહ સાથે વધાવી લીધા હતા. પરંતુ આ પ્રદેશમાં મંદિર બનાવવામાં અનેક પડકારો હતા. આ પડકારો ઝીલીને ટૂંક સમયમાં આવું ગગનચુંબી મંદિર કેવી રીતે અને કોણ બનાવી શકે? સૌની નજર બી.એ.પી.એસ. સંસ્થા પર હતી. આથી, ભારત સરકારે દેશ-વિદેશમાં ભવ્ય અને કલામંડિત મંદિરોના નિર્માણમાં વિશાળ અનુભવ અને આગવી હથોટી ધરાવતી બી.એ.પી.એસ. સંસ્થાને, અબુધાબીમાં મંદિર બનાવવા અને સમગ્ર પ્રોજેક્ટનું વહન કરવા માટે પસંદ કરી. અને બી.એ.પી.એસ. સંસ્થાએ આ કઠિન જવાબદારીને વધાવી લીધી.

### સન ૨૦૧૬: રાજવી પરિવારની ઉપસ્થિતિમાં કાર્યક્રમો

તા. ૨૩-૩-૨૦૧૬ના રોજ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય અનુભવો પર આલેખિત 'ટ્રેન્સેન્ડન્સ' પુસ્તકનું વિમોચન દુબઈમાં દબદબાભેર રીતે યોજાયું, જેમાં દુબઈના મંત્રીવર્ય શ્રી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાન, ભારતીય રાજદૂતાવાસના ઉચ્ચ પદાધિકારીઓ, વિખ્યાત ઉદ્યોગપતિઓ, સામાજિક અગ્રણીઓ, પ્રતિષ્ઠિતો ઉપસ્થિત રહ્યા હતા. દુબઈના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ પ્રકારનો અવસર પ્રથમવાર યોજાયો હતો, જેમાં એક ભારતીય આધ્યાત્મિક મહાપુરુષ પર લખાયેલા ગ્રંથનું વિમોચન સ્થાનિક રાજવી પરિવાર અને રાજદૂતાવાસના સંયુક્ત ઉપક્રમે થયું હોય.

ત્યારબાદ જુદાં જુદાં સત્સંગ કેન્દ્રોમાં સંતોના સાંનિધ્યમાં પ્રતિવર્ષે સત્સંગ કાર્યક્રમો અને પ્રેરણાદાયક શિબિરો યોજાતાં રહ્યાં.

### સન ૨૦૧૬-૧૭: મંદિર માટે ભૂમિદાનનો નિર્ણય

તા. ૪-૯-૨૦૧૬ના રોજ અબુધાબીના ક્રાઉન પ્રિન્સના શાહી હુકમ દ્વારા મંદિર માટેની ભૂમિની ફાળવણી વિધિવત્ કરવામાં આવી. મંદિર માટે પ્રારંભમાં સરકાર દ્વારા અલ વાથબામાં ૫ એકર જમીન ફાળવવામાં આવી હતી. બાદમાં, તા. ૨૪-૧૦-૨૦૧૭ના રોજ ક્રાઉન પ્રિન્સ દ્વારા દુબઈથી અબુધાબીના ધોરી માર્ગ પર અબુ મુરેઈખામાં ૧૩.૫ એકરની ભૂમિ આપવાનો નિર્ણય લેવાયો.

### સન ૨૦૧૮: શાહી પેલેસમાં ઐતિહાસિક નિર્ણય

તા. ૧૦ અને ૧૧-૨-૨૦૧૮નો દિવસ યુ.એ.ઈ.ના ઈતિહાસમાં સદાને માટે સુવર્ણાક્ષરે કોતરાઈ ગયો. તા. ૧૦ ફેબ્રુઆરી અબુધાબીના રાજવી પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાને પોતાના ભવ્ય 'પ્રેસિડેન્શિયલ પેલેસ'માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત યોજી હતી. તે સમયે બંને દેશો વચ્ચે વિવિધ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભવ્ય રાજદરબારમાં કેબિનેટના તમામ સદસ્યો, મંત્રીઓ સહિત ૩૦૦ કરતાં વધુ આરબ મહાનુભાવો ઉપસ્થિત હતા, જેમાં બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિ મંડળ વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી તથા અબુધાબી ખાતે નિર્માણ પામનાર બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની કમિટીના સભ્યો શ્રી બી. આર. શેટ્ટી, શ્રી સુધીર શેટ્ટી, શ્રી રોહિતભાઈ પટેલ, શ્રી અશોકભાઈ કોટેચા અને શ્રી યોગેશભાઈ મહેતા શામેલ હતા. સ્ટેન્ડિંગ ઓવેશનના ઉષ્માભર્યા સત્કાર વચ્ચે આ બંને મહાનુભાવોને સંતોએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી અમૃતકળશ તેમજ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની સ્મરણિકા અર્પણ કરી.

આ બધી કાર્યવાહીઓ વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ક્રાઉન પ્રિન્સ સમક્ષ વિકલ્પ રજૂ કર્યો હતો: મંદિરની ડિઝાઈન કેવી હોવી જોઈએ? ભારતમાં સ્વાભાવિક રીતે હોય છે, તે રીતે પરંપરાગત નાગર શૈલીમાં શિખર વગેરે અંગ-ઉપાંગ સાથે હિન્દુ મંદિર બનાવવું? કે





બહારથી એક વિશાળ ભવન જેવો આકાર આપીને અંદર મંદિર બનાવવું?

પરંતુ શેખ મોહમ્મદ બિન અલ ઝાયેદ નહ્યાને બીજા વિકલ્પને બદલે પ્રથમ વિકલ્પને જ પસંદ કર્યો. તેમણે કહ્યું: ''આ એક હિન્દુ મંદિર બનવાનું છે, તો તેનું સ્વરૂપ મંદિર જેવું જ હોવું જોઈએ.''

આમ, તેમણે ઉદારતાપૂર્વક શિખરબદ્ધ ભવ્ય મંદિરને અનુમતિ આપી દીધી.

### સન ૨૦૧૮: વડાપ્રધાને કર્યું મંદિર-કૃતિનું અનાવરણ

તા. ૧૧-૨-૨૦૧૮ના રોજ એ અદ્વિતીય અવસર આવી પહોંચ્યો, જેનો સદીઓથી આ આરબ દેશોમાં વસતા ભારતીયો ઇંતજાર કરી રહ્યા હતા. આજે યુ.એ.ઈ.ના જગવિખ્યાત ઓપેરા હાઉસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિખરબદ્ધ મંદિરના મોડેલનું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું અને રાજધાની અબુધાબી ખાતે સર્વપ્રથમ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ઉદ્‌ઘોષણા કરી, ત્યારે આ ઉદ્‌ઘોષણા અહીં વસતા ૩૩ લાખ ભારતીયોની આંખ ભીની કરી ગઈ.

આ દિને અબુધાબીના રાજવી ક્રાઉન પ્રિન્સ તરફથી અલ રાહબા વિસ્તારમાં મંદિર-નિર્માણ અર્થે દાનમાં આપવામાં આવેલ ૧૩.૫ એકર ભૂમિ પર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વેદોક્ત ભૂમિપૂજન વિધિ યોજાયો. આજના બેવડા અવસરે અરબસ્તાનની મરુભૂમિ પર એક દિવ્ય સ્વપ્નને સાકાર થઈ રહેલું નીરખીને લાખો ભારતીયો ગૌરવાન્વિત બન્યા હતા.

ત્યારબાદ, અબુધાબીમાં પથ્થરમાંથી નિર્મિત પરંપરાગત શૈલીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું આયોજન જોરશોરથી શરૂ થઈ ગયું. સંસ્થાના સંતો, ભક્તો અને સ્વયંસેવકોના પ્રયાસોને અહીંના ભારતીય સમુદાયે પણ સાથ આપ્યો.

**૨૦૧૮ :**

*તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ દુબઈના ઓપેરા હાઉસ ખાતે મંદિરની વિધિવત્ જાહેરાત પ્રસંગે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીના પ્રતિનિધિ સભ્યો વડાપ્રધાનશ્રી મોદીજી સાથે...*




**૨૦૧૯ :**

*અબુધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ બી.એ.પી.એસ. મંદિરને TH 001 લાઇસન્સ નંબર આપીને પ્રથમ ધાર્મિક સ્થળ રચવાની વિધિવત્ પરમિશન આપવામાં આવી તે અવસર...*







## સન ૨૦૧૮: પાર્કિંગ માટે વધુ ભૂમિનું અનુદાન

સન ૨૦૧૮માં વડાપ્રધાનને મંદિરના મોડલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મંદિરના નિર્માણની વિવિધ ગતિવિધિઓ વિવિધ તબક્કામાં ચાલું થઈ ગઈ. એ દરમ્યાન તા. ૬-૧૧-૨૦૧૮ના રોજ બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અક્ષરાતીતદાસ સ્વામીને યુ.એ.ઈ.ના વિદેશ પ્રધાન તેમજ અહીંના રાજાના લઘુબંધુ શ્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નહ્‌યાનને મળવાનું થયું, વાર્તાલાપ દરમ્યાન શ્રી શેખ અબ્દુલ્લાએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે પાર્કિંગ ક્યાં થશે? સંતોએ જણાવ્યું કે મંદિર પરિસરની નીચે ભૂગર્ભમાં જ પાર્કિંગ કરવું પડશે. ત્યારે શેખ અબ્દુલ્લાએ ચિંતા વ્યક્ત કરી અને ખાતરી આપી કે પાર્કિંગ માટે વધારાની જગ્યા દાનમાં આપવામાં આવશે. અને ટૂંક સમયમાં, તા. ૧૪-૧૧-૨૦૧૮ના રોજ વિધિવત્‌ પત્ર દ્વારા ૧૩.૫ એકર ભૂમિ કાર પાર્ક માટે મંદિરને નિઃશુલ્ક ફાળવવામાં આવી. પરિણામે મંદિરની સમગ્ર ભૂમિ ૨૭ એકરમાં ફેલાઈ ગઈ. તા. ૨૦-૧૧-૨૦૧૮ના રોજ ક્રાઉન પ્રિન્સે સમગ્ર મંદિરના માસ્ટર પ્લાનને અનુમતિ આપી દીધી.

## સન ૨૦૧૯: મંદિરનો શિલાન્યાસ મહોત્સવ

હવે મંદિરનો શિલાન્યાસ વિધિ યોજાવાનો હતો, તેની ભરપૂર તૈયારીઓ ચાલુ થઈ ગઈ. તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ અબુધાબીની સરકારે બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને ‘પ્લેસ ઑફ વર્શિપ’ તરીકે વિધિવત્‌ પરમિશન આપી.

તા. ૧૮ એપ્રિલ, ૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૫૦થી વધુ સંતો સાથે યુ.એ.ઈ.માં ૧૧ દિવસીય યાત્રાએ પધાર્યા અને શિલાન્યાસ મહોત્સવનો આરંભ થયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે યુ.એ.ઈ. ખાતેની તેઓની આ સર્વપ્રથમ ધર્મયાત્રાનું

**૨૦૧૮ :**

*દુબઈના વિખ્યાત ઓપેરા હાઉસ ખાતે તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશાળ ભારતીય સમુદાય સમક્ષ બી.એ.પી.એસ. મંદિરનું મૉડેલ વિધિવત્‌ ખુલ્લું મૂક્યું તેની સ્મૃતિ...*



**૨૦૧૯ :**

*અબુધાબી ખાતે યોજાયેલી ‘ગ્લોબલ કોન્ફરન્સ ઑફ હ્યુમન ફ્રેટરનિટી’માં તા. ૩ ફેબ્રુઆરીના રોજ સંસ્થા વતી ઉપસ્થિત રહી બ્રહ્મવિહારી સ્વામીએ મહંત સ્વામી મહારાજનો સંદેશ આપ્યો...*





મુખ્ય પ્રયોજન હતું - અબુધાબી ખાતે રચાઈ રહેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શિલાન્યાસ વિધિ. સ્વામીશ્રીનું સ્વાગત અબુધાબીના રાજવી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાને વિમાનમથકે લાલ જાજમ બિછાવીને 'રાજ અતિથિ' તરીકેનું બહુમાન અર્પીને કર્યું.

તા. ૨૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ દુબઈ-અબુધાબી હાઈ-વે પર અલ રાહબા વિસ્તારમાં ૨૭ એકરની ભૂમિ પર રચાનાર બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શિલાન્યાસવિધિ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો. સ્વામીશ્રી સાથે યુ.એ.ઈ.ની સરકાર અને રાજપરિવાર વતી મંત્રીશ્રી શેખ ડૉ. થાની બિન અહમદ અલ ઝાયેદી, મંત્રીશ્રી ડૉ. અહમદ બિન અબ્દુલ્લા હમિદ બિલાવલ, કોમ્યુનિટી ડેવલપમેન્ટના ચૅરમૅન ડૉ. મુઘીર ખમીસ અલ ખઈલી, ભારતીય રાજદૂત શ્રી નવદીપ સૂરીએ ગર્તમાં ઈષ્ટિકા પધરાવીને પુષ્પાંજલિ અર્પીને, સંવાદિતાના સંગમ સમા આ મંદિરના નિર્માણની શરૂઆત કરાવી. આ અવસરે ઉત્સાહ, પ્રેમ, સંવાદિતા, શ્રદ્ધા વગેરે લાગણીઓનું એક અજોડ અને અનોખું વાતાવરણ અહીં ઉપસ્થિત ૫,૦૦૦ કરતાં વધારે યજમાનોના હૈયે છવાયું હતું. અહીં વસતા ભારતીયો હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યા હતા. સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાની ત્રિવેણીમાંથી ઉદ્ભવી રહેલા એ અદ્ભુત મંદિરના શિલાન્યાસ પ્રસંગે સૌએ મહંત સ્વામી મહારાજની દિવ્યતાનો અનેરો પ્રભાવ પણ અનુભવ્યો હતો.

અબુધાબીના રાજપરિવાર વતી શેખ નહ્યાનના નિમંત્રણથી પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સંતવૃંદ તેઓની શાહી મજલિસમાં પધાર્યા ત્યારે સૌનું તેઓએ ભવ્ય

**૨૦૧૯ :**

*અબુધાબીની વિખ્યાત ગ્રાન્ડ મોસ્ક ખાતે તેમજ પોતાની મજલિસ ખાતે મહંત સ્વામી મહારાજ અને સંતોને પધરાવીને શેખ નહ્યાને રાજવી પરિવાર વતી તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું...*



**૨૦૨૧ :**

*સમયે સમયે સ્થળ પર પધારીને ઈશ્વરચરણદાસ સ્વામીએ મંદિરના નિર્માણમાં સેવારત સંતો તેમજ સ્વયંસેવકોને માર્ગદર્શન આપ્યું અને મંદિરના કાર્યને વેગ આપ્યો...*



સ્વાગત કર્યું. અહીંથી શેખ નહ્યાન સાથે સ્વામીશ્રી વિશ્વપ્રસિદ્ધ ભવ્ય 'શેખ ઝાયેદ ગ્રાન્ડ મોસ્ક'માં પધાર્યા ત્યારે સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાની આ એક અનોખી યાત્રા બની રહી હતી.

આ યાત્રામાં દુબઈમાં શ્રી રોહિતભાઈ પટેલના નવનિર્મિત નિવાસસ્થાન 'માનસરોવર'માં રચાયેલા સુવિધાસજ્જ શમિયાણામાં ભક્તિસભર કાર્યક્રમો યોજાયા હતા.આ કાર્યક્રમોમાં અનેક વિખ્યાત આરબ-ઉમરાવો, ઉદ્યોગપતિઓ, સામાજિક અગ્રણીઓ, કાનૂનવિદો, અગ્રણી રાજદૂતાવાસ પદાધિકારીઓએ પધારીને પોતાની ભાવોર્મિઓ પ્રસ્તુત કરી હતી.

## સન ૨૦૧૯: મંદિર સ્થળે ઉત્સવોની પરમિશન

આ અરસામાં, મંદિર-કાર્યની હળવી શરૂઆત તો થઈ ગઈ, પણ જ્યાં સુધી મંદિર પૂર્ણપણે બંધાઈ ન રહે ત્યાં સુધી યુ.એ.ઈ.ની સરકારે બી.એ.પી.એસ. સંસ્થાને મંદિર પાસેની વિશાળ ભૂમિ પર વિવિધ ઉત્સવો ઊજવવાની મંજૂરી પણ આપી દીધી. તેનો પરવાનો આપતો કાર્યક્રમ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ વિખ્યાત અમીરાત પેલેસમાં 'A Call for Harmony' (સંવાદિતાની હાકલ) શીર્ષક હેઠળ યોજાયો, તેમાં પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ લાઈસન્સ TH001નો સ્વીકાર કર્યો હતો. સરકારના એ ઔદાર્યથી વર્ષ ૨૦૧૯માં અહીં જન્માષ્ટમી, રક્ષાબંધન, દીપાવલિ પર્વ, અન્નકૂટોત્સવ યોજાયા. મંદિર પરિસરમાં રચાયેલા સમિયાણામાં સનાતન હિન્દુ ધર્મનાં પવિત્ર પર્વોની લગાતાર ભક્તિસભર અને પ્રભાવક ઉજવણી થવા લાગી, જેમાં યુ.એ.ઈ.માં કાર્યરત ૫૦થી વધુ ભારતીય એસોસિયેશનો અને વિવિધ સમાજના અગ્રણીઓ સહિત ભાવિક-ભક્તો ભારતીય સંસ્કૃતિનું ગૌરવ અનુભવવા લાગ્યા. આ સૌને હૈયે વિશ્વાસ પ્રગટ્યો કે આ મંદિર વૈશ્વિક સંવાદિતાનું અને આધ્યાત્મિકતાનું સીમાચિહ્ન બનશે.

અન્નકૂટોત્સવમાં યોજાયેલા રક્તદાન યજ્ઞમાં ૨૦૦ ભક્તોએ પરહિત કાજે રક્તદાન પણ કર્યું હતું.

## સન ૨૦૨૦: મંદિરના પાયાનો આરંભ

અહીં વસતા હિન્દુઓ અને આવનારી અનેક પેઢીઓને સનાતન હિન્દુ ધર્મનાં વૈશ્વિક મૂલ્યોની પ્રેરણા મળતી રહે, માત્ર હિન્દુઓ નહીં, પરંતુ કોઈપણ ધર્મના લોકો અહીં આવીને જીવન ઘડતરની ઉત્તમ પ્રેરણા મેળવી શકે તે વિષયક અનેકવિધ સંશોધનોને અંતે મંદિરની ડિઝાઈન નક્કી થઈ. એકતરફ ઉત્સવની હારમાળા સર્જાતી રહી. બીજી તરફ ફેબ્રુઆરી, ૨૦૨૦માં મંદિરના પાયાનું કાર્ય આરંભાયું, જેમાં ખૂબ મોટી માત્રામાં ફ્લાય એશ કોન્ક્રીટ દ્વારા મજબૂત પાયા પૂરણી થઈ.

બીજી તરફ પરંપરાગત શૈલીના આ મંદિરના નિર્માણ માટે રાજસ્થાનમાં હજારો કારીગરો દ્વારા મંદિરના પથ્થર ઘડતરનું કાર્ય ધમધોકાર શરૂ થયું. તો અબુધાબીમાં પણ નિત્ય સેંકડો સ્વયંસેવકો અને કારીગરો સેવા કરીને મંદિરને આકાર આપવા માંડ્યા. માસ્ટરપ્લાન મુજબ મંદિરની સાથે અન્ય સંકુલોના નિર્માણની ગતિવિધિઓ તેજગતિએ આગળ વધતી ગઈ. બ્રહ્મવિહારીદાસ સ્વામી, અક્ષરાતીતદાસ સ્વામી વગેરે સંતો અને સમર્પિત હરિભક્તોએ દિવસરાત એક કરીને સમગ્ર કાર્યનું સંકલન શરૂ કર્યું.

## સન ૨૦૨૦: કોરોના મહામારીમાં નિર્માણકાર્ય

સન ૨૦૨૦માં કોવિડ-૧૯ની આપત્તિએ સમગ્ર વિશ્વને સ્થગિત કરી દીધું. છતાં, યુ.એ.ઈ. સરકારના માર્ગદર્શન, સમર્થન અને મંજૂરીઓ પ્રમાણે, કોરોના અને અન્ય સામાજિક-આર્થિક પડકારો વચ્ચે પણ સમર્પણને કારણે મંદિરનું નિર્માણકાર્ય ગતિમાન રહ્યું. જેમ કે વિવિધ ખાણોમાંથી પથ્થરોને ભારત સુધી પહોંચાડવામાં અને ભારતમાંથી ઘડાયેલા પથ્થરોને અબુધાબી સુધી લાવવા-લઈ જવામાં 'ટ્રાન્સવર્લ્ડ'ના માલિક રમેશ રામક્રિષ્નન્ અને તેમના સ્ટાફના સભ્યો ખડે પગે આ દરમ્યાન સેવારત રહ્યા હતા. પરિણામે કોવિડ-૧૯ના સમય દરમિયાન પણ પથ્થરોનો પ્રવાહ અને અન્ય સામગ્રીઓ અવિરતપણે ચાલુ રહ્યાં, જેથી મંદિરના બાંધકામની ગતિ અટકી નહીં.

આ રીતે રાજવી પરિવાર અને સરકાર, વડાપ્રધાન મોદી અને ભારત સરકારની ઉદારતા, દાતાઓ તેમજ સલાહકારો, કોન્ટ્રાક્ટરો, સ્વયંસેવકો અને શુભેચ્છકોના સામૂહિક પ્રયાસોથી નિર્માણકાર્ય વહેતું રહ્યું.

## સન ૨૦૨૦: કોરોના મહામારીમાં નિઃસ્વાર્થ સેવાઓ

કોરોના મહામારીમાં દિવસોમાં યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિઃસ્વાર્થ સેવાઓનો અવિરત યજ્ઞ ગતિમાન રહ્યો. જેમ કે ભારત સરકાર દ્વારા આયોજિત 'વંદે ભારત મિશન' હેઠળ સ્વદેશ પરત લવાઈ રહેલા ભારતીયોની સેવામાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ

મહત્ત્વનું યોગદાન આપ્યું. સેંકડો ભારતીયોને ટિકિટની વ્યવસ્થાથી લઈને ભારતીય રાજદૂતાવાસ સાથે સંયોજન કરાવીને વતન પરત પહોંચાડવામાં સ્વયંસેવકોએ દિવસ-રાત પુરુષાર્થ કર્યો. ૨૫૦થી વધુ ભારતીયોને બે મહિના માટે આવાસ-ભોજનની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી. એટલું જ નહીં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિપુલ માત્રામાં ઑક્સિજનનું શિપમેન્ટ અને અન્ય મૅડિકલ ઈક્વિપમેન્ટ્સ તેમજ સહાયતા ભારતમાં મોકલવામાં આવી.

કોરોનાના કપરા સંજોગોમાં હરિભક્તો-કાર્યકરો દ્વારા ટૅક્નૉલૉજીના માધ્યમથી ઓનલાઈન સત્સંગસભાઓ યોજાઈ. બાળ-બાલિકા મંડળ, યુવક-યુવતી મંડળો, સંયુક્ત મંડળો અને મહિલા મંડળોની સત્સંગસભાઓમાં કથાવાર્તા, ગોષ્ઠિ, સત્સંગદીક્ષા મુખપાઠ સ્પર્ધા તેમજ અધિવેશનો પણ યોજાતાં રહ્યાં અને તે દ્વારા સત્સંગ અવિરતપણે વેગવંતો રહ્યો.

### સન ૨૦૨૦-૨૨: દુબઈ એક્સ્પોમાં મંદિર-પ્રસ્તુતિ

સન ૨૦૨૦થી ૨૦૨૨ સુધી દુનિયાભરનું અનોખા આકર્ષણનું કેન્દ્ર બનેલા દુબઈ એક્સ્પો-૨૦૨૦માં પણ ભારતીય પેવેલિયનમાં અન્ય આકર્ષણોની સાથે અક્ષરધામ દિલ્હી અને બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અબુધાબીની ઝાંખીની શાનદાર પ્રસ્તુતિ થઈ હતી. આ પેવેલિયનની મુલાકાત લઈને ગૌરવાન્વિત થયેલા અનેક ભારતીય લોકનેતાઓ, પદાધિકારીઓ અને ઉદ્યોગપતિઓ અબુધાબીમાં નિર્માણાધીન આ મંદિરમાં પણ પધાર્યા હતા. જેમાં શ્રી ઓમ બિરલા(અધ્યક્ષ લોકસભા, ભારત), શ્રી એન. વી. રમન્ના (મુખ્ય ન્યાયાધીશ, ભારત), શ્રી એસ. જયશંકર(વિદેશમંત્રી, ભારત), શ્રી પીયૂષ ગોયલ (વાણિજ્ય-ઉદ્યોગ મંત્રી, ભારત), શ્રી હરદીપસિંહ પુરી(પેટ્રોલિયમ મંત્રી, ભારત), શ્રી વી. મુરલીધરન્ (વિદેશમંત્રી, ભારત), શ્રી લક્ષ્મી મિત્તલ (અગ્રણી ઉદ્યોગપતિ), ડૉ. અહમદ રહેમાન અલબન્ના (ભારતમાં યુ.એ.ઈના રાજદૂત), શ્રી અનિલ અગ્રવાલ (અગ્રણી ઉદ્યોગપતિ), શ્રી પવન કપૂર (યુ.એ.ઈ.માં ભારતીય રાજદૂત), શ્રી આયેશા મોહમ્મદ અલ મુલ્લા (સભ્ય, ફેડરલ નેશનલ કાઉન્સિલ યુ.એ.ઈ.), શ્રી સુશીલકુમાર મોદી (સભ્ય, લોકસભા), ભૂપેન્દ્રભાઈ પટેલ (મુખ્યમંત્રી, ગુજરાત), થાઈલેન્ડના રાજદૂત અને બૌદ્ધ સંતો, યુ.એસ.એ.ના 'ઇન્ટર નેશનલ રિલિજિયસ ફ્રીડમ'નું પ્રતિનિધિ મંડળ, યુ.એ.ઈ. અને અમેરિકા ગવર્નમેન્ટના પ્રતિનિધિઓ તેમજ યુ.એ.ઈ.માં કાર્યરત દુનિયાભરના દેશોના રાજદૂતો અને રાજદ્વારીઓએ આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાતે પધારીને મંદિર પરિસરમાં રચાયેલા 'રિવર ઑફ હાર્મની' એક્ઝિબિશનની મુલાકાત લીધી. સાથે સાથે મંદિર-નિર્માણમાં સેવાના પ્રતીકરૂપે શિલાસ્થાપનનો લાભ પણ પ્રાપ્ત કર્યો. અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોને ઈંટ લઈને સેવામાં સહભાગી થતાં નીરખીને ત્યાં સેવારત કારીગરોમાં મંદિર પ્રત્યે વિશેષ અસ્મિતા મહોરી ઊઠતી.

### સન ૨૦૨૨: અબુધાબીના શેખ માટે પ્રાર્થના સભા

તા. ૧૫ મે, ૨૦૨૨ના રોજ અબુધાબીના રાજા શેખ

**૨૦૨૧ :**

*કોવિડના કપરા સમયમાં દર્દીઓ માટે ઑક્સિજનની અછત સર્જાઈ ત્યારે સંસ્થા વતી યુ.એ.ઈ.થી વિપુલ પ્રમાણમાં ઑક્સિજનનો જથ્થો ભારત મોકલવામાં આવ્યો અને અનેકના પ્રાણ બચાવાયા...*



**૨૦૨૧ :**

*દુબઈના જગવિખ્યાત એક્સપો ખાતે ભારત પેવિલિયનમાં અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને અક્ષરધામ(દિલ્હી)ની પ્રતિકૃતિ પ્રસ્તુત કરી ગૌરવ વધારવામાં આવ્યું...*



**૨૦૨૧ :**

*નિર્માણાધીન મંદિરની દર્શન-મુલાકાતે આવેલા ભારત અને વિદેશના અનેક મહાનુભાવો પ્રભાવિત થતા રહ્યા. મંદિરની સ્તંભપંક્તિને નિહાળી રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ...*



ખલીફા બિન ઝાયેદ અલ નહ્યાનનું નિધન થયું. સદ્‌ગતશ્રી માટે મહંત સ્વામી મહારાજે વિશેષ પ્રાર્થના કરી અને મંદિર પરિસરમાં પણ સેંકડો ભારતીયોની ઉપસ્થિતિમાં વિશેષ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું.

### સન ૨૦૨૨-૨૩: બાહરીનમાં ભૂમિનું અનુદાન

સન ૨૦૨૨-૨૩માં આંતરરાષ્ટ્રીય મહિલા દિન, આંતરરાષ્ટ્રીય યોગ દિન, રક્ષાબંધન, જન્માષ્ટમી, દીપાવલી-અન્નકૂટોત્સવની ઉમંગભેર ઉજવણી થઈ. તા. ૧-૨-૨૦૨૨ના રોજ ખાડી દેશોમાં વસતા ભારતીયો માટે વધુ એક ગૌરવપૂર્ણ ઘટના બની. બાહરીનના ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન હીઝ રોયલ હાઈનેસ પ્રિન્સ સલમાન બિન હમાદ અલ ખલીફાએ બાહરીનમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિર બનાવવા માટે જમીન ફાળવી આપી. અહીં વર્ષોથી ગતિમાન સંસ્થાના નાનકડા કેન્દ્રમાં વધુ એક યશકલગી ઉમેરાઈ ગઈ.

### સન ૨૦૨૨: મંદિરનો પ્રથમ સ્તંભ સ્થાપનવિધિ

તા. ૮-૯-૨૦૨૨ના રોજ અબુધાબી ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં પ્રથમ સ્તંભ સ્થાપન સમારોહ યોજાયો હતો. આ ઉપક્રમે યોજાયેલા પ્રાસંગિક સમારોહ વિદેશ પ્રધાન ડૉ. થાની બિન અહમદ અલ ઝાયેદી, ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીર, અબુધાબી ડિપાર્ટમેન્ટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ(ડીસીડી)ના ચૅરમૅન ડૉ. મુઘીર ખામીસ અલ ખઈલી, ઇન્ટિરિયર અને ડીસીડીના મિનિસ્ટર તૈયબ અલ કામાલી તેમજ મુબારક અલ અમેરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રતિનિધિ મંડળના સભ્યો ભક્તિભાવપૂર્વક ઈંટો પ્લીન્થ પર મૂકવાની સેવામાં સહભાગી થયા.

ઉલ્લેખનીય છે કે આ જ રીતે રક્ષાબંધન, મહાપીઠ પૂજન, જન્માષ્ટમી, દિવાળી-અન્નકૂટ વગેરે કાર્યક્રમો પણ ધામધૂમથી સંપન્ન થયા.

### સન ૨૦૨૩-૨૪: સામૂહિક પ્રયાસ દ્વારા મંદિર સર્જન

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સામૂહિક પ્રયાસો દ્વારા મંદિરનું સર્જન થયું. પ્રસિદ્ધ આર્કિટેક્ટ, એન્જિનિયરો, સ્થપતિઓના માર્ગદર્શન મુજબ સ્વયંસેવકો-કારીગરબંધુઓની સેવાથી મંદિરનાં એક પછી એક સોપાનો રચાતાં ગયાં. આ દરેક સોપાનના નિર્માણમાં શીર્ષસ્થ રહ્યા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ. તેઓએ અનેક વખત આશીર્વાદ અને પત્ર દ્વારા સૌનાં સેવાકાર્યમાં અસીમ બળપ્રેરણાનું સિંચન કર્યું. યુ.એ.ઈ.ના સત્સંગવિકાસમાં પાયાના અક્ષરનિવાસી હરિભક્તો શ્રી પી. ડી. પટેલ, શ્રી રોહિતભાઈ પટેલ, શ્રી લખાલૂલા શેઠ, શ્રી ઘનશ્યામભાઈ પાગરાણી, જસબીરસિંઘ સાહની, શ્રી જયૂર મોદી વગેરેનું પણ અમૂલ્ય યોગદાન સમાયેલું છે. દિન-પ્રતિદિન આકાર લઈ રહેલા આ મંદિરના સેવાકાર્યમાં હજારો હરિભક્તો પણ તન, મન અને ધનથી સેવા સહયોગ આપતા રહ્યા.

બંસીપહાડપુરથી ઘડાયેલા પથ્થર દરિયાઈ માર્ગે પથ્થરો

(અનુસંધાન પૃષ્ઠ ૮૦ પર)

**૨૦૨૨ :**

*‘બ્રિક બાય બ્રિક’ કાર્યક્રમ અંતર્ગત કુલ ૬૦,૦૦૦ કરતાં વધારે ભક્તો-ભાવિકો અને મહાનુભાવોએ અહીં ઈંટ સ્થાપવાની સેવા કરી. ઈંટનું સ્થાપન કરતા ભારતીય લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાજી.*



**૨૦૨૨ :**

*મંદિરના પ્રથમ સ્તંભ અને કુંભીનું પૂજન કરીને વેગ આપતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી. મંદિર-નિર્માણનું પ્રત્યેક સોપાન વેદોક્ત વિધિપૂર્વક પૂજાવિધિ કરીને સંપન્ન કરવામાં આવ્યું.*



**૨૦૨૩ :**

*તા. ૧૧ નવેમ્બરના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગોંડલ ખાતે આ મંદિરના શિખર પર સ્થાપિત થનારા કળશનું વેદોક્ત પૂજન કર્યું, જે તા. ૧૯ નવેમ્બરના રોજ મંદિર પર સ્થપાઈ ગયા.*



# અબુધાબીના રણમાં મ્હોરી ઊઠ્યું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર



# રણમાં ખીલ્યું કમળ



અબુધાબીના કોમ્યુનિટી ડેવલપમેન્ટ અધ્યક્ષ ડૉ. મુગીર ખામીસ અલ ખઇલી બોલી ઊઠ્યા:
'ખરેખર! આ મંદિર અમારી અપેક્ષાઓથી અધિક સુંદર છે. આ મંદિર કલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે અને
આ એક એવું પૂજાનું સ્થળ છે જ્યાં સમગ્ર યુ.એ.ઈ.માં રહેતા લોકો આવશે અને પ્રાર્થના કરશે.'
યુ.એ.ઈ.ના દાઉદી બોહરા મુસ્લિમ સમુદાયના અગ્રણી ડૉ. મુસ્તફા સાસાએ કહ્યું:
'આ મંદિર સૌને જોડતું કેન્દ્ર છે. આ માનવતાનું મંદિર છે, જે એક ઇતિહાસ રચવા જઈ રહ્યું છે.'
ભારતીય જનતા પક્ષના ફોરેન અફેર્સના પ્રભારી ડૉ. વિજય ચૌથાઈવાલાને તો લાગ્યું કે
'રણની રેતીમાં આટલું મોટું મંદિર કેવી રીતે ઊભું થઈ શકે તે મારા માનવામાં જ ન આવ્યું! અને તે પણ
અહીંની ચુસ્ત ધાર્મિક વ્યવસ્થામાં! આ મંદિર વૈશ્વિક પ્રેમમાં માનનારા દરેક માટે ગૌરવનો વિષય બનશે.'
તો સુરતના મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ બોલી ઊઠ્યાં:
'આ મંદિર વૈશ્વિક શાંતિ, સંવાદિતા, સહિષ્ણુતાનું વિશિષ્ટ મંદિર છે,
જે વિવિધતામાં એકતા અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાનું નક્કર પ્રતિનિધિત્વ કરે છે.'
ગુજરાતના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી પ્રભાવિત થતાં કહે છે:
'આટલા ટૂંકા ગાળામાં આટલું મોટું મંદિર બનાવવાનું કાર્ય ખરેખર અસાધારણ છે!'
નિકાઈ ઉદ્યોગ ગ્રૂપના અધ્યક્ષ શ્રી પારસ શહદાદપુરી ભાવવિભોર થઈ બોલી ઊઠ્યા:
'આ મંદિરમાં નદીના પ્રવાહની જેમ અંદરથી સંવેદનાઓનો પ્રવાહ વહી રહ્યો છે.
યુ.એ.ઈ.ના નેતૃત્વને અને બી.એ.પી.એસ. સંસ્થાના નેતૃત્વને મારી સલામ છે!'
- આવા એક નહીં, સેંકડો ઉદ્‌ગારો અહીં ટાંકી શકાય તેમ છે. પ્રત્યેક ઉદ્‌ગાર પાછળ
બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી પ્રત્યે અહોભાવની જુદી જ ચરમસીમા અનુભવાય છે.
કેવું છે આ મંદિર? કેવી છે એની દર્શનયાત્રા? કેવી છે એની અનુભૂતિ? એ છબિઓમાં કે શબ્દોમાં ગમે
તેટલું વર્ણવ્યા પછી અધૂરું જ લાગે, એવું અનુપમ છે આ મંદિર.
પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના શબ્દોમાં કહીએ તો: 'આ તો રણમાં ખીલ્યું છે કમળ!'
હવે પછીનાં પૃષ્ઠો આ મંદિરની એ અવર્ણનીય મંદિરની શબ્દયાત્રાનો પ્રયાસ છે. સાથે પ્રસ્તુત કરેલી
છબિઓ તેની અનુભૂતિ માટે યોગ્ય ભૂમિકા ભજવે છે. આવો, માણીએ આ દર્શનયાત્રાને.
**આપણનેય અનુભવ થશે કે આ તો રણમાં ખીલ્યું છે કમળ...**

આ મંદિર રણમાં ખીલી ઊઠેલા કમળની જેમ સાત શિખરો સાથે ગંગા-યમુના-સરસ્વતીના પ્રવાહો વચ્ચે એક વિરલ પ્રયાગતીર્થ બની રહ્યું છે...



એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક સાંસ્કૃતિક સીમાચિહ્ન બનેલા અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની દર્શન-યાત્રા રોમાંચક અનુભવ કરાવે છે. પ્રાચીન સ્થાપત્ય શાસ્ત્રોથી લઈને આધુનિકતમ ટેક્નોલોજીના વિનિયોગથી નિર્મિત આ મંદિરનું સર્જન તેની વિવિધતા અને કલા કૌશલ્યથી વધુ રોચક બન્યું છે. આવો, રણમાં ખીલેલા કમળસમા આ ભવ્ય મંદિરની એક દર્શનયાત્રા માણીએ.

મંદિર યાત્રા શરૂ થાય છે પાર્કિંગથી. અબુધાબીના અલ રાહબા પાસે આવેલા વિસ્તારમાં, અબુધાબી અને દુબઈને જોડતા ધોરીમાર્ગ 'શેખ મક્તુમ બિન રાશીદ માર્ગ' પરથી દેખાતા મંદિરનાં શિખરો દર્શનાર્થીને અલ તાફ માર્ગ પર આકર્ષે છે. અલ તાફ માર્ગના કાંઠે મંદિરનું વિશાળ પાર્કિંગ નજરે ચડે છે. અબુધાબીના રાજા તરફથી દાનમાં મળેલ ૧૩.૫ એકરમાં આ વિશાળ અને યોજનાબદ્ધ સિમેન્ટ-કોંક્રિટથી રચાયેલું પાર્કિંગ ૧૪૦૦ કાર અને ૫૦ બસની ક્ષમતા ધરાવે છે. અહીં ટેક્સી સ્ટેન્ડ અને બે હેલીપેડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

દર્શનાર્થી અહીં વાહન પાર્કિંગ કરીને મંદિરના પ્રાંગણમાં આગળ ધપે છે ત્યાં વિશાળ મંદિર પરિસરની એક સ્કાય લાઈન નજરે ચઢે છે. તેનાથી આકર્ષાયેલો દર્શનાર્થી અહીંથી આગળ વધે છે ત્યાં સ્વાગત કક્ષ તેનું સ્વાગત કરવા માટે સજ્જ છે. અહીંથી પસાર થયેલો યાત્રી મંદિરના એક પછી એક આકર્ષણોને નિહાળતો આગળ ધપે છે તેની ક્રમબદ્ધ માહિતી માણીએ.

**વૉલ ઓફ હાર્મની :**

અબુધાબીનું આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સંવાદિતાનું એક જગવિખ્યાત ઉદાહરણ છે. તેની પ્રતીતિ કરાવે છે - આ વૉલ ઑફ હાર્મની, જે યુ.એ.ઈ.ની સૌથી મોટામાં મોટી થ્રીડી પ્રિન્ટિંગથી બનાવાયેલી દીવાલ છે.

૪૫ મીટર લાંબી અને ૪.૫ મીટર ઊંચી આ વિશિષ્ટ વૉલ ઑફ હાર્મની થ્રીડી પ્રિન્ટિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રચવામાં આવી છે. થ્રીડી પ્રિન્ટિંગ મશીન દ્વારા એક પછી એક સ્તર(લેયર) રચીને બનાવવામાં આવેલી આ વિશિષ્ટ દીવાલ કુલ ૨૨૫ સ્તરની બનેલી છે. ૧૧૨

આ પરિસરમાં પ્રવેશતાં જ 'વૉલ ઑફ હાર્મની' વિશ્વનાં પ્રસિદ્ધ સ્થાનોની સ્મૃતિ સાથે સંવાદિતાનો મંત્ર ગુંજાવે છે તો 'ડ્યૂન ઑફ પ્રેયર' પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરાવે છે.





કલાકના સમયમાં આ વિશાળ અને વિશિષ્ટ દીવાલની રચના કરવામાં આવી છે.

આ વૉલ ઑફ હાર્મનીના વચ્ચેના ભાગમાં વિશાળ નેત્ર રચવામાં આવ્યું છે, જ્યાં વીડિયો સ્ક્રિન દ્વારા સંવાદિતાની પ્રેરણા આપતાં દૃશ્યો દર્શનાર્થીને જકડી રાખે છે.

એટલું જ નહીં, વૉલ ઑફ હાર્મની પૂર્વમાં અંગકોરવાટના મંદિરથી લઈને પશ્ચિમમાં ટોરન્ટોના CN ટાવર સુધી, સ્ટેચ્યૂ ઑફ લિબર્ટીથી લઈને સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી, વિશ્વના પ્રસિદ્ધ ૨૬ સ્થાપત્યોનાં કટ્આઉટ્સથી પણ સંવાદિતાનો સંદેશ આપે છે.

આ વૉલ ઑફ હાર્મનીના વચ્ચેના ભાગમાં હાર્મની શબ્દ વિશ્વની પ્રાચીન અને અર્વાચીન એમ ૩૦ ભાષાઓમાં કંડારવામાં આવ્યો છે. આ સુંદર મંદિર વિશ્વના અનેક પૃષ્ઠભૂમિના, વિવિધ ધર્મોના હજારો લોકોના સહયોગથી રચાયું છે. તેટલા માટે જ આ 'વૉલ ઑફ હાર્મની' વાસ્તવમાં સંવાદિતાને ઉજાગર કરે છે.

પરંતુ સંવાદિતાનું એક સુંદર અને અદ્ભુત ઉદાહરણ એ છે કે એક પણ પૈસો લીધા સિવાય આ વૉલ ઑફ હાર્મનીનું સર્જન એક મુસ્લિમ બિરાદરે ખૂબ ઉદારતાપૂર્વક સેવામાં કરી આપ્યું છે. એક હિન્દુ મંદિરની નિ:સ્વાર્થ સેવા કરતા આ મુસ્લિમ બિરાદરનું ઉદાહરણ સંવાદિતાની કેટલી ઊંચી ઘટના છે!

**પ્રાસાદિક રેતનાં ચરણારવિંદ:**

વૉલ ઑફ હાર્મનીથી પ્રભાવિત થઈ આગળ વધેલો દર્શનાર્થી



આ મંદિરમાં દુર્લભ ફોસિલ ગાર્ડનમાંથી આગળ વધતા દર્શનાર્થીઓને ગૌમુખની જળધારાઓ અને ૯૬ ઘંટનો નાદ એક અનોખી આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે...





સ્વાગત કક્ષની ઉપર રેતના પ્રતીકાત્મક ઢગલા Dune of Prayer પર ચઢવા પ્રેરાય છે. દર્શનાર્થી એ ઢાળ ચઢીને ઉપર પહોંચે છે ત્યાં એક વિશિષ્ટ સ્મૃતિનું દર્શન થાય છે.

તા. ૫-૪-૨૦૨૪ના ઐતિહાસિક દિને શારજાહના રણમાં રેતીના ટીલા પર પ્રમુખસ્વામી મહારાજે અબુધાબીમાં મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો હતો, તેની સ્મૃતિ કરાવતો આ રેતીનો પ્રતીકાત્મક ટીલો એવી રીતે રચાયો છે કે જાણે રેતીના ટીલા પર આ મંદિર ઊભું છે તેવું દૂરથી લાગે. દર્શનાર્થી ઉપર પહોંચે છે ત્યારે ત્યાં શારજાહના રણમાંથી લવાયેલી એ જ પ્રાસાદિક રણરેતીમાંથી નિર્મિત ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદ નજરે ચઢે છે. અહીં પ્રાર્થના સાથે ભાવપુષ્પાંજલિ અર્પણ કરીને યાત્રી એ ક્ષણની પવિત્ર સ્મૃતિઓમાં ગરકાવ થાય છે, જ્યારે આજથી ૨૫ વર્ષ પહેલાં શારજાહની રણરેતીને પ્રમુખસ્વામી મહારાજે પોતાનો ચરણસ્પર્શ કરાવીને અબુધાબીમાં મંદિરનો સંકલ્પ કર્યો હતો.

અહીંથી એક તરફ વિશાળ મંદિરનાં શિખરો, ઘુમ્મટો અને કલામંડિત મંડોવરનું નયનરમ્ય દર્શન માણીને દર્શાનાર્થી રેતીનો આ ટીલો નીચે ઊતરે છે અને આગળ ધપે છે.

**4D ઈમર્સિવ શો:**

આ મંદિર પરિસરમાં પ્રવેશેલો યાત્રી સતત એ જિજ્ઞાસામાં ગરકાવ રહે છે કે કેવી રીતે બન્યું છે આ મંદિર? તેની પાછળનો પુરુષાર્થ અને આશય સંવાદિતાથી કેવા ધબકે છે? વગેરે અનેક જિજ્ઞાસાઓ અહીં અદ્‌ભુત 4D ઈમર્સિવ શૉ દ્વારા સંતોષાય છે. વિશ્વના જુદા જુદા દેશોના એનિમેટર્સ, સાઉન્ડ એન્જિનિયર્સ, ગ્રાફિક ડિઝાઈનર્સની ટીમ દ્વારા આ શૉ તૈયાર કરવામાં આવ્યો છે. ૨૪ પ્રોજેક્ટર્સ દ્વારા આ શોના વિશાળ ખંડની દીવાલોને ૩૬૦ ડિગ્રી કેનવાસ બનાવીને તેની સાથે તળ પર પણ પ્રોજેક્શન કરીને,

**આ** મંદિરના ૧૩.૫ એકર વિસ્તારમાં ફેલાયેલા વિશાળ પરિસરમાં પ્રત્યેક અંગ-ઉપાંગ આગવી શોભા, આગવો મર્મ અને અનોખી વિશેષતા ધરાવે છે...




અદ્‌ભુત અને અદ્વિતીય અનુભૂતિ કરાવવામાં આવે છે.

અહીં યુ.એ.ઈ.ને મળેલી આ અદ્‌ભુત ભેટનો સાક્ષાત્કાર કરીને દર્શનાર્થી મંદિરની સન્મુખ પહોંચે છે, જ્યાં તેને મધ્ય પથની બંને તરફ ગંગા, યમુનાના પ્રવાહોનું દર્શન થાય છે.

મંદિર તરફ જતાં દર્શનાર્થીઓને માર્ગમાં એક વિશિષ્ટ ફોસિલ ગાર્ડનનાં દર્શન થાય છે. બર્ફીલા આર્કટિક પ્રદેશમાંથી અહીં આવેલાં ઓક વૃક્ષનાં આ ૭૦૦૦ વર્ષ જૂના સબ ફોસિલ (જીવાશ્મ) ચેક રિપબ્લિકના એક ભાવિકે મંદિરને ભેટમાં આપ્યાં છે. આરબ રણભૂમિને અનુકૂળ ખજુરી વૃક્ષોના ઉપવન વચ્ચે આ ફોસિલ ગાર્ડન આકર્ષણરૂપ બન્યું છે.

### મંદિરની વિશાળ ભૂમિતલ યોજના:

આ મંદિરની ભૂમિતલ યોજના એક વિશિષ્ટ સંરચના છે. કુલ ૨૭ એકર ભૂમિ પૈકી ૧૩.૫ એકર ભૂમિ પાર્કિંગમાં અને ૧૩.૫ એકર ભૂમિમાં આ સમગ્ર મંદિરનું ભૂમિતલ રચવામાં આવ્યું છે. આ ૧૩.૫ એકરની વિશાળ ભૂમિના કેન્દ્રમાં મંદિર, તેની ચારેય તરફ ગંગા-યમુનાનો પ્રવાહ વહે છે. ઉપરની છબિ તેનો એક પરિચય આપે છે. મંદિરના પૂર્વમુખે ઉત્તર તરફ બે મંજિલા મજલિસ ભવન છે, જ્યાં મહાનુભાવો અને દર્શનાર્થીઓ માટેના મુલાકાત-સ્વાગત કક્ષ છે. તેની સામે દક્ષિણમાં વિશાળ દર્શનાર્થી સમુદાય માટે શૌચાલય વગેરે પ્રાથમિક સુવિધાઓથી લઈ તેમનાં બૂટ-ચપ્પલની વ્યવસ્થાઓ આધુનિકતમ રીતે રચવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મંદિરની આસપાસનાં આ તમામ ભવનો અહીંના રણને અનુરૂપ રેત-રંગી બનાવવામાં આવ્યાં છે.

આગળ પૂર્વ તરફ વિશાળ 'ઓર્ચર્ડ મંડપ' છે, જ્યાં આધુનિકતમ સુવિધાઓ સાથે પ્રેમવતી ભોજનાલય છે. અહીં મંદિરના પથ્થરોની પેલેટોમાંથી બચાવાયેલાં લાકડાંનો સુંદર વિનિયોગ કરીને ખુરશી-ટેબલ વગેરે બનાવાયું છે. પર્યાવરણની રક્ષાના સુંદર સંદેશ સાથે અહીં ભોજનની સુવિધાઓ ઉપરાંત વાતાવરણ પણ આહ્‌લાદક બનાવાયું છે.

મંદિરની પાછળ ઉત્તર તરફ બે મંજિલા સંત આશ્રમ છે, જ્યાં સંસ્થાના સંતો નિવાસ કરે છે અને અહીંથી ગલ્ફ દેશોની સત્સંગ પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે.

**આ** મંદિરનાં ગગનચુંબી સાત શિખરો યુ.એ.ઈ.નાં સાત રાજ્યોનું પ્રતીક છે અને તેના મંડોવરની આગવી શોભા ભારતીય શિલ્પ-સ્થાપત્યની ઓળખ સ્થાપિત કરે છે...



અહીં સંતઆશ્રમના ચોકમાં, શ્રીલંકાની અશોક વાટિકામાંથી લવાયેલ વટવૃક્ષ ત્યાંની સ્થાનિક સરકાર અને અબુધાબી ખાતેના રાજદૂતના સહયોગથી રોપવામાં આવ્યું છે. આ વટવૃક્ષ સીતામાતાની સ્મૃતિ સાથે ભગવાન રામની પણ અહીં સ્મૃતિ કરાવે છે.

મંદિરની પશ્ચિમ તરફ એટલે કે તેની પાછળના દક્ષિણ ભાગે ૩,૦૦૦ની બેઠક ક્ષમતાવાળો વિશાળ સભાગૃહ રચવામાં આવ્યો છે. આધુનિકતમ દૃશ્ય-શ્રાવ્ય તકનીકી સુવિધાઓ સાથે આ સભાગૃહ અનેકવિધ વિશેષતાઓ ધરાવે છે. અહીં યુવાન માતાઓ માટે વિશેષ ખંડ રાખવામાં આવ્યા છે. તો સાથે સાથે બાળ-યુવા-મહિલા પ્રવૃત્તિઓ માટે કાર્યાલયો અને વિશેષ ક્લાસરૂમ પણ યોજનાબદ્ધ રીતે રચવામાં આવ્યાં છે.

મંદિરના આ ઉપરની ગતિવિધિઓના સતત વ્યસ્ત ભૂમિતળ નીચે, વિશાળ ભોંયતળિયું ફેલાયેલું છે. અહીં મંદિરના મેઇન્ટેનન્સથી લઈને રસોડું અને બાળકો-યુવાનોના સંસ્કારો માટે ક્લાસરૂમ સહિત બીજાં અનેકવિધ કાર્યોની આયોજનબદ્ધ વ્યવસ્થાઓ રાખવામાં આવી છે.

### ગંગા-યમુનાના સંગમતીર્થ પર :

આ મંદિરની એક આગવી વિશેષતા છે કે આ રણપ્રદેશમાં ભારતની પરમ પવિત્ર લોકમાતા ગંગા અને યમુનાના પ્રતીકાત્મક પ્રવાહો અહીં વહાવવામાં આવ્યા છે. ગંગા, યમુના, સરસ્વતીના આ સંગમતીર્થ પર મંદિરને નીરખવાની મજા કંઈક ઓર છે.

સામાન્ય રીતે યુ.એ.ઈ. તેના વિશાળ રણ માટે પ્રસિદ્ધ છે, જ્યારે ભારત વિશ્વની અનેક મહાન અને પવિત્ર નદીઓની ભૂમિ છે. મંદિરમાં નદીઓનો સંગમ ભારત અને યુ.એ.ઈ. વચ્ચે એક આધ્યાત્મિક, સાંસ્કૃતિક સેતુ પ્રસ્થાપિત કરે છે. આ ત્રણ નદીઓના 'ત્રિવેણી સંગમ' આગળ 'દિવ્ય ચક્ષુ' પ્રદર્શિત કરવામાં આવ્યું છે, જેમાંથી મંદિરને નીરખવાની કંઈક જુદી અનુભૂતિ મેળવાય છે.



આ મંદિરના આધાર સમી જગતીપીઠમાં સંતો-ભક્તો-ઋષિઓનાં સેંકડો શિલ્પો તેમજ આ મંદિરને ઝીલી રહેલાં સત્ય વગેરે મૂલ્યો સૌને પવિત્ર પ્રેરણાઓ આપે છે...





અહીં બંને તરફ વહેતા પ્રવાહોના કાંઠે આ મંદિરના સંકલ્પમૂર્તિ પ્રમુખસ્વામી મહારાજનાં ૯૬ વર્ષના પરોપકારી જીવનને અંજલિ રૂપે ૯૬ ઘંટ લગાવવામાં આવ્યા છે. તેના ગુંજતા ઘંટનાદની સાથે ઘંટની નીચે ગૌમુખની ધારાઓ વહી રહી છે. ગંગા-યમુના-સરસ્વતીના જળપ્રવાહોથી મંદિરનું આ પરિસર આગવી શોભા ધારણ કરે છે. ગૌમુખમાંથી વહેતા પાણીનો ખળખળ ધ્વનિ અને ઘંટનાદ ભારતીય તીર્થની આગવી અનુભૂતિ કરાવે છે. આ બંને પ્રવાહોની વચ્ચે ચાલતો યાત્રી બૂટ-ચપ્પલ ઉતારીને પગથિયાં પર ચઢાણ કરે છે, ત્યારે મંદિરની એક તરફ ખુલ્લા આકાશ તળે, ગંગા કાંઠે વારાણસીની ઝાંખી કરાવે તેવો ઘાટ બનાવવામાં આવ્યો છે, જ્યાં બેસીને દર્શનાર્થીઓ સંધ્યા સમયે ઝળહળતા મંદિરને નિહાળે છે અને ગંગા આરતીનો લાભ માણે છે.

**અભૂતપૂર્વ મંદિરની આગવી વિશેષતાઓ:**

યુ.એ.ઈ.નાં સાત રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતું સાત શિખરીય આ મંદિર સનાતન સંસ્કૃતિની સાથે સાથે વિભિન્ન સંસ્કૃતિઓનો સંદેશો આપી રહ્યું છે. આરબ ભૂમિ પર આવું બેનમૂન મંદિર સંતો અને સેંકડો સ્વયંસેવકોની લાખો માનવકલાકોની સમર્પણભક્તિથી નીખરી ઊઠ્યું છે. પરંપરાગત નાગર શૈલીમાં બનેલું આ મંદિર ખજૂરાહોના સ્થાપત્યની શૈલીને અનુસરે છે. સમદલીય શિખરો અને મંડોવરની આગવી શોભા છેક નીચેથી શિખર સુધી અનોખો પ્રભાવ પાથરે છે. કુલ ૭ શિખરો અને ઘુમ્મટ-ઘુમ્મટી અને સામરણો સાથેનું આ મંદિર રાત્રે વીજદીવાઓથી એવું ઝળહળે છે કે જાણે દિવ્ય લોકનો નજારો અહીં પૃથ્વી પર ખડો થયો હોય! આવો, રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી



ભવ્ય મંડોવર અને શિખર

અદ્‌ભુત શિલ્પોથી શોભતાં શિખર અને મંડોવર, મંડોવરની કર્ણપીઠમાં શોભતી બોધકથાઓ-ધર્મકથાઓ, ઘુમ્મટ અને કલાત્મક છતો આગવો પ્રભાવ પાથરે છે...

---

મહોરી ઊઠેલા, સંસ્કાર અને સંસ્કૃતિની સૌરભ ફેલાવી રહેલા આ મંદિરની વિશેષતાઓને માણીએ:

- **કુલ વિસ્તાર :** ૨૭ એકર
- **પરિમાણ :** ઊંચાઈ ૧૦૮ ફૂટ, પહોળાઈ ૧૮૦ ફૂટ, લંબાઈ ૨૬૨ ફૂટ
- **પથ્થર :** આ મંદિરમાં ૧ કિલોથી લઈને ૬ ટનના વજનદાર પથ્થર પ્રસ્થાપિત થયા છે. નાના-મોટા ૨૫,૦૦૦ પથ્થરોનું ઘડતર થયું છે. મંદિરનો બાહરીભાગ રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી રચવામાં આવ્યો છે. જ્યારે અંદરનો ભાગ પ્રસિદ્ધ ઈટાલિયન આરસ ‘એક્વા બિયન્કા’માંથી રચવામાં આવ્યો છે. આ પથ્થરની માખણસમી મુલાયમતા ને તેમાં કંડારાયેલી શિલ્પકલા સૌને મોહિત કરી દે છે.

### ■ જગતીપીઠ અને મંડોવર :

મંદિરનો બાહરી ભાગ એલિવેશનની દૃષ્ટિએ નીચેથી ઉપરની તરફ મુખ્ય ત્રણ ઊભા ભાગમાં વહેંચાયેલો છે. સૌથી નીચે જગતીપીઠ, તેની ઉપર ગર્ભગૃહની બહારનું મંડોવર, સૌથી ઉપર શિખર. તેની વિગતો સમજીએ:

**૧. જગતીપીઠ:** મંદિરનો સૌથી નીચેનો ભાગ જગતી તરીકે ઓળખાય છે. મંદિરના નીચેના માળમાં આવેલ અભિષેક મંડપમ્‌ની બાહરી દીવાલ એટલે આ જગતીપીઠ. (છબી પૃષ્ઠ ૨૭ ઉપર) જગતીપીઠમાં સનાતન ધર્મની વૈદિક પરંપરાથી લઈને મધ્ય યુગ સુધીનાં ઋષિઓ, સંતો, ભક્તકવિઓ અને મહાપુરુષોની મૂર્તિઓનું દર્શન થાય છે. મંદિર નિર્માણની સંરચના અને પૂર્ણ માહિતી આપતો શિલાલેખ પણ અહીં અંકિત કરાયો છે.

ઉલ્લેખનીય છે કે મહાભારતમાં આપેલ સનાતન ધર્મની વ્યાખ્યા મુજબ, અહીં આ જગતીપીઠમાં મંદિરના આગળના

કર્ણપીઠમાં બોધકથાઓ




પ્રવેશચોકીની કલાત્મક છત


કલામંડિત છત-વિતાન


કલાત્મક શાંતિ ઘુમ્મટ



**પંચ તત્ત્વો દ્વારા સંવાદિતાની પ્રસ્તુતિ કરતો કલાત્મક ઘુમ્મટ...**

ભાગમાં સનાતન ધર્મની પ્રેરણા આપતાં મૂલ્યો મૂર્તિમંત કરાયાં છે. સંપ, સત્ય, શ્રદ્ધા, કરુણા, જ્ઞાન, શાંતિ, સેવા અને પવિત્રતા વગેરે આઠ મૂલ્યો મૂર્તિમંત બનીને વિવિધ પ્રતિકાત્મક પાર્શ્વભૂ સાથે જાણે મંદિરને ઊંચકી રહ્યાં છે - એવું સુંદર દૃશ્ય સૌને જીવનમાં આ મૂલ્યો ધારણ કરવાની પ્રેરણા આપે છે.

**૨. મંડોવર :** મંડોવર એટલે કે મંદિરના ગર્ભગૃહની પાછળની સુશોભિત દીવાલ. મંદિરની આ દીવાલનો સૌથી નીચેનો ભાગ કર્ણપીઠ તરીકે ઓળખાય છે. આ કર્ણપીઠમાં જુદા જુદા થર રચવામાં આવે છે, જેમ કે નરથર, અશ્વથર વગેરે. અહીં આગવી વિશેષતા એ છે કે અશ્વથરમાં અશ્વ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની કે સનાતન સંસ્કૃતિની પ્રતિકૃતિ સમી ગૌમાતા, તેમજ અરબી સંસ્કૃતિની પ્રતિકૃતિ સમા ઊંટને કંડારવામાં આવ્યાં છે.

● એટલું જ નહીં, પરંતુ નરથરમાં જુદાં જુદાં ગર્ભગૃહોમાં સ્થાપિત થનાર ભગવત્ સ્વરૂપોને લક્ષમાં રાખીને વિવિધતાપૂર્વક જે તે ભગવત્ સ્વરૂપોની શાસ્ત્રોક્ત ગૌરવગાથાઓ, દિવ્ય લીલાઓ કંડારવામાં આવી છે. જેમાં, શિવપુરાણ, રામાયણ, મહાભારત, ભાગવત, બાર જ્યોતિર્લિંગ, ભગવાન જગન્નાથજીની રથયાત્રા, અયપ્પા સ્વામી વગેરેના કથા-પ્રસંગોનું આલેખન શિલ્પોના માધ્યમથી કરાયું છે. સાથે સાથે ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય જીવન અને કાર્યોનું પણ અહીં દર્શન કરાવાયું છે.

● આ ઉપરાંત, કેટલાંક વિશિષ્ટ ઐતિહાસિક દૃશ્યો પણ અહીં શિલ્પાંકિત કરવામાં આવ્યાં છે. જેમ કે ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે અરબસ્તાનની મરુભૂમિ પર શિખરબદ્ધ મંદિરનો સંકલ્પ કર્યો હતો તે પ્રસંગને સુંદર રીતે કંડારવામાં આવ્યો છે. તો જમણી બાજુએ ૨૦૧૯માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ શિલાન્યાસ પ્રસંગે પધાર્યા હતા, તે સમયની સ્મૃતિને કંડારવામાં આવી છે.

● આ નરથરની એક આગવી વિશેષતા એટલે જુદી જુદી સંસ્કૃતિઓની ૧૫ પ્રેરક બોધકથાઓ. ભારતીય સંસ્કૃતિથી લઈને મય, એઝટેક, ઈજિપ્શિયન, અરબી, યુરોપિયન, ચીની, આફ્રિકન વગેરે થઈને કુલ ૧૫ સંસ્કૃતિઓની બોધકથાઓ અહીં શિલ્પમાં આગવો નિખાર પામી છે. આ બોધકથાઓ દર્શનાર્થીઓનાં મન પર આગવો પ્રભાવ પાથરે છે.

આ મંદિરના સંકલ્પકર્તા પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં ઉચ્ચારતા : 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.' તેઓની આ જીવનભાવના આ મંદિરમાં ઠેર ઠેર પડઘાઈ રહી છે.

● હિન્દુ શિલ્પ-શાસ્ત્ર પરંપરા પ્રમાણે રચાયેલા આ મંડોવરમાં કર્ણપીઠ ઉપર કુંભો, અંતરાલ, કળશો વગેરે ભાગોની રચના બાદ જંઘાનાં મૂર્તિ-થર શરૂ થાય છે. મધ્ય શિખરમાં સૌથી વધારે મૂર્તિ-થર છે, જ્યારે મધ્ય શિખરથી ડાબી અને જમણી તરફનાં શિખરોનાં મંડોવરોમાં એ થરોની સંખ્યા ઊતરતા ક્રમમાં ખૂબ સુંદર દેખાય છે. સામાન્ય રીતે આ જંઘાનાં થર બે અથવા ત્રણ હોય છે, પરંતુ મધ્ય શિખરના બાહરી મંડોવરમાં તો છ થરથી ભરચક મંડોવર

અદ્‌ભુત શોભી રહ્યું છે.

આ પ્રત્યેક મૂર્તિ-થરમાં, જે તે ગર્ભગૃહની અંદર બિરાજેલા ભગવત્ સ્વરૂપની સાથે સંકળાયેલા ભક્તોની મૂર્તિઓ શોભે છે, જેમ કે ભગવાન શ્રીરામના ગર્ભગૃહની બહાર મંડોવરના આ મૂર્તિ-થરમાં રામાયણનાં પાત્રો સુંદર શોભે છે; ભગવાન શ્રીકૃષ્ણના ખંડની બહાર મંડોવરના આ મૂર્તિ-થરમાં શ્રીમદ્ ભાગવત અને મહાભારતના ભગવાન શ્રીકૃષ્ણના ભક્તો બિરાજમાન છે; તો ભગવાન શિવના ગર્ભગૃહની બહાર મંડોવરના આ મૂર્તિ-થરમાં ભગવાન શિવનાં વિવિધ સ્વરૂપો અને તેમનાં ભક્ત પાત્રો શોભે છે. આ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના ખંડની બહાર સ્વામિનારાયણીય સંતો-ભક્તોની મૂર્તિઓ બિરાજમાન છે.

આમ, આ મંડોવર અને જગતી પીઠ મળીને સનાતન ધર્મનાં અવતાર સ્વરૂપો, ઋષિઓ, સંતો, ભક્તો સહિત કુલ ૯,૦૦૦થી વધુ મૂર્તિઓ આરબ ભૂમિ પર સનાતન ધર્મની આગવી જયગાથાઓ ગાઈ રહી છે. દરેક શિલ્પ, અદ્વિતીય છે અને તેની કોતરણી છ-આઠ ઇંચ ઊંડી છે!



■ **ઘુમ્મટ મંડપો ને કલાત્મક સ્તંભો:**

મંદિરની આ બાહરી શોભાને નીરખીને દર્શનાર્થી મંદિરના અંદરના ભાગમાં પ્રવેશે છે, ત્યારે શ્વેત આરસમાં શોભતી શિલ્પોની શોભાથી અભિભૂત થઈ જાય છે. અહીં ઉપર નીચે બન્ને માળના કુલ કલાત્મક ૪૦૨ સ્તંભો, બે ઊંચા સુંદર મૂર્તિકલા અને પ્રતીકાત્મક સંદેશ આપતાં ઘુમ્મટો અને કમાનોની સંરચના સૌને પ્રભાવિત કરે છે.

● મંદિરમાં વિવિધ પ્રકારના સ્તંભ જોઈ શકાય છે, જેમ કે વર્તુળાકાર, સમચોરસ, ષટ્‌કોણાકાર. આ સ્તંભોમાં ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રોથી લઈને પૌરાણિક અને મધ્યકાલીન સનાતન સંસ્કૃતિનાં ઋષિઓ, સંતો, ભક્તો, દેવ-દેવીઓનાં શિલ્પો શોભે છે.

● મંદિરમાં વિવિધ પ્રકારના સ્તંભમાં એક વિશિષ્ટ સ્તંભ છે, જેને 'Pillar of pillars' કહે છે, તેમાં ૧૪૦૦ જેટલા નાના-નાના સ્તંભ કોતરવામાં આવેલા છે. આ સ્તંભને તૈયાર કરવામાં ૧૨ કારીગરોને એક વર્ષ લાગ્યું હતું.

● મંદિરમાં પ્રવેશતાં જ અહીં 'ડોમ ઑફ હાર્મની' સૌને આવકારે છે. 'ડોમ ઑફ હાર્મની' એટલે એક એવો ઘુમ્મટ-મંડપ જ્યાં પાંચ મહાભૂતનાં તત્ત્વો – પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશની વિવિધ પ્રતીકોથી સુંદર પ્રસ્તુતિ કંડારવામાં આવી છે, તેના દ્વારા અહીં માનવ સહ-અસ્તિત્વ અને સંવાદિતા દર્શાવવામાં આવી છે. બીજો ઘુમ્મટ-મંડપ વિવિધ પ્રતીકો દ્વારા શાંતિની પ્રેરણા આપે છે, આથી આ 'ડોમ ઑફ પીસ' અર્થાત્ શાંતિ ઘુમ્મટ દર્શકોનાં હૃદયમાં શાંતિનો ચિરાગ પ્રગટાવે છે.

● આ મંદિરની ૧૭ કલાત્મક છતો અને ૧૩૦ કલાભરપૂર તોરણ પણ આગવો પ્રભાવ પાથરે છે, દા.ત. સૂર્યમુખીનાં ફૂલની હૂબહૂ પ્રતિકૃતિ હોય કે દિવ્ય કલ્પવૃક્ષની છત હોય, દરેક છત હિન્દુ કળા-કૌશલ્યની અનોખી અનુભૂતિ કરાવે છે.

● આવી એક પછી એક અદ્‌ભુત સૌંદર્ય સૃષ્ટિને માણતો દર્શનાર્થી ગર્ભગૃહ સમક્ષ પહોંચે છે ત્યારે તેનું ચિત્ત શાંત અને દિવ્ય ભક્તિભાવથી છલકાઈ ઊઠે છે.

■ **સાત ગર્ભગૃહો - સનાતન ઉપાસનાનું સર્વાંગ પ્રતિનિધિત્વ:**

સાત ગર્ભગૃહોથી અલંકૃત આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સનાતન ધર્મની સમસ્ત ઉપાસના પદ્ધતિનું પ્રતિનિધિત્વ કરે છે. અહીં દર્શનાર્થી પ્રવેશ કરે છે ત્યાં જ ઉત્તર તરફ ભગવાન શ્રીરામ, શ્રી સીતાજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી હનુમાનજી સાથે

આ મંદિરમાં શ્વેત સંગેમરમરમાંથી રચાયેલી સૃષ્ટિ માણીને દર્શનાર્થી સાતેય ગર્ભગૃહોમાં શ્રદ્ધાપૂર્વક દર્શન કરે છે ત્યારે સુખનો સહજ અનુભવ હૈયે છલકાય છે...





દર્શન આપે છે. તો સામેના દક્ષિણ તરફના ગર્ભગૃહમાં ભગવાન શ્રી શિવ, શ્રી પાર્વતીજી, શ્રી ગણેશજી, શ્રી કાર્તિકેયજી દર્શન આપે છે. આગળનાં પંચ ગર્ભગૃહોમાં ભગવાન શ્રીકૃષ્ણ શ્રી રાધાજી સાથે બિરાજ્યા છે, ભગવાન શ્રી જગન્નાથજી શ્રી બલભદ્ર અને શ્રી સુભદ્રાજી સાથે દર્શન આપે છે, ભગવાન શ્રી તિરુપતિ બાલાજી શ્રી પદ્માવતીજી સાથે શોભે છે, ભગવાન શ્રી અયપ્પાજી શબરીમાલાના શિખરે બિરાજ્યા છે અને મધ્ય ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના અનન્ય ભક્ત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજ રૂપે દર્શન આપે છે.

જુદાં જુદાં ગર્ભગૃહોમાં બિરાજમાન આ મૂર્તિઓની વિશેષતા એ છે કે મૂર્તિઓનું સર્જન જે તે પ્રદેશના સ્થાનિક લોકોએ સ્થાનિક પ્રણાલિકાઓ અને શ્રદ્ધાભર્યા રીતરિવાજો મુજબ કરેલ છે. જેમ કે ભગવાન તિરુપતિજીની મૂર્તિ દક્ષિણ ભારતીય સમુદાયની ભેટ છે, તો ભગવાન અયપ્પાજીની મૂર્તિ કેરળના ભક્તોની સેવા છે, ભગવાન જગન્નાથજીની

આ મંદિરના ભોંયતળિયે કલાત્મક ચિત્રકલા અને વિવિધતાઓથી સંવાદિતાનો સંદેશ આપતા અભિષેક મંડપમ્‌માં અભિષેક-પ્રાર્થનાઓ કરીને સૌ શાંતિ અનુભવે છે...



મૂર્તિ ઓરિસ્સામાં જગન્નાથ ભગવાનની પરંપરા મુજબ કાષ્ઠમાંથી બનાવવામાં આવી છે, જે ત્યાંની પરંપરા મુજબ આ મૂર્તિને ઘડનાર અંધકારમાં જ ઘડે અને ત્યારબાદ તેને અંતિમ ઓપ આપવામાં આવે. આમ, પ્રત્યેક મૂર્તિનું સ્થાનિક પરંપરાનું યોગ્ય રીતે જતન કરવામાં આવ્યું છે.

શ્રદ્ધા અને ભક્તિપૂર્વક આ તમામ દિવ્ય સ્વરૂપોનાં દર્શન કરીને દર્શનાર્થી શાંતિ અને સુખનો દિવ્ય અનુભવ કરે છે.

**■ કલામંડિત અભિષેક મંડપમ્‌:**

મંદિરના મુખ્ય માળની અદ્‌ભુત સૃષ્ટિને માણીને દર્શનાર્થી મંદિરની પરિક્રમામાં કર્ણપીઠ અને મંડોવરની શોભાને નીરખતો નીચે અભિષેક મંડપમ્‌માં પ્રવેશે છે.

ભારતીય સંસ્કૃતિના સંવાદિતાના સંદેશની ઝાંખી કરાવતા અભિષેક મંડપમ્‌માં પ્રથમ મંડપમાં આરબ અમીરાતનાં સાત રાજ્યોની રેત પ્રસ્થાપિત કરવામાં આવી છે. સાથે સાથે ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુણાતીત ગુરુઓનાં જન્મસ્થાનની રમણ રેતી પણ પ્રસ્થાપિત કરાઈ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૬૩ ૫૨)





# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ







અબુધાબીના ઍરપોર્ટ પર પારંપરિક શૈલીમાં નૃત્યથી વધાવીને સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત કરતા સ્થાનિક આરબબંધુઓ અને રાજપરિવાર તથા યુ.એ.ઈ. સરકાર વતી સ્વામીશ્રીને સત્કારતા શ્રી શેખ અલ નહ્યાન…

તા. ૫-૨-૨૦૨૪નો ઐતિહાસિક દિવસ.

યુ.એ.ઈ.ના ઇતિહાસમાં લખાયેલો એક વિરલ સ્વર્ણિમ દિવસ. જ્યારે આરબ ભૂમિના પટ પર, પારંપરિક હિન્દુ શૈલીમાં સૌ પ્રથમ વખત પથ્થરમાંથી રચાયેલા ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના સર્જક મહંત સ્વામી મહારાજનું આ અપૂર્વ મંદિરના ઉદ્‌ઘાટન મહોત્સવ માટે ગૌરવવંતું આગમન થયું.

આ મંદિર સનાતન ધર્મનું ગર્વથી મસ્તક ઉન્નત કરતું માત્ર એક મહાન સ્મારક નથી, પરંતુ બે સંસ્કૃતિઓ વચ્ચેનો મહાન સેતુ છે. આ સેતુના સર્જક મહંત સ્વામી મહારાજ સ્વયં એવી આધ્યાત્મિક વિભૂતિ છે, જેમને શાસ્ત્રોમાં 'સ સેતુઃ ઇજાનાનામ્।' કહીને બિરદાવાઈ છે.

સ્વામીશ્રીના આ આગમનની છેલ્લા કેટલાય સમયથી પ્રતીક્ષા થઈ રહી હતી, એ ક્ષણ આવી પહોંચી. મંદિરના પ્રેરણાદાતા અને સર્જક ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૫-૨-૨૦૨૪ના રોજ ભારતથી અબુધાબી પધાર્યા. અબુધાબીના ઍરપોર્ટ પર સ્વામીશ્રીને આવકારવા માટે યુ.એ.ઈ.ના રાજકર્તાઓ અને અબુધાબીના રાજપરિવારો વતી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાન (ટોલરન્સ મિનિસ્ટર, યુ.એ.ઈ.), શ્રી યુસુફ અલી (ચૅરમૅન અને એમ.ડી., લુલુ ગ્રૂપ, ઇન્ટરનેશનલ) તેમજ અન્ય અધિકારીઓ આવ્યા હતા. ઍરપોર્ટ પર સ્વામીશ્રીનું પારંપરિક આરબ શૈલીમાં સ્વાગત કરવા માટે રાજ્ય વતી ઘણા આરબ ભાઈઓએ ખાસ પ્રકારની છડીઓ તથા બંદૂકો સાથે 'અલ-ઐયાલા' સ્વાગત-નૃત્ય કરીને સ્વામીશ્રીને સત્કાર્યા હતા.

ઍરપોર્ટ પર ઉતરાણ કરીને બહાર પધારેલા સ્વામીશ્રીને કાર્પેટ પર આવકારતાં શેખ નહ્યાને કહ્યું, 'આપને આવકારવા એ સદ્‌ભાગ્યની વાત છે. અને સમગ્ર દેશ આપના પધારવાથી ખુશ છે.' શ્રી યુસુફ અલીએ પણ





અબુધાબીમાં મંદિર પરિસરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને લઈને પધારેલા મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોનું શાનદાર સ્વાગત કરતું ભક્તવૃંદ...

---

અંતરના ઉમળકાથી સ્વામીશ્રીને આવકાર્યા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અહીંના સત્સંગ મંડળના અગ્રણી હરિભક્તોએ પણ ગુરુહરિનું ભાવભર્યું અભિવાદન કર્યું.

ઍરપોર્ટની અંદર સ્ક્રીન પર પણ સ્વામીશ્રીનું સ્વાગત કરતા શબ્દો લખેલા હતા અને અહીંના બી.એ.પી.એસ. મંદિરનાં વિવિધ દૃશ્યો દર્શાવાતાં હતાં. ગુરુકીર્તનદાસ સ્વામીએ પિયાનો પર સ્વાગતની સરગમો રેલાવી ગુરુદેવને સત્કાર્યા. સ્ટાફ મેમ્બરોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું ચંદન અને અક્ષતથી પૂજન કરી આરતી ઉતારી!

અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રી લાઉન્જમાં પધાર્યા ત્યારે શેખ નહ્યાને આનંદથી કહ્યું, 'આપ અહીં પધાર્યા, આપનું સ્વાગત છે. આ અમારા માટે આનંદ અને સદ્‌ભાગ્યની વાત છે. આખરે આપના આશીર્વાદથી મંદિર તૈયાર થઈ ગયું છે!' સ્વામીશ્રી પ્રસન્ન થતાં કહે: ''You are all great great!'' આ સાંભળતાં જ શેખ નહ્યાને સાભાર કહ્યું, 'Thank you! You are the Great!' યુસુફ અલીજી ભક્તિ ભરેલા સ્વરે કહે, 'આપને જોઈને ભગવાનની યાદ આવે છે.'

સ્વામીશ્રી ઍરપોર્ટ પરથી મંદિરે જવા વિદાય લઈ રહ્યા હતા ત્યારે પણ આરબ ભાઈઓએ તેમની પ્રણાલિગત

શૈલીમાં છડીઓ અને બંદૂક સાથે, ઢોલ વગેરે વાદ્યો વગાડતાં નૃત્ય કરી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. બાળમંડળના બાળકો આરતી, ફળફળાદિ, હાર, ખજૂર વગેરે લઈને ઊભા હતા. તેમનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ મંદિર પ્રતિ પ્રયાણ કર્યું.

સાંજના બરાબર ૫:૧૫ વાગ્યે સ્વામીશ્રીએ મંદિર પરિસરમાં પ્રવેશ કર્યો તે સાથે જ સ્વાગત-કીર્તનો ગુંજવા લાગ્યાં. ગુરુહરિનાં સ્વાગત-દર્શન માટે ઊમટેલા હરિભક્તો અપાર આનંદથી જયઘોષ ગુંજાવી ધજાઓ ફરકાવી રહ્યા હતા. મંદિરની પાર્શ્વભૂમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓના સ્વાગત માટે બિછાવેલી લાલ જાજમની બંને તરફ મોટા અક્ષરે પુષ્પોથી WEL COME લખાણ શોભતું હતું. બાળકોએ પુષ્પપાંદડીઓ વરસાવી સ્વામીશ્રીને સત્કાર્યા. સંતો-ભક્તોને દર્શન આપતાં સ્વામીશ્રી 'નારાયણ સભામંડપ'ના પ્રવેશદ્વાર પાસે પધાર્યા. અહીં એક નાનો ઉપમંચ રચવામાં આવ્યો હતો. ભક્ત સમુદાયે સમૂહમાં *'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ...'* ગાઈ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિને આવકાર્યા.



પુનઃ ભક્તોને દર્શન આપતાં સ્વામીશ્રી મંદિરના પાછળના ભાગમાં આવેલા ખુલ્લા ચોકમાં પધાર્યા. અહીં હકડેઠઠ સંતો-ભક્તો સભાના રૂપમાં ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે અહીં ઘણા સંતો-ભક્તોએ વિવિધ તપ-વ્રત કર્યાં હતાં. સ્વામીશ્રીએ તે તપસ્વીઓ પર દૃષ્ટિ કરી. સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીને હાર અને ચાદર ઓઢાડી સૌ ભક્તો વતી સ્વાગત કર્યું. ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રી સાથે આ પ્રસંગને શોભાવવા માટે ૧૨૫થી વધુ સંતો ભારતથી અહીં પધાર્યા હતા.

અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ સાથે મંત્રોચ્ચારપૂર્વક નાડાછડી છોડીને સ્વામીશ્રીએ આ ભવ્ય મંદિરની પાર્શ્વભૂમાં નવનિર્મિત 'સંત આશ્રમ'નું મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું.

## ■ મહોત્સવના પૂર્વ કાર્યક્રમોનો મંગલ આરંભ

યુ.એ.ઈ. એટલે સાત આરબ રજવાડાંઓ(અમીરાતો)નો સંયુક્ત સંઘ. યુ.એ.ઈ.ની રાજધાની એટલે અબુધાબી. અહીં ભવ્ય મંદિર રચીને તેનું પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક લોકાર્પણ કરવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આગમન થયું તે સાથે જ અહીં વેરાન રણમાં અધ્યાત્મની વસંત સોળે કળાએ મહોરી ઊઠી. સેવા-સમર્પણભાવથી અહીંના રાજા અને યુ.એ.ઈ.ના પ્રેસિડેન્ટ શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન દ્વારા દાનમાં અપાયેલી ૨૭ એકર ભૂમિ પર સંસ્કૃતિની શાન સમું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ગગનમાં પતાકા ફરકાવી રહ્યું છે. આ મંદિરના વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા.

તા. ૬-૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ, મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની નીચે પધરાવવામાં આવનાર યંત્રોનું પૂજન કર્યું હતું.

તા. ૭-૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ, પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે યોજાનાર યજ્ઞની પૂજા-સામગ્રીને પ્રસાદીભૂત કરી હતી.

તા. ૮-૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ, અહીં રચાયેલા નૂતન 'પ્રમુખ સભાગૃહ'નું વેદોક્ત વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું હતું. આ જ સભાગૃહમાં સ્વામીશ્રીનાં જાહેર પૂજા-દર્શન અને સાયંસભાઓ યોજાયાં હતાં.

## ■ ભક્તિદિનની ઉજવણી

અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પાયામાં બી.એ.પી.એસ. સંસ્થાના યુ.એ.ઈ.ના તેમજ દેશ-વિદેશના ભક્તોની શ્રદ્ધા, ભક્તિની અદ્‌ભુત ગાથા સમાયેલી છે. સાથે સાથે વિવિધ ભારતીય અને બિનભારતીય સમુદાયોનો અદ્‌ભુત સહયોગ પણ અહીં સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. આ પ્રેરણાદાયી ભક્તિ-સંકુલમાં સૌનું મન કંઈક ને કંઈક વિશેષ ભક્તિ કરવા માટે થનગની રહ્યું હતું. તેને સાકાર કરતો 'ભક્તિદિન' તા. ૧૦-૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાઈ ગયો.

આજના ભક્તિદિને અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિતુલા કરવામાં આવી હતી. આ તુલા અનોખી એટલા માટે હતી કે ભક્તો-ભાવિકોએ કોઈ દ્રવ્ય કે ધનથી નહીં, પરંતુ સ્વામીશ્રી દ્વારા પ્રાસાદિક થયેલા માળાના મણકા વડે ઠાકોરજીની તુલા કરીને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.





આરબ ધરતી પર સૌ પ્રથમ વખત વિશાળ પાયા પર યોજાયો વિશ્વશાંતિ મહાયજ્ઞ. ૧૨૦ કુંડી મહાયજ્ઞમાં દેશ-વિદેશના ભક્તોએ આહુતિ અર્પી. મહંત સ્વામી મહારાજ વતી ઈશ્વરચરણદાસ સ્વામીએ આહુતિ અર્પી...

મંદિરના વિશાળ સભાગૃહમાં યોજાયેલા ભક્તિતુલાના પ્રાસંગિક સમારંભમાં સેંકડો હરિભક્તો ભક્તિભાવથી જોડાયા હતા. આ વિશિષ્ટ સમારંભમાં ભક્તિનો મહિમા ગવાયો હતો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપીને તુલાનો મહિમા સમજાવ્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આગમન બાદ કલાત્મક પાલખીમાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સભામંડપની મધ્યમાંથી મંચ પર પધારી રહ્યા હતા ત્યારે સૌએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. હારતોરાવિધિ બાદ સ્વામીશ્રીએ પ્રાસંગિક આશીર્વચન કહ્યાં: ''આજે આપણે અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિતુલામાં જોડાઈશું. મહારાજ-સ્વામી તો કોઈ રીતે તોળાય એમ નથી. તે બધાથી પર છે. પણ મનુષ્યરૂપે આવ્યા એટલે આપણે બધો લાભ લઈએ છીએ. આ સ્વરૂપો આપણી કલ્પનામાં જ ન આવે તો બીજી ક્યાં વાત છે? પણ સાચા ભક્તિભાવથી તેઓ તોળાય છે. મહારાજ-સ્વામીની તુલા આપણે માળાનો મણકો મૂકીને કરવાની છે. તો આપણે સૌ પણ મહારાજના માળાના મણકામાં આવી શકીએ તે પ્રાર્થના કરીએ. બધા પ્રકારની ઇચ્છા, વાસના, દોષથી રહિત થવું એ માળાના મણકામાં આવ્યા કહેવાઈએ. એ માર્ગે ચાલ્યા છીએ એટલે પહોંચશું. મહારાજ-સ્વામી સિવાય બીજું કાંઈ ના જોઈએ. અત્યંત નિર્વાસનિક થઈને આ કરશું તો મહારાજના માળાના મણકામાં આવી જઈશું.''

આશીર્વચન ઉચ્ચાર્યા બાદ તુલામાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું સ્વામીશ્રીએ પૂજન કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજના સામેના પલ્લામાં સ્વામીશ્રીએ માળાના મણકા મૂકીને ભક્તિ-તુલાનો પ્રારંભ કર્યો હતો. વરિષ્ઠ સંતોએ પણ ભક્તિતુલાનો લાભ લીધો હતો. ત્યારબાદ હરિભક્તોએ ઠાકોરજીના સામેના પલ્લામાં માળાના મણકા મૂકીને પોતાનો ભક્તિભાવ





મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનાર તમામ મૂર્તિઓનાં ચલસ્વરૂપોની ભક્તિસભર શોભાયાત્રા યોજાઈ. સુશોભિત પાલખીઓમાં ભગવત્-સ્વરૂપોને પધરાવીને મંદિરની પરિક્રમા કરતા આનંદવિભોર ભક્તજનો...

પ્રકટ કર્યો હતો. મહિલા વિભાગમાં પણ આ જ રીતે અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિતુલા થઈ હતી.

આમ, અહીંના પ્રતિષ્ઠા મહોત્સવનો એક મુખ્ય દિવસ ભક્તિદિન તરીકે સૌએ માણ્યો.

## ■ વિશ્વ સંવાદિતા મહાયાગ

તા. ૧૧-૨-૨૦૨૪ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે આ આરબ ધરતી પર એક વિશિષ્ટ અને અપૂર્વ અવસર યોજાયો હતો. આ પૂર્વે આરબ ધરતી પર ક્યારેય ન યોજાયો હોય તેવો વિશ્વ સંવાદિતાની ભાવના જન્માવતો વૈદિક પરંપરા મુજબ મહાયજ્ઞ વિશાળ મંદિર પરિસરમાં યોજાયો હતો. આ મહાયાગ સાંસ્કૃતિક વિવિધતા અને આધ્યાત્મિક એકતાની ઉજવણીનો પર્યાય બની ચૂક્યો હતો.

સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પૂજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય ચલ મૂર્તિઓ યજ્ઞના મંચ પર સ્થાપિત કરાઈ હતી. તેઓની અમીદૃષ્ટિ સાથે ભૂદેવોએ યજ્ઞનો વિધિવત્ પ્રારંભ કર્યો હતો. તા. ૯-૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૂર્યનારાયણના દિવ્ય તેજમાંથી આ મહાયજ્ઞનો અગ્નિ પ્રગટ કર્યો હતો, એ જ અગ્નિ વડે બધા યજ્ઞકુંડોમાં અગ્નિ પ્રજ્વલિત કરીને ભૂદેવોએ યજમાનોને વિધિ કરાવ્યો હતો. તા. ૧૧-૨-૨૦૨૪ની વહેલી સવારે ૫:૩૦ વાગે માંગલિક મુહૂર્તમાં શરણાઈઓના સૂર વહેતા થયા હતા. ભૂદેવોએ વૈદિક મંત્રોનું ગાન કરીને યજ્ઞનો મંગલ આરંભ કર્યો. સનાતન સંસ્કૃતિનું દર્શન કરાવતો અને વિશ્વમાં શાંતિ, સંવાદિતા અને વિશ્વબંધુત્વની ભાવના જન્માવતા આ મહાયાગમાં ૧૨૦ કુંડ પર ૯૮૦થી વધુ યજમાન હરિભક્તો તથા મહાનુભાવોએ બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ આપી હતી.

વળી, આજે જાણે ઇન્દ્ર દેવતાએ પ્રત્યક્ષ આવીને વરસાદી વાતાવરણથી આ ભૂમિને પાવન કરી હતી અને રણમાં ઊડતી રેતની ડમરીઓને શાંત પાડી હતી. વરસતા વરસાદમાં

પણ યજમાનોએ યજ્ઞવિધિ ચાલુ રાખીને ઉત્તમ ભક્તિનું દર્શન કરાવ્યું હતું. અહીં ચોમાસાની ઋતુમાં પણ ભાગ્યે જ વરસતા વરસાદના આમ અચાનક આગમનથી સૌએ ભગવાનના ચમત્કારિક ઐશ્વર્યનો અનુભવ કર્યો હતો.

## ■ પાલખીયાત્રા

તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ, મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનાં ચલ સ્વરૂપોની શોભાયાત્રા-પાલખીયાત્રા યોજાઈ હતી. સંતોએ વૈદિક મંત્રોના ગાન સાથે તમામ ચલમૂર્તિઓનું પૂજન કર્યું. ત્યારબાદ મંદિરના પ્રદક્ષિણા પથમાં કલાત્મક પાલખીઓમાં પધરાવીને વાજતે-ગાજતે મૂર્તિઓનો વિહાર કરાવાયો હતો. આ પાલખીયાત્રાના પ્રારંભમાં બી.એ.પી.એસ.ના ધ્વજ અને નિશાન ડંકા સાથે યુવકો હતા. ત્યારબાદ શંખ વગેરે વાદ્યો વગાડતા અને ભક્તિનૃત્ય કરતા સંતો હતા. આ પાલખીયાત્રામાં દર્શનદાન દેવા નીકળેલા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ ભગવાન, શ્રી પદ્માવતી શ્રીનિવાસ ભગવાન, શ્રી જગન્નાથ ભગવાન, શ્રી અયપ્પા ભગવાન, શ્રી રામ પરિવાર, શ્રી શિવ પરિવારની ચલમૂર્તિઓ કલાત્મક પાલખીઓમાં શોભતી હતી. પાલખીઓની સાથે અહીં ઉપસ્થિત તમામ સંતો આ યાત્રામાં જોડાયા હતા. સૌથી છેલ્લે વિશાળ ભક્તસમુદાય આનંદઉમંગ સાથે જોડાયો હતો. આ પાલખીયાત્રાને વધાવતાં મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોએ સર્વસ્વ હૉલમાં વિરાજીને તમામ મૂર્તિઓનાં ચલસ્વરૂપોની ભાવથી આરતી ઉતારી હતી. આ પાલખીયાત્રા સૌ માટે એક સ્મરણીય અવસર બની રહી.

## ■ અદ્વિતીય અને અપૂર્વ મૂર્તિપ્રતિષ્ઠા

વિ. સં. ૨૦૮૦, વસંત પંચમી, તા. ૧૪-૨-૨૦૨૪નો સૂર્ય મધ્યપૂર્વના દેશોના અબુધાબી શહેરમાં વસંતનાં વધામણાં લઈને ઉદય પામ્યો હતો. એ વધામણાં હતાં - સનાતન ધર્મનાં, ભારતીય સંસ્કૃતિનાં, વૈદિક પરંપરાનાં, હિન્દુ અસ્મિતાનાં અને સ્વામિનારાયણીય શ્રદ્ધા-ભક્તિ-સમર્પણ-ઉપાસનાનાં તેમજ લાખો ભક્તોનાં હૈયાંઓના અખૂટ વિશ્વાસનાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક, આજે વિશ્વમાં વ્યાપી ચૂકેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો તિથિ પ્રમાણે આજે ૧૫૯મો પ્રાકટ્યોત્સવ હતો. આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ શાસ્ત્રીજી મહારાજનાં ચરણે અંજલિ અર્પતો, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પની પૂર્તિ કરતો, આરબ ધરતી પર સનાતન ધર્મનો જયકાર કરતો બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા વિધિ યોજાયો હતો.

કલામંડિત શિખરબદ્ધ મંદિરનાં ગર્ભગૃહોનાં કલાત્મક સ્વર્ણિમ સિંહાસનોમાં મૂર્તિઓ વિરાજમાન થઈ ચૂકી હતી. નિયત સમયે સ્વામીશ્રી પ્રાણપ્રતિષ્ઠા માટે પધાર્યા ત્યારે સદ્‌ગુરુ સંતો, અન્ય સંતો તેમજ હજારો ભક્તોની ઉપસ્થિતિમાં પૂર્વવિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો. સ્વામીશ્રી મુખ્ય પ્રાણપ્રતિષ્ઠા વિધિ માટે મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની સન્મુખ આસનસ્થ થયા. એ જ રીતે ભગવાન શ્રીકૃષ્ણ-રાધાજીના ખંડમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી; ભગવાન શ્રી રામચંદ્રજી-સીતાજી-લક્ષ્મણજી-હનુમાનજીના ખંડમાં ઘનશ્યામચરણદાસ સ્વામી; ભગવાન શ્રી જગન્નાથજી-સુભદ્રાજી-બલભદ્રજીના ખંડમાં ઈશ્વરચરણદાસ સ્વામી; ભગવાન શ્રીનિવાસજી-પદ્માવતીજીના ખંડમાં ત્યાગવલ્લભદાસ સ્વામી; ભગવાન શ્રી શિવજી-પાર્વતીજી-ગણેશજી-કાર્તિકેયજીના ખંડમાં આનંદસ્વરૂપદાસ સ્વામી અને અક્ષરચરણદાસ સ્વામી; ભગવાન શ્રી અયપ્પા સ્વામીના ખંડમાં વિવેકસાગરદાસ સ્વામી તથા અભિષેક મંડપમ્‌માં સહજાનંદવર્ણી સમક્ષ ડૉક્ટર સ્વામી ઉપસ્થિત હતા. અભિષેક મંડપમ્‌માં સ્થાપિત કરવામાં આવેલી ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે ધર્મચરણદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી, યજ્ઞપ્રિયદાસ સ્વામી અને નિખિલેશદાસ સ્વામી પૂજનવિધિ માટે ઉપસ્થિત હતા.

વૈદિક પરંપરા અનુસાર યોજાનાર પ્રતિષ્ઠાવિધિનો લાભ પ્રાપ્ત કરવા માટે યુ.એ.ઈ.ના વિવિધ દેશોમાંથી તેમજ યુ.કે.-યુરોપ, અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા વગેરે દેશોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. વહેલી સવારથી જ પારંપરિક વસ્ત્રપરિધાનમાં સજ્જ બનીને આવેલા આ હરિભક્તોએ મંદિરના ખંડોમાં બેઠકસ્થાન લીધું. ઉપરાંત વિશ્વભરમાં ખૂણે ખૂણે વસતા બી.એ.પી.એસ. સંસ્થાના લાખો આબાલ-વૃદ્ધ હરિભક્તો તેમજ સનાતની સંતો-ભક્તો જીવંત પ્રસારણના માધ્યમથી પૂજનવિધિમાં જોડાયા. સૌનાં અંતર ગાઈ રહ્યાં હતાં:

*મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ માઈ રે...*

ખરેખર! હજારો વર્ષોની તપશ્ચર્યા પછી સૌનાં અંતરમાંથી પ્રતિધ્વનિત થતા આ સૂરો ભગવાનને વધાવવા પણ એટલા જ ઉત્સુક અને ઉત્સાહિત હતા.

મધુરવદનદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા ભૂદેવોના કંઠેથી ઉચ્ચારાયેલા વૈદિક પૂજનવિધિના મંત્રોથી આરબભૂમિ ગુંજી ઊઠી. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ






મૂર્તિપ્રતિષ્ઠા વિધિનાં માંગલિક સ્મૃતિ દૃશ્યોઃ પ્રતિષ્ઠા પૂર્વવિધિમાં રત પૂજ્ય કોઠારી સ્વામી અને સંતો. અભિષેક મૂર્તિની પ્રતિષ્ઠા કરતા પૂજ્ય ડૉક્ટર સ્વામી. મહંત સ્વામી મહારાજનું પૂજન કરીને સ્વાગત કરતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી. વૈદિક પરંપરા મુજબ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી રહેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો ઉત્થાપનવિધિ અને પ્રતિષ્ઠાવિધિનો પ્રધાન-સંકલ્પ કર્યો. બાદ મૂર્તિઓનાં પ્રત્યેક અંગ-ઉપાંગને દર્ભશલાકા સ્પર્શાવીને દિવ્ય ગુણોનો ન્યાસવિધિ કરવામાં આવ્યો. મૂર્તિઓના હૃદય ઉપર અંગૂઠાનો સ્પર્શ કરીને મુખ્ય પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો ત્યારે આઠ મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું. પ્રતિષ્ઠામંત્રોના અંતે 'પ્રતિષ્ઠ ત્વં પ્રતિષ્ઠ ત્વં અક્ષરપુરુષોત્તમ...' નાદ કરવામાં આવ્યો. ભગવાનની ૧૧ પ્રકારની સેવાનો સંકલ્પ અને ૧૧ વખત ૐકારનો મંત્ર જપવામાં આવ્યો. મૂર્તિઓના કર્ણમાં કરવામાં આવેલા ગાયત્રી મંત્રના જપ બાદ નેત્ર અનાવરણ વિધિ કરવામાં આવ્યો. આ વિધિ દરમ્યાન મૂર્તિઓને આદર્શ ધરીને સ્વ-સ્વરૂપનું દર્શન કરાવવામાં આવ્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રાણ-પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન કર્યું. વિધિને અનુસરતાં અન્ય ખંડોમાં પણ સંતોએ મૂર્તિઓનો આ રીતે પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. વિધિના અંતે સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત તમામ મૂર્તિઓનું પૂજન કરીને વંદના કરી હતી.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''અત્યારે મેં સંકલ્પ કર્યો કે બધા સુખી થાય. ખૂબ સત્સંગ વધે. (સ્વામીશ્રીએ આરબ ભાઈઓ પણ સર્વપ્રકારે સુખી થાય, તેઓની પ્રગતિ થાય, તેવો વિશેષ સંકલ્પ કર્યો. પછી આગળ જણાવ્યું:) અને બધા હરિભક્તો, જેણે જેણે સેવા કરી છે અને અહીં સેવા ન કરી હોય પણ બીજે બધે કરતા હોય એ બધાને આશીર્વાદ છે – બધા તને-મને-ધને સુખી થાય.

આખા આ વિધિ દરમ્યાન, બધા જ સુખી થાય, બધા જ સુખી થાય ને ખૂબ સત્સંગ વધે, ખૂબ સત્સંગ વધે એ જ રટણ ચાલુ હતું.''

આ મંદિરના નિર્માણમાં મુખ્ય સૂત્ર સંભાળનારા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્યમાં આભાર

**(અનુસંધાન પૃષ્ઠ ૫૯ ૫૨)**



# ભવ્ય લોકાર્પણ સમારોહ





‘આજે યુનાઇટેડ આરબ અમીરાતની ધરતીએ
માનવીય ઇતિહાસનો એક નવો સ્વર્ણિમ અધ્યાય લખ્યો છે.
આજે અબુધાબીમાં ભવ્ય અને દિવ્ય મંદિરનું લોકાર્પણ થઈ રહ્યું છે.
આ ક્ષણની પાછળ વર્ષોની મહેનત છે. તેમાં વર્ષો પૂર્વેનું સ્વપ્ન જોડાયેલું છે.
તેમાં ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદ પણ છે.
આજે પ્રમુખસ્વામી મહારાજનો આત્મા પ્રસન્નતાનો અનુભવ કરતો હશે.’

**– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

સમસ્ત વિશ્વ જેની પ્રતીક્ષા કરી રહ્યું હતું એ અવસરની સંધ્યા ખીલી હતી.

વસંત પંચમીની આજની માંગલિક પ્રભાતે જેનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ થયો હતો એ અબુધાબીના ભવ્ય અને અદ્વિતીય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના ઐતિહાસિક લોકાર્પણના માંગલિક સૂરો વહી રહ્યા હતા.

ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં આજના આ અવસરની પ્રતીક્ષા કરનારા કરોડો લોકો આજે જીવંત પ્રસારણના માધ્યમથી અબુધાબીના આ મંદિર સાથે ચુંબકીય આકર્ષણથી જોડાઈ ગયા હતા.

ભારતની મહાન સાંસ્કૃતિક પરંપરા વિવિધ સ્વરૂપે મંદિરના પરિસરમાં મહોરી ઊઠી હતી. મંદિરના આંગણમાં છલકતી આ તમામ શોભાઓ પર એક યશકલગી ચઢાવવા માટે આવી રહેલા, મા ભારતીના એક અનોખા પૂજારી ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વધાવવા સૌ કોઈ થનગની રહ્યા હતા. તા. ૧૪-૨-૨૦૨૪ની સંધ્યાએ બરાબર ૫:૨૫ વાગે આ મંદિરના પ્રાંગણમાં શ્રી નરેન્દ્રભાઈનું આગમન થતાં જ સૌનો થનગનાટ ચરમસીમાએ પહોંચ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું પુત્રતુલ્ય વાત્સલ્ય પામેલા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે અપાર આદર ધરાવતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આ




મંદિરના વિશાળ પરિસરમાં પ્રવેશતાં જ સૌને આવકારતી 'વૉલ ઑફ હાર્મની' સમક્ષ વડાપ્રધાનશ્રી સાથે વિવિધ ધર્મના પ્રતિનિધિઓ તેમજ મંદિરના નિર્માણમાં સહયોગી બનનારા વિવિધ ધર્મના અનુયાયીઓ. ખરા અર્થમાં અહીં સૌ અનુભવે છે સંવાદિતાનો સૂર...

મંદિરના લોકાર્પણ માટે ખાસ પધાર્યા હતા.

આજના અવસરને અનુરૂપ પરિવેશમાં મંદિરને વધાવવા ખાસ પધારેલા નરેન્દ્રભાઈએ કારમાંથી ઊતરતાં જ બ્રહ્મવિહારી સ્વામીને આશ્લેષમાં લઈને ભાવવિભોર થતાં કહ્યું, 'આ મંદિર કરીને તમે પ્રમુખસ્વામી મહારાજને જીવંત કરી દીધા.'

આજના આ ગૌરવવંતા અવસરે નરેન્દ્રભાઈ ખૂબ આનંદિત હતા. પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થા વતી પુષ્પહારથી તેઓને સત્કાર્યા. અહીંથી લાલ જાજમ પર મંદિર તરફ આગળ વધી રહેલા વડાપ્રધાનશ્રીને ભારતનાં વિભિન્ન રાજ્યોની પરંપરાગત વેશભૂષામાં સજ્જ લોકોએ ઉત્સાહથી વધાવ્યા. વિવિધતામાં એકતાનો ભાવ દર્શાવતી હિન્દુ સંસ્કૃતિનું અહીં દર્શન થઈ રહ્યું હતું. સૌનું અભિવાદન ઝીલતાં વડાપ્રધાનશ્રી સ્વાગતકક્ષમાં પધાર્યા ત્યારે બી.એ.પી.એસ. સંસ્થાના વડીલ સંતો અને દેશવિદેશના ટ્રસ્ટીઓએ તેઓને આવકાર્યા હતા.

સંવાદિતાના સીમાચિહ્ન સમા ઐતિહાસિક હિન્દુ મંદિરના પ્રત્યેક વિભાગની વિશેષતાઓ માણીને શ્રી નરેન્દ્રભાઈના મુખ પર પ્રસન્નતાનો ભાવ છલકાતો હતો. તેમાંય વડાપ્રધાનશ્રી જ્યારે અહીં વિશ્વનાં પ્રસિદ્ધ ૨૬ સ્મારકની યાદ અપાવતી 'ધ વૉલ ઑફ હાર્મની' સમક્ષ પહોંચ્યા ત્યારે તો તેઓ ખૂબ આનંદિત થઈ ઊઠ્યા. થ્રીડી પ્રિન્ટિંગ દ્વારા આ 'વૉલ ઑફ હાર્મની' રચવાની નિ:સ્વાર્થ સેવા આપનારા વહોરા મુસ્લિમ બંધુઓથી લઈને મંદિરના નિર્માણમાં સહયોગ આપનારા વિવિધ ધર્મના પ્રતિનિધિઓને મળી રહેલા વડાપ્રધાનશ્રીની પ્રસન્નતા નીરખીને સૌએ અહીં ખરા અર્થમાં વિશ્વબંધુત્વની ભાવના અનુભવી હતી. અહીંથી વડાપ્રધાનશ્રી રણરેતીના ઢગલાના પ્રતીક સમા માઉન્ડ પર ચઢીને ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદ સમક્ષ પહોંચ્યા ત્યારે વિશ્વના અસંખ્ય ભક્તો વતી પરમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ તેઓનું પુષ્પહારથી ભાવભર્યું અભિવાદન કર્યું હતું.



ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદ પર પુષ્પાંજલિ અર્પીને વડાપ્રધાનશ્રીએ સંતો સાથે આ મંદિરના ગૌરવને ઉત્સાહથી વધાવ્યું...

આજથી ૨૭ વર્ષ પહેલાં શારજાહના રણમાં પ્રમુખસ્વામી મહારાજે પદારવિંદ મૂકીને જ્યાં શિખરબદ્ધ મંદિરનો સંકલ્પ કર્યો હતો તે પ્રાસાદિક સ્થાનની રણરેતમાંથી રચવામાં આવેલા ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદ અહીં શોભી રહ્યાં છે. તેના પર શ્રી નરેન્દ્રભાઈએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. અહીંથી નીરખવા મળતો મંદિરનો એક અનોખો નજારો માણીને વડાપ્રધાનશ્રી એક વિશાળ મંડપમ્‌માં પધાર્યા, જ્યાં મંદિર ક્રીએશનનો 4D ઇમર્સિવ શો નિહાળીને તેઓએ પ્રસન્નતા વ્યક્ત કરી. અહીંથી બહાર આવીને વડાપ્રધાનશ્રીએ બધામાં શુભ જોવાની ભાવના દર્શાવતા ‘આઈ ઑફ ડિવિનિટી’ (દિવ્યતાના નયન) દ્વારા મંદિરનાં દર્શન કર્યાં.

મંદિરની સંરચનામાં પવિત્ર ગંગા-યમુના-સરસ્વતી નદીની પ્રતીકાત્મક ધારાઓ વહી રહી છે. તેના સંગમ પર આ ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ખડું થયું છે. આ પવિત્ર જળપ્રવાહમાં વડાપ્રધાનશ્રીએ કળશ દ્વારા ગંગાજળ



વડાપ્રધાનશ્રીને વધાવતા વિવિધ ભારતીય પ્રાંતના પ્રજાજનો.



વૉલ ઓફ હાર્મનીને નિરખતા વડાપ્રધાનશ્રી.



વડાપ્રધાનશ્રીને આવકારતા ઈશ્વરચરણદાસ સ્વામી.



મંદિર પરિસરમાં 4D ઇમર્સિવ શો નિહાળતા વડાપ્રધાનશ્રી.



પગથિયાં ચઢીને પધારતા વડાપ્રધાનશ્રીને આવકારતા સ્વામીશ્રી.



વડાપ્રધાનશ્રીને સત્કારતા પ્રસન્ન મુદ્રામાં સ્વામીશ્રી.



મંદિરની આરતી સાથે સમગ્ર વિશ્વમાં આરતીઓ રણઝણી ઊઠી.



પ્રમુખસ્વામી મહારાજને પુષ્પાંજલિ અર્પતા વડાપ્રધાનશ્રી.



મંદિરના પરિસરમાં ગંગા અને યમુનાના વહેતા પ્રતીકાત્મક પ્રવાહોમાં ગંગાજળ અને યમુનાજળ સીંચીને વડાપ્રધાનશ્રીએ તીર્થત્વમાં ઉમેરો કર્યો...

અને યમુનાજળ સીંચીને મંદિરની બંને તરફ વહેતા જળપ્રવાહોને ગંગા-યમુનાનું તીર્થત્વ આપ્યું.

અહીંથી મંદિરની સોપાનપંક્તિઓ ચઢીને વડાપ્રધાનશ્રી મંદિરના મુખ્ય પ્રવેશચોકી પાસે પધાર્યા ત્યારે અહીં મંદિરના નિર્માતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેઓને સત્કારવા પ્રતીક્ષા કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ હૃદયના ઉમળકાથી પુષ્પહાર પહેરાવીને નરેન્દ્રભાઈને સત્કાર્યા. શ્રી નરેન્દ્રભાઈએ પણ સ્વામીશ્રીને હાર અર્પણ કરીને, અભિવંદન કરીને આશીર્વાદ લીધા.

હવે સમય હતો, મંદિરના વિધિવત્ ઉદ્ઘાટનનો. સ્વામીશ્રી અને શ્રી નરેન્દ્રભાઈએ વેદોક્ત વિધિપૂર્વક નાડાછડી છોડીને મંદિરનાં દ્વાર ઉદ્ઘાટિત કર્યાં. આ ક્ષણને માણી રહેલા દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકોએ હર્ષોલ્લાસથી વધાવી. શ્વેત સંગેમરમરથી શોભતા મંદિરના કલામંડિત સ્તંભો અને મંદિરના કલાત્મક ગુંબજનાં દર્શન કરીને સ્વામીશ્રી અને નરેન્દ્રભાઈ મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની સન્મુખ

બિરાજ્યા. અહીં વેદોક્ત વિધિપૂર્વક ભગવાનનું પૂજન કરીને સ્વામીશ્રી સાથે શ્રી નરેન્દ્રભાઈ મંદિરનું વિધિવત્ લોકાર્પણ કરવાના હતા. આથી, તેનો વેદોક્ત વિધિ આરંભાયો. સાથે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામી પણ જોડાયા. વિધિના ભાગ રૂપે પ્રથમ સ્વામીશ્રીએ શ્રી નરેન્દ્રભાઈના ભાલે અક્ષત-તિલક કરી હસ્તમાં રક્ષાસૂત્ર બાંધ્યું. ત્યારબાદ સ્વામીશ્રી અને નરેન્દ્રભાઈએ વેદોક્ત વિધિપૂર્વક મંદિરના લોકાર્પણનો સંકલ્પ કર્યો. વૈદિક સંકલ્પ બાદ સ્વામીશ્રી અને નરેન્દ્રભાઈએ ઠાકોરજીની આરતી ઉતારી. આ સાથે જ વિશ્વભરનાં ૧૫૦૦થી વધુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં એકસાથે આરતીનો ઘંટનાદ ગુંજી ઊઠ્યો. સાથે સાથે વિશ્વભરમાં ખૂણે ખૂણે વસતા લાખો હરિભક્તોએ પણ ઘરમંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી આ મંગલ અવસરને ભક્તિભાવથી વધાવ્યો. બાદ મંદિરનાં તમામ ભગવત્સ્વરૂપોને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરતાં સ્વામીશ્રીએ વેદોક્ત મંત્રોચ્ચાર બાદ પોતાના હસ્તમાં રહેલાં પુષ્પ નરેન્દ્રભાઈના હસ્તમાં અર્પ્યાં, જે પુષ્પો લઈને નરેન્દ્રભાઈ ગર્ભગૃહમાં પ્રવેશ્યા અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી. અહીં પ્રાર્થનાપૂર્વક ભગવાન સ્વામિનારાયણને અભિવંદન કરીને તેઓ ગર્ભગૃહમાંથી બહાર આવ્યા ત્યારે મહંત સ્વામી મહારાજે તેમને વિશિષ્ટ રીતે આશીર્વાદથી નવાજ્યા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અબુધાબીમાં નિર્માણ પામેલા આ મંદિર માટે કહ્યું છે, 'રણમાં ખીલેલું આ કમળ છે.' તેના પ્રતીકરૂપે કમળનો ભવ્ય હાર પહેરાવીને સ્વામીશ્રીએ નરેન્દ્રભાઈને આશીર્વાદ આપ્યા. જગતભરની સુખ-શાંતિ અને કલ્યાણની ખેવના કરતા સ્વામીશ્રીએ આ મંદિરના નિર્માણમાં પાયાની ભૂમિકા અદા કરનારા શ્રી નરેન્દ્રભાઈને આશ્લેષમાં લઈને આશીર્વાદ આપ્યા. ધર્મસત્તા અને રાજસત્તાના આ સુભગ મિલનને સૌએ હર્ષભેર વધાવ્યું. ત્યારબાદ મંદિરના બેનમૂન કલા-કૌશલ્યને નિહાળતાં નરેન્દ્રભાઈએ એક પછી એક ગર્ભગૃહોમાં જઈને સનાતન ધર્મનાં વિવિધ ભગવત્સ્વરૂપોનાં શ્રીચરણોમાં પુષ્પાંજલિ સમર્પિત કરી અને સૌ વતી પ્રાર્થનાપૂર્વક ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું. આ ક્રમમાં તેઓશ્રીએ 'સંકલ્પસિદ્ધિ' ખંડમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને આજના તેઓના પ્રાગટ્ય દિને પુષ્પાંજલિ અર્પણ કરી. સાથે સાથે પોતાના પિતાતુલ્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ સમક્ષ પધારીને તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ જાણે જીવંત પ્રતિમા હોય, તેવો ભાવ અનુભવતાં પ્રધાનમંત્રીશ્રીએ આ સુંદર મૂર્તિના સર્જન બદલ ઈશ્વરચરણદાસ સ્વામી સમક્ષ પ્રસન્નતા વ્યક્ત કરી. વિવિધ ગર્ભગૃહોમાંથી પસાર થતા તેઓશ્રીએ ભગવાન જગન્નાથજીના ગર્ભગૃહ સમક્ષ ઉપસ્થિત રહેલા જગન્નાથપુરીના મહારાજા ગજપતિ શ્રી દિવ્યસિંહદેવજીને મળીને સમગ્ર ઓરિસ્સાના પ્રજાજનોનું અભિવાદન સ્વીકાર્યું. દરેક ગર્ભગૃહ પાસે તેની મૂર્તિઓના નિર્માણમાં સેવા આપનાર જુદા જુદા લોકોને મળતાં મળતાં, સાથે સાથે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીનું અભિવાદન સ્વીકારીને તેઓ મંદિરની બાહરી પરિક્રમામાં પધાર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અભિષેક મૂર્તિ પર વૈદિક વિધિપૂર્વક અભિષેક કરતા વડાપ્રધાનશ્રી.
મંદિરના શિલ્પ અને સ્થાપત્યના નિર્માણમાં યોગદાન આપનારા કારીગરો તેમજ સંજયભાઈ અને વિપુલભાઈને બિરદાવીને એક શિલ્પી તરીકે 'વસુધૈવ કુટુમ્બકમ્'નો મંત્ર શિલામાં કંડારતા વડાપ્રધાનશ્રી...









મંદિરના વિશાળ સભાગૃહમાં ઊમટેલા દેશ-વિદેશના પ્રતિષ્ઠિત મહાનુભાવો તેમજ વિશ્વભરમાં કરોડો લોકો જીવંત પ્રસારણના માધ્યમથી આ મહોત્સવના લોકાર્પણ સમારોહના સાક્ષી બન્યા. આજના આ અવસરને વધાવવા વિશ્વભરનાં પ્રસાર માધ્યમો પણ ઉત્સુક રહ્યાં...

ગુલાબી પથ્થરમાંથી કંડારાયેલું ભવ્ય મંડોવર, તેમાં ખીચોખીચ શોભતી મૂર્તિઓ, મંડોવરના નીચેના ભાગમાં નરથરમાં કંડારાયેલી નાજુક ભગવત્‌ગાથાઓ, વિવિધ સંસ્કૃતિઓની બોધકથાઓનાં અદ્‌ભુત શિલ્પાંકન વગેરે નિહાળીને તેમણે અપાર પ્રસન્નતા વ્યક્ત કરી. આ વિભિન્ન સંસ્કૃતિની ઝલક નિહાળતાં એમ જ લાગે કે જાણે અહીં શિલ્પમાં જ તે સંસ્કૃતિઓ જીવંત થઈ ઊઠી છે!

૧૪૦૦ નાજુક સ્તંભોથી અલંકૃત 'પિલર ઑફ પિલર્સ' જેવી વિશેષતાઓ નિહાળતાં શ્રી નરેન્દ્રભાઈ અહીંથી નીચેની મંજિલે પધાર્યા, જ્યાં વિશિષ્ટ કલાકૃતિઓ અને મંડપોથી અલંકૃત અભિષેક મંડપમ્ જાણે તેઓની પ્રતીક્ષા કરી રહ્યો હતો. અહીં મધ્યમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદર અભિષેક મૂર્તિ પર તેમણે વિવિધ શુભ સંકલ્પો સાથે મંત્રોચ્ચારપૂર્વક જલાભિષેક કર્યો. એ અભિષેક મૂર્તિની પાર્શ્વભૂમાં બિરાજમાન બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજથી લઈને મહંત સ્વામી મહારાજ પર્યંત ગુરુપરંપરાને વંદન કર્યાં.

અહીંથી પુનઃ બહાર આવીને તેઓ મંદિરની ડાબી તરફ વળ્યા, જ્યાં મિનિએચર આર્ટ પેન્ટિંગ્સ સાથે બાળકો તેઓને મળવા થનગની રહ્યા હતા. મંદિરના નિર્માણમાં સેવા આપનારા આ બાળકોને પ્રોત્સાહિત કરીને વડાપ્રધાનશ્રી એ કારીગરોને મળ્યા જેઓ આ મંદિરના નિર્માણમાં છેલ્લા કેટલાય સમયથી દિવસ-રાત પોતાનું યોગદાન આપી રહ્યા હતા. આ કારીગરોને માર્ગદર્શન આપનારા અને આ મંદિરની ડિઝાઇનમાં મુખ્ય યોગદાન આપનારા શ્રી વિપુલભાઈ સોમપુરા તેમજ મંદિરના ઘડતર અને સર્જનમાં મહત્ત્વની સેવા આપનારા શ્રી સંજયભાઈ પરીખને મળીને વડાપ્રધાનશ્રીએ સનાતન સંસ્કૃતિનો શાશ્વત સંદેશ વિશિષ્ટ






ભારતીય રાજદૂત અને આરબ મહાનુભાવો સહિત સમસ્ત સભાજનોનું હાર્દિક અભિવાદન સ્વીકારતા મંચસ્થ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વડાપ્રધાનશ્રી, શેખ નહ્યાન, ડૉક્ટર સ્વામી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે...

રીતે આપ્યો.

હાથમાં ટાંકણું અને હથોડો લઈને ટાંકણે ટાંકણે વડાપ્રધાનશ્રીએ ભારતીય સંસ્કૃતિનો 'વસુધૈવ કુટુમ્બકમ્'નો સંદેશ પથ્થરની શિલા પર કંડાર્યો અને ભારતની આ ભવ્ય ભાવનાને અરબી ભૂમિ પર સદાને માટે અંકિત કરી.

અહીં યુ.એ.ઈ.ના મંત્રીવર્ય અને રાજ પરિવારના પ્રતિનિધિ શ્રી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાન સાથે તેઓનું મિલન થયું. તેઓએ વડાપ્રધાનશ્રીને અહીં આવકાર્યા.

અહીંથી આગળ વધતાં વડાપ્રધાનશ્રી મહિલાવૃંદ સમક્ષ આવ્યા, જેમણે આ મંદિરના નિર્માણમાં યોગદાન આપ્યું હતું. તેમની કલા-અંકિત શુભેચ્છા ભેટ સ્વીકારીને સૌનો આભાર પ્રકટ કરીને નરેન્દ્રભાઈ લોકાર્પણ સમારોહમાં પધાર્યા.

## ■ ઐતિહાસિક લોકાર્પણ સમારોહ

આજે ભારતીય તિથિ-પંચાંગ મુજબ વસંત પંચમીનો માંગલિક દિવસ હતો, જે બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ૧૫૯મી જન્મજયંતીનો જયઘોષ કરતો હતો.

આજે અરબી તિથિ-પંચાંગ મુજબ પવિત્ર શાબાનની તૃતીય માંગલિક તિથિ હતી.

આવા માંગલિક ખગોળીય સંગમ વચ્ચે, આજે અરબી રણમાં પ્રગટેલી ગંગા, યમુના, સરસ્વતીના પ્રયાગ પર ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો લોકાર્પણ સમારોહ હતો.

આજે બે સંસ્કૃતિઓના સંગમ-તીર્થ પર રચાયેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દ્વાર સમસ્ત વિશ્વ સમક્ષ ઉદ્ઘાટિત થઈ રહ્યાં હતાં.

આ ઐતિહાસિક અવસરે મંદિર પરિસરમાં ઊમટેલી



અહીં વસતા ભારતીયો માટે એક પ્રાર્થના સ્થળ-મંદિર બને, જ્યાં સનાતન ધર્મનાં દેવી-દેવતાઓનાં દર્શન થઈ શકે, પ્રાર્થના કરી શકાય. આવનારી નવી પેઢી માટે એવા મંદિરની ખૂબ આવશ્યકતા છે, જ્યાં મન સ્થિર અને શાંત થાય. જ્યાંથી ધીરજ, શ્રદ્ધા વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય. આ મંદિર ચેતનાને જાગ્રત કરવાનો સ્રોત છે.



આ મંદિર રણમાં ખીલેલા કમળ સમાન છે. આ મંદિર સુંદર છે, પણ તેનાં મૂલ્યો અતિ સુંદર અને સમયાતીત છે. તમે આ મંદિરમાં આવશો ત્યારે અંતરથી શાંતિ અનુભવાશે. આ મંદિર પ્રેમ, શાંતિ, સંવાદિતાનું ધામ છે. શાંતિ એ ભગવાનમાં વિશ્વાસ પર આધારિત છે. સંવાદિતા ભગવાનની શક્તિ છે. નમ્રતા ભગવાનનો માર્ગ છે.



ભારત અને યુ.એ.ઈ. વચ્ચે મજબૂત મૈત્રીનો મને આનંદ છે. આ મંદિર માટે જ્યારે તમે અમને મળ્યા ત્યારે અમને તમારા પર વિશ્વાસ આવ્યો કે તમે ભવિષ્યમાં સદ્‌ભાવના, શાંતિની દિશામાં યુ.એ.ઈ.ને સમૃદ્ધ કરશો. મહંત સ્વામી મહારાજ વૈશ્વિક આધ્યાત્મિક નેતા છે. આ હિન્દુ મંદિર ખૂબ પ્રગતિ કરશે.

જનમેદની અને વિશ્વભરમાં આ અવસરને માણી રહેલી વિશ્વજનતા હવે લોકાર્પણના છેલ્લા તબક્કાને માણવા ઉત્સુક બની રહી હતી. સભામંડપના પ્રેક્ષકગણમાં આરબ મહાનુભાવો, ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલથી લઈને પ્રસિદ્ધ સિને કલાકારો શ્રી અક્ષયકુમાર અને શ્રી વિવેક ઓબેરોય સુધીના અનેક મહાનુભાવો પોતપોતાનું સ્થાન લઈ ચૂક્યા હતા. સૌની પ્રતીક્ષા વચ્ચે મંદિરના સર્જક મહંત સ્વામી મહારાજનો એક સેવક તરીકે હાથ થામીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અબુધાબીના ટોલરન્સ મંત્રી શ્રી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાન વગેરેનું મંચ પર આગમન થયું તે સાથે જ અહીં સર્વે ભક્તો-મહાનુભાવોએ સ્ટેન્ડિંગ ઑવેશનથી તેઓનું અભિવાદન કર્યું. પાર્શ્વભૂમાં શંકર મહાદેવન્ દ્વારા નિર્દેશિત અને ગવાયેલું ભક્તિગીત ગુંજી રહ્યું હતું: *'મંદિરમ્ સનાતનમ્, પ્રમુખ સ્વામી સંકલ્પિતમ્ મહંત સ્વામી નિર્મિતમ્...'*

સમારોહના પ્રારંભમાં ભારત અને યુ.એ.ઈ.નાં રાષ્ટ્રગીતોનું ગાન કરીને બંને દેશોની સંવાદિતાનો સંદેશ વહાવાયો. પ્રવક્તા અક્ષરવત્સલદાસ સ્વામીએ અતિથિઓ તેમજ સભાગૃહમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું. બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પુષ્પગુચ્છ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી શેખ અલ નહ્યાનનું અભિવાદન કર્યું. સૌએ તાળીઓના નાદથી આ પળને વધાવી.

મરુભૂમિમાં રચાયેલા આ ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણમાં અમૂલ્ય માર્ગદર્શન આપનાર તેમજ બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌનું અભિવાદન કરતાં કહ્યું: 'આજે વસંત પંચમીનો પવિત્ર દિવસ છે. વળી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરનાર

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ પણ છે. આજના શુભ અવસરે પરમ આદરણીય ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ, પરમ આદરણીય શેખ નહ્યાન સાહેબ તથા વિશ્વમાંથી મહાનુભાવો અને સ્થાનિક નેતાગણ અને ભક્તો પધાર્યા છે. ઉપરાંત અમેરિકા, યુ.કે., ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, આફ્રિકાથી હરિભક્તોએ ભક્તિભાવથી પધારીને અવસરની શોભા વધારી છે, તે બદલ અમે તેમનું હૃદયથી સ્વાગત કરીએ છીએ. આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ.

આજના અવસરે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતથી ખાસ અહીં પધાર્યા છે, કારણ કે તેમની ઇચ્છા હતી કે અહીં વસતા ભારતીયો માટે એક પ્રાર્થના-સ્થળ, મંદિર બને, જ્યાં સનાતન ધર્મનાં દેવી-દેવતાઓનાં દર્શન થઈ શકે, પ્રાર્થના કરી શકાય. આવનારી નવી પેઢી માટે મંદિરની ખૂબ આવશ્યકતા છે. જ્યાં મન સ્થિર અને શાંત થાય. મંદિરમાંથી ધીરજ, શ્રદ્ધા વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. પોઝિટિવ વાઈબ્રેશન મળે છે. આ મંદિર સકારાત્મક ચેતનાને જાગ્રત કરવાનો સ્રોત છે. તેનો લાભ અહીં વસતા સૌને મળશે. આ મંદિરના નિર્માણમાં શ્રી નરેન્દ્રભાઈએ ખૂબ જ સહયોગ આપ્યો છે, તેથી આ ભૂમિ પર આવું દિવ્ય મંદિર, સભાસ્થળ રચાયાં. આ મંદિર દ્વારા સત્સંગ-ભક્તિની પ્રવૃત્તિ થશે. રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી વગેરે ઉત્સવો ખૂબ જ સારી રીતે ઊજવાશે. નૂતનવર્ષે અન્નકૂટોત્સવ પણ ઊજવાશે. તેમાં સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.'

સન ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે અહીં શિખરબદ્ધ મંદિર-નિર્માણનાં સંકલ્પબીજ વાવ્યાં હતાં તે ઐતિહાસિક ક્ષણથી લઈને આજ દિન સુધી મંદિર નિર્માણયાત્રાના સહભાગી રહેલા અને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી છેલ્લાં ઘણાં વર્ષોથી ગલ્ફ દેશોમાં બી.એ.પી.એસ. સંસ્થાની ગતિવિધિઓનું વહન કરી રહેલા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ 'A Millennial Moment' વિષયક ઉદ્‌બોધનમાં પ્રમુખસ્વામી મહારાજના દૃઢ સંકલ્પ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નિર્મિત થયેલા મંદિરની દિવ્ય સ્મૃતિઓની ઝાંખી કરાવી વિશેષમાં કહ્યું, 'એક સમયે ચંદ્રયાન સ્વપ્ન હતું, મંગળયાન પણ સ્વપ્ન હતું, તેમ આ મંદિર પણ એક સમયે અનેક પેઢીઓને માટે એક સ્વપ્ન સમાન દીસતું હતું, પરંતુ આજે એ સ્વપ્ન સાકાર થયું છે.' આમ કહીને તેઓએ આ મંદિરના સ્વપ્નને સાકાર કરવામાં મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન, યુ.એ.ઈ.ની સરકાર, સ્થાનિક રાજવી નેતાઓની સહિષ્ણુતા, ઉદારતા અને સંવાદિતા તેમજ મંદિર માટે તેમના સમર્થન, પ્રોત્સાહન અને સહાય બદલ આભાર અને આદર પ્રકટ કર્યો. સાથે સાથે આ સ્વપ્નને સાકાર કરવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રબળ ઇચ્છાશક્તિ, પ્રતિભા અને સહાયનો ઉલ્લેખ કરીને તેઓએ તેમનો ખૂબ આભાર પ્રગટ કર્યો. 'આ મંદિર સંવાદિતાનું જાણે એપી સેન્ટર છે. અહીંના શાસકોની ઉદારતા, વડાપ્રધાનની સચ્ચાઈ અને મહંત સ્વામી મહારાજની પવિત્રતા - આ મંદિરનિર્માણની પાછળ કારણભૂત છે.' આમ કહીને બ્રહ્મવિહારી સ્વામીએ મંદિરના સર્જનની એક યાત્રા કરાવી.

સંયુક્ત આરબ અમીરાતની સહિષ્ણુતાથી સર્જાયેલા આ મંદિરના એક વીડિયો-દર્શન બાદ અબુધાબીના રાજવી શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન વતી રાજ પરિવારના વરિષ્ઠ સદસ્ય અને યુ.એ.ઈ.ના ટોલરન્સ મંત્રીશ્રી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું: 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક મહાન મિત્ર તરીકે આમંત્રિત કરતાં હું આનંદ અનુભવું છું. ભારત અને યુ.એ.ઈ.ના દેશો વચ્ચે મજબૂત મૈત્રીનો મને આનંદ છે.

આ મંદિર માટે જ્યારે તમે અમને મળ્યા ત્યારે અમને તમારા પર વિશ્વાસ આવ્યો કે તમે ભવિષ્યમાં સદ્‌ભાવના, શાંતિની દિશામાં યુ.એ.ઈ.ને સમૃદ્ધ કરશો. મહંત સ્વામી મહારાજ વૈશ્વિક આધ્યાત્મિક નેતા છે. આપ સૌનો ખૂબ આભાર કે આપે મને આ કાર્યક્રમમાં નિમંત્રિત કર્યો.

મને આશા છે કે આ હિન્દુ મંદિર આજે અને ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરશે. યુ.એ.ઈ.ના રાષ્ટ્રપતિ શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન તરફથી સૌને ખૂબ શુભેચ્છાઓ.

યુ.એ.ઈ.માં અનેકવિધ દેશોના લોકો શાંતિ અને ભાઈચારાથી રહે છે. આ મંદિરને અહીં સાકાર કરવા બદલ તમારા સૌનો ફરીવાર આભાર માનું છું.'

અબુધાબીના આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણમાં આરંભથી જોડાયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંતો સાથે નિયમિત વિમર્શ-સંવાદ દ્વારા મંદિર નિર્માણયાત્રાને પ્રોત્સાહિત કરતા રહ્યા અને વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે તેઓનો પુત્ર તરીકેનો નાતો રહ્યો - આવા વિશિષ્ટ પ્રસંગોની ઝાંખી વીડિયોના માધ્યમથી કરવામાં આવી. વીડિયો બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની લાક્ષણિક શૈલીમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આધ્યાત્મિકતાના મૂર્તિમંત સ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આધ્યાત્મિક **(અનુસંધાન પૃષ્ઠ ૫૫ ૫૨)**



"આજે યુનાઇટેડ આરબ અમીરાતની ધરતીએ માનવીય **ઇતિહાસનો એક નવો સ્વર્ણિમ અધ્યાય લખ્યો છે...**

**– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**"

'શ્રી સ્વામિનારાયણ વિજયતે. આજે યુનાઈટેડ આરબ અમીરાતની ધરતીએ માનવીય ઇતિહાસનો એક નવો સ્વર્ણિમ અધ્યાય લખ્યો છે. આજે અબુધાબીમાં ભવ્ય અને દિવ્ય મંદિરનું લોકાર્પણ થઈ રહ્યું છે. આ ક્ષણની પાછળ વર્ષોની મહેનત છે. તેમાં વર્ષો પૂર્વેનું સ્વપ્ન જોડાયેલું છે. તેમાં ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદ પણ છે. આજે પ્રમુખસ્વામી મહારાજ જે દિવ્યલોકમાં હશે, તેમનો આત્મા જ્યાં હશે ત્યાં પ્રસન્નતાનો અનુભવ કરતો હશે. પૂજ્ય પ્રમુખસ્વામીજી સાથે મારો સંબંધ એક પિતા-પુત્ર જેવો રહ્યો. લાંબા સમય સુધી પિતૃતુલ્ય ભાવથી સભર તેમનું સાંનિધ્ય મને મળતું રહ્યું, તેમના આશીર્વાદ મળતા રહ્યા અને ઘણા લોકોને સાંભળીને આશ્ચર્ય થશે કે હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે અને વડાપ્રધાન થયો ત્યારે પણ મારી કોઈ બાબત તેમને પસંદ નહોતી પડતી ત્યારે મને સ્પષ્ટ શબ્દોમાં માર્ગદર્શન આપતા હતા. દિલ્હીમાં અક્ષરધામનું નિર્માણકાર્ય થઈ રહ્યું હતું ત્યારે હું તેમના આશીર્વાદથી શિલાન્યાસ કાર્યક્રમમાં હાજર હતો. ત્યારે તો હું રાજનીતિમાં કંઈ નહોતો. એ દિવસે મેં કહ્યું હતું કે આપણે ગુરુની ખૂબ પ્રશંસા કરતા રહીએ છીએ, પરંતુ ક્યારેય વિચાર્યું છે કે કોઈ ગુરુએ ઉચ્ચાર્યું હોય કે યમુનાના તટ પર આપણું પણ કોઈ સ્થળ હોય અને પ્રમુખસ્વામીરૂપી શિષ્યે પોતાના ગુરુની ઇચ્છાને પરિપૂર્ણ કરી હતી? આજે હું પણ શિષ્યભાવે અહીં આપ લોકો સમક્ષ ઉપસ્થિત છું, આજે આપણે પ્રમુખસ્વામી મહારાજનું સ્વપ્નું પૂરું કરી શક્યા છીએ. આજે વસંત પંચમીનો પવિત્ર તહેવાર છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતી પણ છે. આ વસંત પંચમીનું પર્વ મા સરસ્વતીનું પર્વ છે. મા સરસ્વતી એટલે બુદ્ધિ અને વિવેકની માનવીય પ્રજ્ઞા અને ચેતનાની દેવી. આ માનવીય પ્રજ્ઞા છે જેણે આપણને સહયોગ, સામંજસ્ય, સમન્વય અને સૌહાર્દ જેવા આદર્શોને જીવનમાં ઉતારવાની સમજ આપી છે. મને આશા છે કે મંદિર પણ માનવતાના ઉત્તમ ભવિષ્ય માટે વસંતનું સ્વાગત કરશે. આ મંદિર સમસ્ત વિશ્વ માટે સાંપ્રદાયિક સૌહાર્દ અને વૈશ્વિક એકતાનું પ્રતીક બનશે. યુ.એ.ઈ.ના ટોલરન્સ મિનિસ્ટર શ્રી શેખ નહ્‌યાન બિન મુબારક અલ નહ્‌યાન અહીંયાં વિશેષ અતિથિરૂપે ઉપસ્થિત છે. તેમણે આપણાં સ્વપ્નોને મજબૂત કરવાનું વર્ણન તેમના શબ્દોમાં કર્યું છે. હું તેમનો આભારી છું. આ મંદિરના નિર્માણમાં યુ.એ.ઈ. સરકારની જે ભૂમિકા રહી છે તેની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે. પરંતુ આ મંદિરનું સ્વપ્ન સાકાર કરવામાં સૌથી વધુ સહયોગ મારા પરમ મિત્ર હિઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદનો છે. યુ.એ.ઈ.ની સરકારે વિશાળ દિલથી કરોડો ભારતવાસીઓની ઇચ્છાને પૂર્ણ કરી છે. એટલું જ નહીં, ૧૪૦ કરોડ હિન્દુસ્તાનીઓનાં તેમણે દિલ પણ જીતી લીધાં છે. પ્રમુખસ્વામીજીના મંદિરનિર્માણના સંકલ્પને સાકાર કરવાની પૂરી યાત્રામાં હું તેમની સાથે જોડાયેલો

રહ્યો તે મારું પરમ સૌભાગ્ય છે.
અને એટલા માટે હિઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદની ઉદારતા માટે ધન્યવાદ શબ્દ પણ નાનો લાગે છે. તેમના વ્યક્તિત્વથી, ભારત અને યુ.એ.ઈ.ના ગહરા સંબંધોથી કેવળ યુ.એ.ઈ. અને ભારતના લોકો જ નહીં, સમસ્ત વિશ્વ તેનાથી પરિચિત થયું છે.
૨૦૧૫માં હું યુ.એ.ઈ.માં આવ્યો હતો ત્યારે મેં હિઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદ સાથે આ મંદિર વિશે ચર્ચા કરી હતી. તો આંખના પલકારા જેટલી અવધિમાં મારા પ્રસ્તાવને તેમણે સ્વીકારી લીધો. તેમણે બહુ ઓછા સમયમાં મંદિર માટે આટલી વિશાળ જમીન આપી. એટલું જ નહીં, મંદિર સાથે સંકળાયેલા એક અન્ય વિષયનું પણ તેમણે સમાધાન કરી દીધું. ૨૦૧૮ની સાલમાં હું બીજી વખત યુ.એ.ઈ. આવ્યો ત્યારે બ્રહ્મવિહારી સ્વામીજી અને સંતોએ મંદિરનાં બે મોડેલ મને બતાવ્યાં. એક મોડેલ ભારતની પ્રાચીન વૈદિક શૈલી પર આધારિત ભવ્ય મંદિરનું હતું, જે અત્યારે આપણે નિહાળી રહ્યા છીએ. અને બીજું, સામાન્ય મોડેલ હતું, જેના બાહ્ય ભાગમાં હિન્દુ ધાર્મિકચિહ્ન નહોતાં. સંતોએ મને કહ્યું કે યુ.એ.ઈ.ની સરકાર જે મોડેલને સ્વીકારશે તેની ઉપર કામ થશે. આ સવાલ શેખ મોહમ્મદ પાસે ગયો ત્યારે તેમનો વિચાર એકદમ સ્પષ્ટ હતો કે અબુધાબીમાં જે મંદિર બને તે પૂરા આત્મવૈભવ અને ગૌરવ સાથે બને. તેઓ ઇચ્છતા હતા કે અહીં ખાલી મંદિર બને નહીં, પરંતુ હૂબહૂ મંદિર જેવું દેખાય. આ નાનીસૂની વાત નથી. ભારત સાથે બંધુત્વની આ ભાવના અમારા માટે મોટી પૂંજી છે. આ મંદિરમાં જે ભવ્યતા દેખાય છે તેમાં હિઝ હાઈનેસ શેખ મોહમ્મદના વિચારની ઝલક છે. અત્યાર સુધી યુ.એ.ઈ. બુર્જ ખલીફા, ફ્યૂચર મ્યુઝિયમ, શેખ ઝાયેદ મસ્જિદ અને હાઈટેક બિલ્ડિંગ્ઝના કારણે ઓળખાતું હતું, હવે તેની ઓળખમાં વધુ એક સાંસ્કૃતિક અધ્યાય ઉમેરાયો છે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવશે. યુ.એ.ઈ.ના લોકોની સાથે અન્ય લોકોનું સાંનિધ્ય વધશે. હું સમગ્ર ભારત અને વિશ્વમાં વસતા કરોડો ભારતીયો વતી પ્રેસિડેન્ટ હિઝ હાઈનેસ શેખ મોહમ્મદને અને યુ.એ.ઈ. સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. હું આપ સૌને પ્રાર્થના કરું છું કે આપણે સૌ યુ.એ.ઈ.ના પ્રેસિડેન્ટને અહીંયાંથી સ્ટેન્ડિંગ ઑવેશન આપીએ (આ સાથે સભાગૃહમાં ઉપસ્થિત તમામે પોતાના સ્થાન પરથી ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે આભાર વ્યક્ત કર્યો). હું યુ.એ.ઈ.ના લોકોનો પણ તેમના સહયોગ બદલ હૃદયથી આભાર વ્યક્ત કરું છું.
ભારત અને યુ.એ.ઈ.ની મિત્રતાને સમગ્ર વિશ્વમાં પારસ્પરિક વિશ્વાસ, સહયોગને એક ઉદાહરણના રૂપમાં જોવામાં આવે છે. ખાસ કરીને વીતેલાં વર્ષોમાં અમારા સંબંધોએ એક નવી ઊંચાઈ પ્રાપ્ત કરી છે, પરંતુ ભારત આ સંબંધને કેવળ વર્તમાનના સંદર્ભમાં નથી જોતો. અમારા માટે આ સંબંધનાં મૂળ હજારો વર્ષ પુરાણાં છે. આ મંદિરે અમારા પ્રાચીન સંબંધોમાં નવી સાંસ્કૃતિક ઊર્જા સીંચી દીધી છે.
અબુધાબીનું આ વિશાળ મંદિર કેવળ એક ઉપાસના સ્થળ નથી, પરંતુ માનવતાની સુંદર વિરાસતનું અને ધરોહરનું પ્રતીક છે. ભારત અને આરબના લોકોના પારસ્પરિક પ્રેમનું પ્રતીક છે. તેમાં ભારત-યુ.એ.ઈ.ના સંબંધોનું એક આધ્યાત્મિક પ્રતિબિંબ પણ છે.
આ અદ્‌ભુત સર્જન માટે હું બી.એ.પી.એસ. સંસ્થા અને તેમના સદસ્યો, હરિભક્તોની પ્રશંસા કરું છું. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વિશ્વમાં મંદિર બનાવવામાં આવ્યાં છે. આ મંદિરોમાં જેટલું ધ્યાન વૈદિક સૂક્ષ્મતાનું રાખવામાં આવે છે એટલી જ આધુનિકતા તેમાંથી ઝળકે છે. કઠોર પ્રાચીન નિયમોનું પાલન કરીને તમે આધુનિક જગત સાથે કેવી રીતે જોડાઈ શકો છો તેનું ઉદાહરણ સ્વામિનારાયણ સંત પરંપરા છે. કુશળ વ્યવસ્થાપન, સંચાલન વ્યવસ્થા અને સાથે સાથે પ્રત્યેક શ્રદ્ધાળુ માટે સંવેદનશીલતાને પ્રત્યેક વ્યક્તિ આત્મસાત્ કરી શકે છે. આ બધું ભગવાન સ્વામિનારાયણની કૃપાનું પરિણામ છે. હું આ મહાન અવસરે ભગવાન સ્વામિનારાયણના ચરણોમાં પ્રણામ કરું છું. હું આપ સૌને અને દેશ-વિદેશના શ્રદ્ધાળુઓને વધાઈ આપું છું.
આ સમય ભારતના અમૃતકાળનો છે. અમારી આસ્થા અને સંસ્કૃતિ માટે અમૃતકાળનો સમય છે. ગત મહિને જ અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું સદીઓ પુરાણું સ્વપ્નું સાકાર થયું છે. રામલલ્લા પોતાના ભવનમાં વિરાજમાન થયા છે. સમગ્ર ભારત અને પ્રત્યેક ભારતીય તેના પ્રેમમાં,

તેના ભાવમાં હજુ સુધી ડૂબેલો છે. હમણાં જ મારા મિત્ર બ્રહ્મવિહારી સ્વામી કહી રહ્યા હતા કે મોદીજી સૌથી મોટા પૂજારી છે. હું નથી જાણતો કે હું મંદિરના પૂજારીની યોગ્યતા ધરાવું છું કે નહીં, પરંતુ હું એ વાતનો ગર્વ અનુભવું છું કે હું મા ભારતીનો પૂજારી છું. પરમાત્માએ મને જેટલો સમય આપ્યો છે તેની પ્રત્યેક ક્ષણ અને પરમાત્માએ જે શરીર આપ્યું છે તેનો કણે કણ ફક્ત અને ફક્ત મા ભારતીને સમર્પિત છે. ૧૪૦ કરોડ દેશવાસીઓ મારા આરાધ્ય દેવ છે.

અયોધ્યાના એ પરમ આનંદને આજે અબુધાબીમાં મળેલી ખુશીની લહેરે અનંતગણો વધારી દીધો છે. આ મારું પરમ સૌભાગ્ય છે કે હું પહેલાં અયોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિરનો અને હવે, અબુધાબીમાં બનેલા આ મંદિરનો સાક્ષી બન્યો.

આપણા વેદોમાં કહ્યું છે, एकं सद् विप्राः बहुधा वदन्ति। અર્થાત્ એક જ ઈશ્વરને, એક જ સત્યને વિદ્વાન લોકો અલગ-અલગ રીતે દર્શાવે છે. આ દર્શન ભારતની મૂળ ચેતનાનો હિસ્સો છે. એટલા માટે જ આપણે સ્વભાવથી ન કેવળ બધાનો સ્વીકાર કરીએ છીએ, પરંતુ આપણે સર્વેનું સ્વાગત પણ કરીએ છીએ. અમને વિવિધતામાં કોઈ વૈમનસ્ય(વેર) દેખાતું નથી. અમને વિવિધતામાં જ વિશેષતા લાગે છે. આજના સમયના વૈશ્વિક સંઘર્ષો અને પડકારો સામે આ વિચાર માનવતાના વિશ્વાસને વધુ મજબૂત કરે છે. આ મંદિરમાં પગલે પગલે વિવિધતામાં વિશ્વાસની ઝલક દેખાશે. મંદિરની દીવાલો ઉપર હિન્દુ ધર્મની સાથે સાથે ઈજિપ્તની હાયરોગ્લિફ્સ અને બાઈબલ, કુરાનની કથાઓને કંડારવામાં આવી છે. મંદિરમાં પ્રવેશ કરતાં જ વૉલ ઑફ હાર્મનીનાં દર્શન થાય છે. તેને મુસ્લિમ સમાજના વોહરા ભાઈઓએ બનાવી છે. આ બિલ્ડિંગનો ઇમર્સિવ 4Dનો અનુભવ થાય છે. તેને પારસી સમાજે શરૂ કરાવ્યો છે. લંગરની જવાબદારી માટે શીખ ભાઈ-બહેનો આગળ આવ્યાં છે. મંદિરના નિર્માણમાં દરેક ધર્મ-સંપ્રદાયના લોકોએ કામ કર્યું છે.

ભારતના લોકોનો સ્વભાવ આ છે. આપણે જ્યાં જઈએ છીએ ત્યાંની સંસ્કૃતિ અને ત્યાંનાં મૂલ્યોનું સન્માન કરીએ છીએ અને તેને આત્મસાત્ પણ કરીએ છીએ. એ જોવું પણ કેટલું સુખદ છે કે સૌનું સન્માન કરવાનો આ ભાવ હિઝ હાઈનેસ શેખ મોહમ્મદના જીવનમાં પણ સ્પષ્ટ દેખાય છે. તેમનો પણ આ જ દૃષ્ટિકોણ છે – આપણે સૌ ભાઈઓ છીએ. આજે આ ભવ્ય અને પવિત્ર જગ્યાએથી હું એક સુખદ સમાચાર આપવા માંગું છું. આજે સવારે યુ.એ.ઈ.ના ઉપરાષ્ટ્રપતિ હિસ હાઈનેસ શેખ મોહમ્મદ બિન રાશીદે દુબઈમાં ભારતીય શ્રમિકો માટે એક હૉસ્પિટલ બનાવવા માટે જમીન આપવાની ઘોષણા કરી છે. હું તેમનો હૃદયથી આભાર માનું છું. આપણા વેદ આપણને શીખવે છે કે समानो मंत्रः... અર્થાત્ આપણા વિચાર એકસમાન હોય, આપણાં મન એકબીજાં સાથે જોડાયેલાં હોય, આપણા સંકલ્પો એકસમાન હોય, માનવીય એકતાનું આ આહ્વાન જ આપણી આધ્યાત્મિકતાનો મૂળ ભાવ છે. આપણાં મંદિરો આ શિક્ષા અને સંકલ્પોનાં કેન્દ્ર રહ્યાં છે. આ મંદિરોમાં આપણે એક સૂરમાં ઘોષણા કરીએ છીએ કે प्राणियों में सद्भावना हो, विश्व का कल्याण हो। મંદિરોમાં વેદની જે ઋચાઓનો પાઠ થાય છે તે આપણને શીખવે છે वसुधैव कुटुम्बकम् અર્થાત્ સમગ્ર પૃથ્વી આપણો પરિવાર છે. આ વિચારને લઈને આજે ભારત વિશ્વશાંતિના પોતાના મિશન ઉપર પ્રયાસ કરી રહ્યું છે.

ભારતમાં આ વર્ષે યોજાયેલા G20 દેશોએ One Earth, One Family, One Futureના સંકલ્પને વધારે મજબૂત બનાવ્યો છે, આગળ વધાર્યો છે. અમારો આ પ્રયાસ One Sun, One World, One Grid જેવાં અભિયાનોને દિશા ચીંધી રહ્યો છે. 'सर्वे भवन्तु सुखिनः'ના ભાવને લઈને ભારત દેશ One Earth One Healthના મિશન માટે કામ કરી રહ્યો છે. આપણી સંસ્કૃતિ, આપણી આસ્થા, આપણને વિશ્વકલ્યાણના સંકલ્પોની હિંમત પ્રદાન કરે છે. ભારતમાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર ઉપર કામ થઈ રહ્યું છે. મને વિશ્વાસ છે કે અબુધાબીના આ મંદિરની માનવીય પ્રેરણા આપણા આ સંકલ્પોને ઊર્જા આપશે, તેને સાકાર કરશે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. હું એક ભવ્ય, દિવ્ય, વિશાળ મંદિરને સમગ્ર માનવજાતને સમર્પિત કરું છું. પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં પ્રણામ કરું છું. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પુણ્ય સ્મરણ કરતાં હું તેમને શ્રદ્ધાપૂર્વક નમન કરું છું. તમામ હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ.'' ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૫૧ ઉપરથી)** પ્રતિભાએ વિભિન્ન લોકોને એકજૂથ કરીને મંદિરનું નિર્માણ કર્યું છે. ૯૧ વર્ષની જૈફ વયે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આ મંદિરના નિર્માણમાં આરંભથી લઈને અંત સુધી અચલ કર્તવ્યનિષ્ઠ બનીને સંપૂર્ણ યાત્રામાં અદ્વિતીય ભૂમિકા નિભાવી અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે. તેઓ નિયમિત સંતો સાથે મીટિંગો, ફોનકોલ્સ તથા બળભર્યા પત્રો લખીને સૌને સતત પ્રેરણાબળ આપતા રહ્યા, તેની ઝાંખી વીડિયોના માધ્યમથી સૌએ કરી.

અંતે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ વરસાવતાં જણાવ્યુંઃ ''આજનો દિવસ અત્યંત સૌભાગ્યશાળી છે, ઐતિહાસિક અને આધ્યાત્મિક છે. હું ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અહીં આવવા બદલ આભાર માનું છું. તેમની પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતાએ આ મંદિર માટેનો માર્ગ ખુલ્લો કર્યો છે. અમે વર્ષોથી તેમના પ્રત્યેના પ્રમુખસ્વામી મહારાજના પ્રેમના સાક્ષી છીએ. હું શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને તેમના નેતૃત્વનો આભાર માનું છું. તેઓ અહીં નથી, પરંતુ અમે માનીએ છીએ કે તેઓ મનથી અહીં ઉપસ્થિત છે. અમને જમીન અને સહકાર આપવા માટે જે ઉદારતા દર્શાવી તે બદલ હું શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને યુ.એ.ઈ.ના નેતૃત્વનો આભાર માનું છું. હું તેમના નિરામય સ્વાસ્થ્ય, સુખ અને શાંતિ માટે પ્રાર્થના કરું છું.

પ્રમુખસ્વામી મહારાજે ચાર પ્રસંગોએ મધ્ય-પૂર્વની મુલાકાત લીધી છે અને આજે તેમની દૃષ્ટિથી આપણા પૂર્વજોની પ્રાર્થનાઓ પૂર્ણ થઈ રહી છે અને એ જ આજે આપણને આનંદ આપે છે. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી, સંતો અને તેમની ટીમની નિષ્ઠા અને પરિશ્રમથી અમે નતમસ્તક છીએ. અને આપણે શેખ નહ્યાનના પ્રેમ અને સહકારને કેવી રીતે ભૂલી શકીએ! આપણે રોહિતભાઈ, જસબીરસિંહ, અશોકભાઈ, સ્વયંસેવકો અને શુભેચ્છકોના ખૂબ આભારી છીએ કે જેમણે નિઃસ્વાર્થભાવે આ મંદિરના નિર્માણમાં સેવા આપી છે. સ્વયંસેવકોને પણ ભૂલી ન શકાય, કેમ કે એમણે પાયામાં સેવાઓ આપી છે.

આ મંદિર રણમાં ખીલેલા કમળ સમાન છે. આ મંદિર સુંદર છે, પણ તેનાં મૂલ્યો અતિ સુંદર અને સમયાતીત છે. તમે આ મંદિરમાં આવશો ત્યારે અંતરથી શાંતિ અનુભવાશે. આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પ્રેમ, શાંતિ અને સંવાદિતાનું ધામ છે. પ્રેમ બે રીતે થાય છે. એક, કે જેમાં કંઈક આપવા અને લેવાની ભાવના હોય છે. અને બીજું, જે નિઃસ્વાર્થ ભાવથી થાય છે. એ સાચો પ્રેમ છે. શાંતિ એ ભગવાનમાં વિશ્વાસ પર આધારિત છે. સંવાદિતા એટલે કે બીજાનું ભલું ઇચ્છવાનો શુદ્ધ ભાવ. પ્રમુખસ્વામી મહારાજે પણ કહ્યું છે કે 'બીજાના ભલામાં આપણું ભલું.' સંવાદિતા ત્યારે જ સધાય જ્યારે કોઈપણ પ્રકારની અપેક્ષા ન હોય. સંવાદિતા એ ભગવાનની શક્તિ છે. નમ્રતા એ ભગવાનનો માર્ગ છે. આ સમજણ સાથે આપણે સંવાદિતા સાધી શકીએ છીએ.

આ મંદિર એ ભગવાનનું જ નિર્માણ છે. આ મંદિર બનાવવાનો કોઈ ઇરાદો ન હતો. આ તો બનતાં બનતાં બની ગયું. સહેજે સહેજે એની મેળે બની ગયું. આ ભગવાનની રચના છે. આપણે તો ફક્ત નિમિત્ત છીએ.

અમે બંને દેશોની અને સમગ્ર વિશ્વની સમૃદ્ધિ, પ્રગતિ અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. આજે પ્રાર્થના કરીએ કે યુ.એ.ઈ. અને ભારત બંનેનો ખૂબ જ વિકાસ થાય, બંને દેશોમાં શાંતિ રહે, બંને દેશના લોકો સુખી થાય, અબુધાબીના આદરણીય રાજા અને શ્રી મોદી સાહેબ ખૂબ પ્રગતિ કરે અને અધિક ને અધિક સફળતા પ્રાપ્ત કરે એ પ્રાર્થના.''

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દિવ્ય આશીર્વચનોને સૌએ સ્ટેન્ડિંગ ઑવેશન આપીને વધાવ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રસિદ્ધ લેખક શ્રી બિક્રમ વોહરા દ્વારા લિખિત 'A MILLENNIAL MOMENT - A Mandir in the Middle East Transforming History and Hearts' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક સ્વામીશ્રીએ શ્રી નરેન્દ્રભાઈને ભેટ અર્પ્યું. ત્યારપછી સ્વામીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને શેખ નહ્યાનને મંદિરની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપી હતી.

આ સાથે જયનાદો ગુંજી ઊઠ્યા અને આજના ઐતિહાસિક સમારોહની પૂર્ણાહુતિ થઈ. સભાગૃહમાં ઉપસ્થિત સૌનું અભિવાદન સ્વીકારતાં સ્વામીશ્રી સહિત મહાનુભાવોએ વિદાય લીધી હતી. શ્રી નરેન્દ્રભાઈ સભાગૃહમાં સૌની વચ્ચેથી પસાર થઈ સૌનું અભિવાદન ઝીલતાં ઝીલતાં સભાગૃહની બહાર પધાર્યા અને રોશનીથી ઝળહળતા મંદિરનાં ભવ્ય શિખરોની પાર્શ્વભૂમાં પુનઃ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લઈ તેમણે કતાર ભણી રવાના થવા માટે વિદાય લીધી. શેખ નહ્યાને પણ સ્વામીશ્રીનું અભિવાદન ઝીલી વિદાય લીધી.

આજનો ઐતિહાસિક અવસર સૌ માટે ચિરંતનકાળ સુધી અંતરમાં કંડારાઈ ગયો. સૌનાં અંતર ઉમંગે ગાઈ રહ્યાં હતાં :

*યે મંદિર ઐસા કમલ ખીલા હૈ...*
*બી.એ.પી.એસ. હિન્દુ મંદિર કો કોટિ કોટિ વંદન*
*માનવતા કે ગૌરી શિખર કો કોટિ કોટિ વંદન...* ◆

# સંવાદિતા દિન

વિશ્વધર્મોના ધર્મગુરુઓએ
મંદિરની સંવાદિતાને
બિરદાવીને વિશ્વ સમક્ષ
સંવાદિતાની આહ્‌લેક
જગાવી....




*અબુધાબીમાં મંદિર મહોત્સવને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી 'ફેસ્ટિવલ ઑફ હાર્મની' તરીકે ઊજવવામાં આવ્યો હતો. એક મુસ્લિમ શાસકે એક હિન્દુ મંદિર માટે ભૂમિદાનથી લઈને નાની-મોટી અનેક સહાયમાં દાખવેલી ઉદારતા સમગ્ર વિશ્વ સમક્ષ સંવાદિતાનું કેટલું મોટું ઉદાહરણ પૂરું પાડે છે! એટલે જ આ મહોત્સવ ખરા અર્થમાં 'ફેસ્ટિવલ ઑફ હાર્મની' બની રહ્યો હતો. અને તેનું પ્રતિબિંબ તા. ૧૫-૨-૨૦૨૪ના રોજ મહોત્સવમાં ઊજવાયેલા 'ડે ઑફ હાર્મની' એટલે કે સંવાદિતા દિનમાં સૌને પ્રત્યક્ષ નીરખવા મળ્યું હતું.*

*તમામ વિશ્વ ધર્મોના અગ્રણી ધર્મગુરુઓ અને પ્રતિનિધિઓ આજના સમારોહમાં ઉપસ્થિત હતા. બ્રહ્મવિહારીદાસ સ્વામીના સ્વાગત સંબોધન પછી શ્રી ઓમર સૈફ ગોબાશ (સહાયક મંત્રી, સાંસ્કૃતિક વિભાગ, યુ.એ.ઈ.), યહુદી ધર્મગુરુ રબાઈ શ્રી ડેવિડ રોઝન KSG CBE, કેથોલિક ખ્રિસ્તી ધર્મગુરુ શ્રી બિશપ પાઓલો માર્ટિનેલી OFM Cap, બૌદ્ધ ધર્મગુરુ શ્રી ભિખ્ખુ સંઘસેના, ઈસ્લામિક ધર્મગુરુ ડૉ. અબ્દુલ રહેમાન અલ ઝાયેદ (વર્લ્ડ મુસ્લિમ લીગ), નામધારી શીખ ધર્મગુરુ શ્રી સતગુરુ ઉદયસિંઘજી, હિન્દુ ધર્મના મહાન આચાર્ય સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી મહારાજ (પ્રમુખ, હિન્દુ ધર્મ આચાર્ય સભા), શ્રી બાવા જૈન (સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ઑફ રિલિજિયસ લીડર્સ), યુનેસ્કોમાં ભારતના રાજદૂત શ્રી વિશાલ વી. શર્મા વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને સર્વધર્મ-આદરની આહ્‌લેક જગાવી અને આ મંદિરની સંવાદિતાની પહેલને બિરદાવી હતી. અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ધર્મગુરુઓને અંતઃકરણપૂર્વક પ્રણામ કરીને, દરેક ધર્મના સમુદાયો વચ્ચે સંવાદિતાની ભાવના વધુ ને વધુ દૃઢ થાય એવી પ્રાર્થના કરી હતી.*



**શ્રી ઓમર સૈફ ગોબાશ**
મંત્રીશ્રી,
સાંસ્કૃતિક વિભાગ,
યુ.એ.ઈ.

આજે આ મંદિરનું ઉદ્‌ઘાટન આપણા સૌના પરસ્પર પૂર્ણ સ્નેહનું એક ચિહ્‌ન છે. સમગ્ર વિશ્વને આપણી વચ્ચેની સંવાદિતા આ મંદિર દ્વારા આપણે દર્શાવી શકીશું. ખરેખર, હિન્દુ સમાજ સાથે જોડાવું એ એક સન્માનનીય બાબત છે. •



**રબાઈ શ્રી ડેવિડ રોઝન, KSG CBE**
યહૂદી વિદ્વાન અને ધર્મગુરુ, અબુધાબી

ભારતની સમૃદ્ધ વિરાસત વિવિધતાને આવકારે છે. આ ચેતના ભારતમાં અને વિશ્વમાં ફેલાવવાનું કાર્ય બી.એ.પી.એસ. સંસ્થાએ કર્યું છે. આ મંદિર વિવિધતામાં એકતાને જગાવતું, ઊજવતું, આવકારતું એક ઉત્તમ ઉદાહરણ રૂપ છે. •



**બિશપ પાઓલો માર્ટિનેલી OFM Cap**
ખ્રિસ્તી ધર્મગુરુ,
કૅથોલિક વિકરાઈટ
દક્ષિણ અરેબિયા

આજે આ પવિત્ર મંદિરની મેં મુલાકાત લીધી, જેનું સૌંદર્ય ભગવાન સાથેના આપણા મૂળભૂત સંબંધોની યાદ અપાવે છે. ભગવાન સાથે જોડી રાખતા આવા પવિત્ર સ્થાનની અત્યંત આવશ્યકતા છે. યુ.એ.ઈ.નું આ નૂતન હિન્દુ મંદિર ભગવાન સાથે જોડાવાનું સ્થાન છે. આ મંદિર યુ.એ.ઈ.ની ધાર્મિક સ્વતંત્રતાને પણ અભિવ્યક્ત કરે છે. •



**ડૉ. અબ્દુલ રહેમાન અલ ઝાયેદ**
ડે. સેક્રેટરી જનરલ,
વર્લ્ડ મુસ્લિમ લીગ,
સાઉદી અરેબિયા

શાંતિ અને પરસ્પર આદર પ્રગટાવવા માટેના મહંત સ્વામી મહારાજનાં આ તમામ મહાન પ્રયત્નો અને મૂલ્યો બદલ હું તેમનો વ્યક્તિગત આભાર માનું છું. •



**શ્રી ભિખ્ખુ સંઘસેના**
બૌદ્ધ ધર્મગુરુ,
પ્રમુખ, મહાબોધિ
મેડિટેશન સેન્ટર,
લેહ-લડાખ

જ્યારે મેં પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન, કાર્ય અને સંદેશ વિશે જાણ્યું, ત્યારે એમ લાગ્યું કે, આ એક ચમત્કારથી જરાય ઓછું નથી. સામાન્ય વ્યક્તિ માટે આવું સિદ્ધ કરવાનું ક્યારેય શક્ય નથી. આ સુંદર મંદિર એક નોંધપાત્ર અને અતુલનીય સિદ્ધિ છે. આ મંદિર પૃથ્વી પરનું સ્વર્ગ છે. આ મંદિરની કોતરણીને તમે નિહાળો તો આશ્ચર્ય થશે કે આટલા ટૂંકા સમયમાં કલાકારોએ કેવી રીતે આટલું બધું નકશીકામ કર્યું. મને દૃઢ વિશ્વાસ છે કે આ મંદિર પ્રેમ, કરુણા અને સંવાદિતાના પ્રકાશનો ભંડાર બની રહેશે. •



**પૂજ્ય શ્રી સતગુરુ ઉદયસિંઘજી**
ધર્મગુરુ, નામધારી
શીખ સંપ્રદાય,
દિલ્હી

આ સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મ અથવા વૈદિક ધર્મની સાચી ચેતનાને પ્રસરાવવા માટે સતત તત્પર છે. આ મુસ્લિમ દેશમાં સનાતન હિન્દુ ધર્મનું આવું સુંદર મંદિર તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. •



**શ્રી બાવા જૈન**
સેક્રેટરી જનરલ,
વર્લ્ડ કાઉન્સિલ
ઓફ રિલિજિયસ
લીડર્સ, યુ.એસ.એ.

માનવ જાતને આ મહાન ભેટ આપવા બદલ મહંત સ્વામી મહારાજનો આભાર માનવા માટે કોઈ શબ્દો નથી. આ મંદિર ખરા અર્થમાં શાંતિ અને સંવાદિતાનો ખૂબ મોટો અધ્યાય છે. જેમને ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મ શું છે, એ સમજવું હોય તો હું કહું છું કે તમે અક્ષરધામમાં આવો, અબુધાબીના આ મંદિરમાં આવો. તમને તેનો યથાર્થ પરિચય મળી જશે. •



**શ્રી વિશાલ વી. શર્મા**
ભારતીય રાજદૂત, યુનેસ્કો, મુંબઈ

આ મંદિર સંવાદિતા અને ભારતીય તત્ત્વજ્ઞાનના વસુધૈવ કુટુંબકમ્ મંત્ર મુજબ સંવાદિતાના પાયા પર રચાયું છે. આ મંદિરના અદ્વિતીય આર્કિટેક્ચરમાં વિશ્વના પ્રસિદ્ધ સંસ્કૃતિઓનાં પ્રતીકો નીરખવા મળે છે. કદાચ આ એકમાત્ર ધાર્મિક સ્થળ એવું છે જ્યાં પ્રાચીન ઈજિપ્શિયન ટ્રિનિટીનું દર્શન થાય છે. ●



**આચાર્ય શ્રી સ્વામી અવધેશાનંદગિરિજી મહારાજ**
પ્રમુખ, હિન્દુ ધર્મ આચાર્ય સભા, ભારત

બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને સનાતન ધર્મના આ મહાન પ્રદાન બદલ હૃદયથી વંદન કરું છું. આ મંદિર એકતાનું એક પ્રભાવશાળી સિમ્બોલ બની રહેશે. આ મંદિરનું સુંદર આર્કિટેક્ચર સનાતન ધર્મીઓને ગૌરવ અને ગર્વ ઉપજાવે છે.
આજે સમગ્ર વિશ્વમાં જ્યાં-જ્યાં ભારતીયો છે તેઓ હર્ષિત છે, આનંદિત છે, ઉલ્લાસિત છે. શ્રીરામ મંદિરના આનંદ-ઉલ્લાસથી દેશ હજુ બહાર નથી આવ્યો ત્યાં તો અબુધાબીના આ મંદિરથી સમગ્ર વિશ્વમાં ખૂણે-ખૂણે એક અલગ ઉત્સવ અને અલગ આનંદ છે. આપ કલ્પના નહીં કરી શકો કે ભારતમાં કેરળ, તમિલનાડુ, ગુજરાત, પંજાબ, બિહાર, બંગાળ, ઉત્તરાખંડ, રાજસ્થાન ઠેર ઠેર દીપ પ્રગટાવાઈ રહ્યા છે. અહીં બેસીને આપણે કલ્પના પણ નહીં કરી શકીએ કે સમગ્ર વિશ્વમાં અબુધાબીના આ મંદિરના ઉદ્‌ઘાટનથી ભારતીયોમાં માત્ર ઉત્સાહ અને આનંદ જ નથી, પરંતુ એમની આંખોમાં ભીનાશ છે, હૃદયમાં આર્દ્રતા છે. અહીંના બાદશાહ અને સમ્રાટના આભારી છીએ કે જેમણે અહીં ભૂમિનું દાન આપ્યું અને બી.એ.પી.એસ. સંસ્થાએ આ મંદિરનું નિર્માણ કર્યું. પ્રમુખસ્વામી મહારાજે શારજાહમાં એક સંકલ્પ કર્યો હતો તેની સિદ્ધિ, સાકારતા, દિવ્યતા આપણે અહીં જોઈ રહ્યા છીએ. મહાપુરુષો સંકલ્પ કરે છે તે સિદ્ધ થાય છે જ. પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો અને મહંત સ્વામી મહારાજની દૃઢતા તથા દિવ્યતાથી તે સાકાર થયેલો આપણે જોઈ શકીએ છીએ.
અહીં ગંગા, યમુના અને સરસ્વતીનાં દર્શનથી હું આશ્ચર્યચકિત છું. પૂરા વિશ્વને પ્રભાવિત કરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આ સિદ્ધિથી મને અત્યંત આનંદ છે. હું ભાગ્યશાળી છું કે અમેરિકામાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો મેં લાભ લીધો હતો. આજે પ્રત્યેક ભારતીય બી.એ.પી.એસ.નો ઋણી છે અને કહે છે કે આરબ ધરતી પર ગંગા, યમુના અને સરસ્વતી વહાવીને સંસ્કૃતિનું ગીત ગાનાર આ સંસ્થાનું ભારત ઋણી છે. હું લાખો સંન્યાસીઓ અને તમામ સંપ્રદાયો વતી મહંત સ્વામી મહારાજને પ્રણામ કરીને અભિનંદન આપું છું. અહીં આવીને હું મારી જાતને અત્યંત આહ્‌લાદિત, આનંદિત અને સન્માનિત અનુભવું છું. ●



**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**
બી.એ.પી.એસ. સંસ્થા, ભારત

આપ બધાનાં એકસાથે દર્શન કરીને હું અંતરમાં ખૂબ આનંદ અનુભવું છું અને સૌને હૃદયપૂર્વક પ્રણામ કરું છું. બગીચામાં ખીલેલાં સારાં ફૂલ હોય તે પોતપોતાની રીતે સુગંધ ફેલાવે છે, પરંતુ તે બધાં જ ફૂલ એકસાથે ગૂંથાઈને હાર બને છે ત્યારે વધુ સુંદર દેખાય છે. તેવી જ રીતે બધા ધર્મો વચ્ચે સંવાદિતા સ્થપાય તો આખું વિશ્વ વધુ સુંદર બને છે.
પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા કે 'બીજાના ભલામાં આપણું ભલું', 'બીજાના સુખમાં આપણું સુખ'. એ કહેતા નહોતા એમની જીવનભાવના જ હતી.
સેકન્ડે સેકન્ડ આ રીતે જ બધું કાર્ય કર્યું છે - કોઈ ભેદભાવ વગર. બીજાના ભલાનું રટણ રહેતું અને કરી પણ બતાવ્યું છે.
અમારા ગુરુ યોગીજી મહારાજ કહેતા કે 'ભગવાન સૌનું ભલું કરો.' બે-પાંચનું નહીં, આપણા સંપ્રદાયનું નહીં, પરંતુ સૌનું ભલું કરો. તે પણ એ રીતે જીવ્યા છે.
પ્રમુખસ્વામી મહારાજ કહેતા - 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ'.
આજે સંવાદિતા દિન છે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણા સૌના જીવનમાં સંવાદિતાની ભાવના વધુ ને વધુ દૃઢ થાય અને આપણા દ્વારા વૈશ્વિક ધર્મની ખૂબ જ સારી સેવા થાય. ●



(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપરથી)

વ્યક્ત કરતાં કહ્યું, 'પરમ પૂજ્ય ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો આભાર કે તેઓએ આ મંદિરનો સંકલ્પ કર્યો. મહંત સ્વામી મહારાજ! તમામ હરિભક્તો વતી, હિન્દુ ધર્મ વતી અને તમામ ધર્મો વતી આપનો આભાર કે આપે પ્રમુખસ્વામી મહારાજનો આ સંકલ્પ પૂરો કર્યો. જેમ યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ પૂરા કર્યા, જેમ પ્રમુખસ્વામી મહારાજે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પો પૂરા કર્યા તેમ આપે પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ પૂરા કર્યા.

આટલી મોટી ભૂમિ આપવા બદલ રાજાનો અને પ્રત્યેક પડાવે સહકાર આપવા બદલ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર. સ્વામી, આપે કહ્યું હતું કે આ મંદિર એ લવ, પીસ અને હાર્મનીનું મંદિર છે! તો પ્રાર્થના છે કે આ આખુંય વિશ્વ આપના પ્રેમના, આપની શાંતિના અને આપની સંવાદિતાના આશીર્વાદ પામે! અમે સૌ આ દિવસને, માનવ ઇતિહાસના કદાચ સૌથી મહાન સંવાદિતાના દિવસ તરીકે ઊજવીએ! ખૂબ ખૂબ આભાર સ્વામીબાપા!'

ત્યારબાદ આ મંદિરનિર્માણમાં ભક્તિસભર યોગદાન આપનાર બ્રહ્મવિહારીદાસ સ્વામી, અક્ષરાતીતદાસ સ્વામી, પૂજારી સંતો અને મંદિરમાં સેવા આપી રહેલા સંતોએ કલાત્મક હારતોરા વડે સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કરીને આશીર્વાદ લીધા.

સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને દર્શનદાન આપી રહેલાં ભગવત્ સ્વરૂપોની સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

હવે, શંખનાદ-ઝાલર-નગારાંના નાદ સાથે પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારવામાં આવી ત્યારે અહીંનું વાતાવરણ આરતીના દિવ્ય ધ્વનિ-તરંગોથી પુલકિત થઈ ઊઠ્યું. સૌના રોમેરોમ રોમાંચિત થઈ ઊઠ્યા. ઘણાની આંખો હર્ષાશ્રુથી ભીંજાઈ ગઈ હતી.

આરતી બાદ સ્વામીશ્રીએ મૂર્તિઓનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ શુદ્ધ ભાવનાથી ઉત્સર્જન સંકલ્પવિધિ કરીને વિશ્વભરના લોકોના કલ્યાણ માટે સનાતન સમય માટે આ મંદિર ખુલ્લું મૂક્યું.

જ્યાં ઘંટનાદ કરવો એ પણ કલ્પનાતીત હતું તેવી ભૂમિ પર રચાયેલા કલામંડિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિરનાં દ્વાર ઉદ્ઘાટિત થયાં અને ઝાલર-નગારાં ધણધણી ઊઠ્યાં તેની પાછળ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અપ્રતિમ પુરુષાર્થ સૌને સાંભરી આવ્યો! એપ્રિલ, ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે અરબસ્તાનના રણની રેતીમાં અંકિત કરેલાં પગલાં સમયના ચક્રમાં વધુ ને વધુ ચમકતાં થયાં. વર્ષોના એ પુરુષાર્થે અહીં શ્રદ્ધાનો એક શાશ્વત મુકામ રચીને રણને નંદનવન બનાવી દીધું! સરવાળો માંડતાં, આજથી ૨૭ વર્ષ પૂર્વે તેઓએ યુ.એ.ઈ.ના દેશોમાં કરેલા આગમનનું સાચું મૂલ્ય આજે સમજાઈ રહ્યું હતું – ગગનમાં ફરકતી ભગવા રંગી સનાતન હિન્દુ ધર્મની ધજાઓથી...

# સંસ્કૃતિ દિન

સંસ્કૃતિના પ્રખર વિદ્વાન સંતો-મહાનુભાવોએ જીવનમાં સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવીને આ મંદિરનાં સર્જનને બિરદાવ્યું...




સંસ્કારોનું વહન કરીને માનવજાતને દિશા ચીંધતી પરંપરાનું નામ છે – સંસ્કૃતિ. યુગોથી વિશ્વની અનેક નદીઓના તટે સમયે સમયે સંસ્કૃતિઓ પાંગરતી રહી છે. તેમાં, અનેક આક્રમણો વચ્ચે પણ અડીખમ રહી છે ભારતીય સંસ્કૃતિ. અવતારો, ઋષિઓ, સંતો અને ભક્તોએ પ્રગટ થઈને આ સંસ્કૃતિનું પેઢી-દર-પેઢી વહન કર્યું છે. આ સંસ્કૃતિનાં જતન-સંવર્ધન માટે ભગવાન સ્વામિનારાયણ અને એમની પરંપરામાં આ સદીના યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. આ સનાતન સંસ્કૃતિનું વહન કરતાં શાસ્ત્ર, મંદિર અને સંતનો મહિમા જગતભરમાં વિસ્તારીને તેમણે સંસ્કૃતિનું ખરા અર્થમાં પોષણ કર્યું છે. તેની પ્રતીતિ કરાવતા અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે, આપણી શાશ્વત સંસ્કૃતિનું દર્શન કરાવતો 'સંસ્કૃતિ દિન' પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સનાતન હિન્દુ ધર્મના સંતો-મહંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૨-૨૦૨૪ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ, દક્ષિણ ભારતના પ્રસિદ્ધ સંત રામાનુજાચાર્ય પૂજ્ય શ્રી ત્રિદંડી ચિન્ના જિયર સ્વામી, પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, જગદ્‌ગુરુ પૂજ્ય સ્વામી શ્રી ડૉ. નિર્મલાનંદનાથજી, શીખ ધર્મગુરુ ગ્રંથી જ્ઞાની રણજિતસિંઘજી, પ્રખર સંસ્કૃતિવિદ પંડિત વામદેવ શાસ્ત્રી આચાર્ય શ્રી ડેવિડ ફ્રોલી, બાહરીનના પૂર્વ મંત્રીશ્રી ડૉ. અબ્દુલ રહેમાન અબ્દુલ્લા બુઅલી વગેરેએ સંસ્કૃતિની ગરિમા સમજાવીને આ ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની અદ્‌ભુત સૃષ્ટિ પર પ્રકાશ પાથર્યો હતો. આ મહાન ધર્માચાર્યોએ જણાવ્યું હતું કે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર જેવાં મંદિરો ખરા અર્થમાં આપણી સંસ્કૃતિનું ગૌરવ વધારે છે. આવાં અનેક મંદિરોના સર્જન બદલ બી.એ.પી.એસ. સંસ્થા અને તેના સૂત્રધાર મહંત સ્વામી મહારાજને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે.



**પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ**
સૂત્રધાર, શ્રી રામજન્મભૂમિ મંદિર, અયોધ્યા

સરોવરમાં કમળ ખીલે છે, તે તો આપણે જોયું હતું, પરંતુ રણમાં પણ કમળ ખીલે છે તે આજે અહીં જોયું. આપે અહીં જે સુંદર મંદિરનું નિર્માણ કર્યું છે તે વિશ્વનો એક અત્યંત મોટો ચમત્કાર છે, જે માત્ર મહંત સ્વામી મહારાજ કરી શકે છે. ભારતીય સંસ્કૃતિનું સર્વોચ્ચ પ્રતીક કમળ છે. અહીં જે કમળ ખીલ્યું છે તે નીરખીને વિશ્વના કોટિ કોટિ લોકોનાં હૃદય ખીલી ઊઠશે.

અહીં આવીને મેં આ મંદિર નીરખ્યું ત્યારે મેં જોયું કે અહીં સનાતન સંસ્કૃતિના તમામ સંપ્રદાયોનો સમાવેશ છે. સાત પ્રકારની ઉપાસના પદ્ધતિઓનો સમાવેશ છે. ભગવાન સીતારામ, ભગવાન રાધાકૃષ્ણ, ભગવાન શિવપાર્વતી, ભગવાન ગણેશ, ભગવાન અયપ્પા, ભગવાન જગન્નાથજી, ભગવાન વેંકટેશ - બધાને ધારણ કરવાવાળું આ દિવ્ય કમળ આ મરુભૂમિમાં એક મીઠી વીરડી સમાન બન્યું છે. તરસતી માનવજાતિને ક્યાં મળશે બંધુત્વ, સમન્વય અને શાંતિ? એવો પ્રશ્ન જેને થાય તેણે અહીં આવીને જોવું જોઈએ. આ સ્વામિનારાયણ સંસ્થાએ સિદ્ધ કરી બતાવ્યું છે કે જગતમાં કશું જ અસંભવિત નથી.

આ મંદિર કમળ છે, તો આ કમળને ખીલવનાર આ સંસ્થા એક સૂર્ય સમાન છે. આજે રથસપ્તમી, સૂર્યપૂજાનો દિવસ છે. એટલે એ આકાશી સૂર્યને તો પ્રણામ કરવા જ જોઈએ, પરંતુ રણમાં આ કમળ ખીલવનાર સ્વામિનારાયણ સંસ્થા રૂપી સૂર્યને પણ પ્રણામ કરવા જ રહ્યા.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સમયથી હું નીરખતો આવ્યો છું કે આ સંપ્રદાય માત્ર સંપ્રદાય જ નથી, પરંતુ સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિને પોતાની સાથે લઈને ચાલવાવાળો સંપ્રદાય છે. આથી વેદ-શાસ્ત્ર-પુરાણોમાં રાષ્ટ્ર માટે જે જે આવશ્યક કહ્યું છે તે બધું જ આ સંસ્થાએ કર્યું છે. એટલે અહીં અને અમેરિકામાં ન્યૂજર્સીમાં અક્ષરધામ મંદિરમાં મેં સંપૂર્ણ ભારતીય પરંપરાનું દર્શન કર્યું છે. ક્યારેક કોઈ બાળક કે નવી પેઢીના યુવાનને ભારતીય સંસ્કૃતિ જાણવાની ઇચ્છા થાય તો તેના એક એક સ્તંભ પાસે બેસીને અભ્યાસ કરશે તો એક એક સ્તંભ એક એક ગ્રંથ કરતાં અધિક જ્ઞાન આપશે.

મારા મનમાં એક શંકા અવાર-નવાર થતી હતી કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પછી આ સંપ્રદાય કોણ સંભાળશે? પણ જ્યારથી પૂજ્ય મહંત સ્વામી મહારાજનો પરિચય થયો, મને લાગવા લાગ્યું કે પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજે જેમના હાથમાં આ સંપ્રદાય સોંપેલો તે એટલા જ સમર્થ હાથ છે. અને તેમની કૃપાછાયામાં બધું કામ ઉત્તમ રીતે થાય છે.

અબુધાબીમાં ખીલેલા આ કમળની સુવાસ ભારત પહોંચશે અને ત્યાંની માનસિકતા પણ બદલાશે તેવો મને વિશ્વાસ છે. કારણ કે આ સુગંધ સદ્‌ભાવનાની, વિશ્વ બંધુત્વ, શાંતિ, પ્રેમ, સંવાદિતાની છે. આપણે બધા એક છીએ તેવો અનુભવ કરાવતી આ સુગંધ છે. જેની માનવજાતને આજે સૌથી વધુ જરૂરિયાત છે. આપણે સૌએ હવે લડવાની નહીં, પરંતુ એક થવાની જરૂર છે. આ મંદિર તેની પ્રેરણા આપે છે. આ મંદિર એક દીપસ્તંભ છે, જે માનવજાતને પ્રેમનો, સમન્વયનો, સંતુલનનો, શાંતિનો પ્રકાશ આપે છે. આ સંપ્રદાયની ભક્તિ એ માત્ર સંપ્રદાયની ભક્તિ નથી, પરંતુ સનાતન ધર્મની ભક્તિ છે, ભારતમાતાની ભક્તિ છે, અને આપની આ ભક્તિ ભારતમાતાની કીર્તિને દિગંતમાં પ્રસરાવશે. આપની આ સેવા રંગ લાવશે. •



**પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી**
સ્થાપક, આચાર્ય આર્ષ વિદ્યામંદિર, રાજકોટ

આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર વૈશ્વિક મૈત્રી અને પ્રેમનું મૂર્તિમંત પ્રતીક છે. આ મંદિર માત્ર બે દેશો નહીં, પરંતુ બે સંસ્કૃતિઓ વચ્ચેનું એક સ્નેહ કેન્દ્ર છે. સમગ્ર મંદિર ખૂબ સુંદર નકશીકામથી શોભે છે. મને ખાતરી છે કે આ સુંદર મંદિર પ્રેમ, સંવાદિતા અને મૈત્રીની એક નૂતન વૈશ્વિક સંસ્કૃતિનું ઘડતર બની રહેશે. આ મંદિર તેનો શિલાન્યાસ છે, તેનાં મધુર ફળો ભવિષ્યમાં ચાખવાં મળશે. •



**જગદ્‌ગુરુ પૂજ્ય સ્વામીશ્રી ડૉ. નિર્મલાનંદનાથજી**
ધર્મગુરુ, આદિ ચુનચુનગિરિ મઠ, કર્ણાટક

આજે આ મંદિરનું દર્શન કરીને અનુભવાયું કે આ મંદિર સેવાનું મૂર્તિમંત સ્વરૂપ છે. લોકોને ભલે લાગે કે આ મંદિર એ એક મહાન મૉન્યુમેન્ટલ સ્ટ્રક્ચર છે, પરંતુ તે માત્ર પથ્થર કે સ્ટીલનું જ બન્યું નથી, પરંતુ તે ભક્તિ, પ્રેમ અને સેવાનું સાક્ષાત્ સ્વરૂપ છે. આ મંદિર કલા, વિજ્ઞાન અને ઇતિહાસનું એક વિશિષ્ટ સ્થાન છે. ●



**પૂજ્ય શ્રી ચિન્ના શ્રીમન્નારાયણ જિયર સ્વામી**
પ્રસિદ્ધ રામાનુજાચાર્ય, આંધ્રપ્રદેશ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ વિશ્વને સમતાનો સંદેશ આપવા માટે આ મંદિર રૂપે મહાન સેવા પોતાના ગુરુદેવને અર્પણ કરી છે. એ માટે હું સંસ્થાને ખૂબ ખૂબ અભિવાદન કરું છું.
પોતાના આચાર્ય-ગુરુનો સંકલ્પ જાણીને તેને સાકાર કરવો તે સામાન્ય બાબત નથી. ગુરુના વૈભવને સમસ્ત વિશ્વમાં ફેલાવવો તે ભક્તિસંપ્રદાયની પરંપરા છે. યોગીજી મહારાજના સંકલ્પને જાણીને પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામનો આવિષ્કાર કર્યો અને વિશ્વના ખૂણે ખૂણે સ્વામિનારાયણ સંપ્રદાયને પહોંચાડીને લોકોમાં પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાને જગાવીને વિશ્વમાં એકતા સ્થાપિત કરવાનો સફળ પ્રયાસ કર્યો.
પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ હતો કે અબુધાબીના આ રણમાં પ્રેમધારા વહાવવી છે. આથી અહીંના લોકોનો સાથ લઈને મહંત સ્વામી મહારાજે આ સંકલ્પને સાકાર કર્યો છે. આ ભૂમિ પર આવું મંદિર કરવું તે મામૂલી બાબત નથી. એક તરફ મત, ધર્મ, નાતજાત વગેરે ભેદભાવને કારણે દુનિયા ટુકડાઓમાં વહેંચાઈ રહી છે ત્યારે સૌને જોડવાનું આવું કાર્ય અહીં થયું છે. તેમાં નરેન્દ્રભાઈ મોદી અને અહીંના રાજાઓએ પણ પોતાનો સહયોગ અર્પણ કર્યો છે. આ મંદિરની સેવામાં બી.એ.પી.એસ. સંસ્થાના સંતોની સાથે જે ભક્તો જોડાયા છે તે કોઈ મામૂલી નથી. તેઓ પણ મોટા મોટા વેપારીઓ છે, પરંતુ પોતાના ગુરુનો સંકલ્પ સાકાર કરવા માટે સૌની દૃઢ નિષ્ઠા છે. આ મંદિરના આવિષ્કારથી ભારત અને આરબ અમીરાતના સંબંધો પણ દૃઢ થયા છે અને બે ધાર્મિક પરંપરાઓમાં પણ પ્રેમ દૃઢ થયો છે, જે હજુ પણ વધુ મજબૂત બનશે. ●



**પદ્મભૂષણ પંડિત વામદેવ શાસ્ત્રી આચાર્ય શ્રી ડેવિડ ફ્રોલી**
ડાયરેક્ટર, વૈદિક અમેરિકન ઇન્સ્ટિ., યુ.એસ.

મારે એ જ કહેવું છે કે બી.એ.પી.એસ. મંદિરો વિશ્વમાં અને માનવજાતમાં પરિવર્તન લાવી રહ્યાં છે. આપણે જોઈએ છીએ કે અબુધાબીનું આ મંદિર ભારત અને મધ્યપૂર્વના દેશોના સંબંધોમાં કેવું પરિવર્તન લાવી રહ્યું છે, વિશ્વમાં શાંતિનો સંદેશ આપી રહ્યું છે. જ્યારે વિશ્વમાં પરસ્પરના વિગ્રહો વધી રહ્યા છે ત્યારે આ મંદિરો બીજાને કંઈક આપવાની, કંઈક વહેંચવાની, ક્ષમા કરવાની, સંવાદિતા લાવવાની, પ્રેમ અને ભક્તિની પ્રેરણા આપી રહ્યાં છે. આ મંદિરો સૌ કોઈના માટે છે. તે આપણને ચેતનાના એક ઉચ્ચ સ્તરે લઈ જાય છે. દરેક મંદિર સમગ્ર બ્રહ્માંડનું એક પ્રતિબિંબ છે. આ મંદિર અને આ બી.એ.પી.એસ. સંસ્થા સિવિલાઈઝેશનલ પરિવર્તન આણી રહી છે. આ ધાર્મિક સિવિલાઈઝેશનલ પરિવર્તન વૈશ્વિક સ્તરે તે વહેંચી રહી છે. હું છેલ્લાં ૩૦ કરતાં વધારે વર્ષોથી આ સંસ્થા દ્વારા માનવતાને જે માર્ગદર્શન મળી રહ્યું છે તે પ્રસન્નતાપૂર્વક જોઈ રહ્યો છું. ●



**ડૉ. શ્રી અબ્દુલ રહેમાન અબ્દુલ્લા બુઅલી**
પૂર્વસભ્યશ્રી, શૂરા કાઉન્સિલ, બાહરીન

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્મિત આ પરંપરાગત મંદિર ગલ્ફ દેશો, મિડલ ઈસ્ટ અને વિશ્વમાં આંતરધર્મ સંવાદિતા અને સાંસ્કૃતિક વિવિધતાના ઉત્કર્ષનો એક નોંધપાત્ર માઈલસ્ટોન છે. આ એક એવું સ્થાન છે કે જ્યાં તમામ સમુદાયના લોકો આવશે, એકબીજા સાથે ઉત્તમ મૂલ્યો અને સંસ્કારોની આપ-લે કરીને તેની ઉજવણી કરશે. ●

**આ મંદિરના આવિષ્કારથી ભારત અને આરબ અમીરાતના સંબંધો પણ દૃઢ થયા છે અને બે ધાર્મિક પરંપરાઓમાં પણ પ્રેમ દૃઢ થયો છે, જે હજુ પણ વધુ મજબૂત બનશે.**

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપરથી)

અભિષેક મંડપમ્‌માં ભગવાન શ્રી સ્વામિનારાયણ પર ભારતની પ્રમુખ નદીઓ જાણે અભિષેક કરી રહી હોય તેમ તેના પ્રવાહો આ મંડપમ્‌ના સ્તંભોની કુંભીઓમાં અંકિત કરવામાં આવ્યા છે. આ નદીઓના પ્રવાહોને ભગવાન સ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમ્યાન પ્રસાદીભૂત કર્યા છે. વળી, અભિષેક મંડપમ્‌ના ફર્શ પર પ્રકાશથી આલોકિત જ્ઞાનના પ્રતીકસમી સરસ્વતી નદી જ્ઞાનની પ્રેરણા વહાવી રહી છે. પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે 'દેશ, ધર્મ અને સંસ્કૃતિ એકબીજાની નજદીક આવે અને સંવાદિતાથી સાથે રહીને વિશ્વમાં શાંતિ લાવે.' તેઓનો આ સંદેશ અભિષેક મંડપમ્‌ની રચનામાં સુંદર રીતે અંકુરિત થયો છે.

અભિષેક મંડપમ્‌ની છતમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓનાં પ્રાસંગિક ચિત્રો સુંદર પ્રભાવ સાથે ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલાં મૂલ્યોનો ઉજાસ પાથરી રહ્યાં છે. અભિષેક મંડપમ્‌ના ડેકોરેશનમાં પણ પુષ્પો-પર્ણોનું એવું સુંદર સંયોજન છે કે તેમાં પ્રકૃતિની વિવિધતા સાથે હિન્દુ પરંપરાનું સહજ દર્શન થાય. તેની મધ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પંચધાતુની અભિષેક મૂર્તિ બિરાજે છે. અહીં અભિષેક કરીને સૌ પોતાની માંગલિક પ્રાર્થનાઓ કરે છે અને ત્રિવિધ તાપથી શાંતિ પામ્યાનો અનુભવ કરે છે.

અભિષેક મંડપમ્‌ની પશ્ચાદ્‌ભૂમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સંગેમરમરની મૂર્તિઓ બિરાજે છે. તેની વચ્ચે આ મંદિરના સર્જક પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની ચિત્ર-પ્રતિમા બિરાજમાન છે.

આ મહાન ગુરુઓનાં ચરણે મસ્તક નમાવીને, તેમના આશીર્વાદ પામીને દર્શનાર્થી મંદિરની બહાર આવે છે, ત્યારે પોતાના જીવનની એક ચિરંતન સ્મૃતિ હૈયે જડાઈ જાય છે અને મહંત સ્વામી મહારાજના એ શબ્દો પ્રત્યક્ષ અનુભવાય છે કે *'અબુધાબીમાં મંદિર થઈ રહ્યું છે તે ભગવાનનું કાર્ય છે. તેથી સૌ કોઈના સહકાર અને સહયોગથી સાકાર થઈ રહ્યું છે. આ પ્રદેશમાં આવું મંદિર અને મૂર્તિઓ એ ચમત્કાર છે. Miracle! સૌ કહે છે કે આ એક ચમત્કાર છે, નવો ઈતિહાસ છે, નવો યુગ છે. Desertમાં heaven, ભગવાનની શક્તિ!'* ◆

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા-મહેસાણા** — **પ્રવેશ અંગે**

ઉત્તર ગુજરાતમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ખેરવા-મહેસાણા ખાતે વિદ્યામંદિર શરૂ થઈ રહ્યું છે. આ વિદ્યામંદિરમાં ધોરણ ૧ થી ૯(ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં અને ધોરણ ૧૧(વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)માં જૂન-૨૦૨૪થી શરૂ થતા સત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા આરંભાઈ ચૂકી છે. ધોરણ ૧ થી ૫માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના આધારે મૌખિક કસોટી લેવાશે. ધોરણ ૬ થી ૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની લેખિત કસોટી લેવાશે. પ્રવેશ વખતે વિદ્યાર્થીએ હાજર રહેવું. વિદ્યાર્થીના જન્મ-પ્રમાણપત્રની નકલ, આધારકાર્ડ, છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ અને બે પાસપોર્ટ ફોટા સાથે લાવવાના રહેશે.
**ઓનલાઈન પ્રવેશ ફોર્મ બાજુમાં આપેલા સ્કેનર પરથી ભરી શકશો.**
શાળા કેમ્પસમાં જ ઉત્તમ પ્રકારની હૉસ્ટેલ સુવિધા ફક્ત ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે.
**પ્રવેશ પ્રક્રિયાનો સમય :** દરરોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી.
**પ્રવેશ મેળવવાનું સ્થળ :** એડમિન ઑફિસ, બી.એ.પી.એસ. મંદિર, રાધનપુર ચોકડી પાસે, મહેસાણા.
અન્ય વિગતોની માહિતી માટે **સંપર્ક :** ૯૯૯૮૯ ૯૫૦૫૧, ૯૯૯૮૯ ૯૨૨૧૦

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ** — **પ્રવેશ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ ખાતે જૂન-૨૦૨૪થી શરૂ થતા નવા સત્રમાં નર્સરીથી ધોરણ ૧૨(વિજ્ઞાન પ્રવાહ તથા વાણિજ્ય પ્રવાહ) ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ (Boys) માટે (ધોરણ ૫ થી હોસ્ટેલની સુવિધા) તથા નર્સરીથી ધોરણ ૧૨(વિજ્ઞાન પ્રવાહ) ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થિનીઓ (Girls) માટે પ્રવેશકાર્ય શરૂ થઈ ગયું છે. પ્રવેશફૉર્મ રૂબરૂ નીચે દર્શાવેલા સરનામેથી મેળવી લેવા વિનંતી.
**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, પારડી-પારનેરા, ખોખરા ફળિયા (ધરાનગર, અબ્રામા) વલસાડ - ૩૯૬૦૦૧. મો. ૯૯૯૮૯ ૯૨૮૨૨/૮૨, ૭૦૬૯૦ ૬૨૮૫૫.
E-mail : bapsvmvalsad@gmail.com, bapsvmglvalsad@gmail.com

# શાંતિ દિન

વિભિન્ન ક્ષેત્રોના તજજ્ઞોએ
શાંતિની છણાવટ કરીને
પોતાના અનુભવો દ્વારા
નિત્ય જીવનને વધુ સુખમય
બનાવવાનો માર્ગ ચીંધ્યો...




હજારો વર્ષોથી માનવીએ શાંતિ મેળવવાના અઢળક પ્રયત્નો કર્યા છે, પરંતુ આજે માનવી પાસે બધી જ ભૌતિક સુવિધાઓ હોવા છતાં તે અંતરની શાંતિ ગુમાવી રહ્યો છે. ભારતના મહાન ઋષિઓ અને સંતોએ વિશ્વને શાશ્વત શાંતિનો રાહ બતાવ્યો છે. એ માર્ગ છે - આધ્યાત્મિક માર્ગ. વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી આધ્યાત્મિકતા આજે દુર્લભ બની છે ત્યારે અસંખ્યના હૈયે શાંતિની સંજીવની છાંટનાર વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનું શાશ્વત માર્ગદર્શન યાદ આવે છે.

તેમણે શીખવ્યું છે કે શ્રદ્ધા અને ભક્તિ જ આ કળિયુગમાં શાંતિનો અનુભવ કરાવશે. આ શ્રદ્ધા-ભક્તિની અભિવૃદ્ધિ માટે તેમણે ઠેર ઠેર સત્સંગકેન્દ્રો અને મંદિરોનાં સર્જન કર્યાં.

તાજેતરમાં અબુધાબીમાં રચાયેલું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પણ એ જ ગુરુચીંધ્યા માર્ગે શાંતિનો રાજમાર્ગ ચીંધે છે. એટલે જ તા. ૧૭-૨-૨૦૨૪ના રોજ 'ફેસ્ટિવલ ઑફ હાર્મની' અંતર્ગત શાંતિદિન યોજાઈ ગયો. આજના સમારોહમાં નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા શ્રી કૈલાશ સત્યાર્થી, ભારતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી શરદ બોબડે, પ્રસિદ્ધ તબીબ પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, જાણીતા અભિનેતા શ્રી વિવેક ઓબેરોય, ઓલા કેબ્સના સ્થાપક શ્રી ભાવિશ અગ્રવાલ, ડેઈલી હન્ટના સહ-સ્થાપક શ્રી ઉમંગ બેદી વગેરે મહાનુભાવોએ પોતપોતના ક્ષેત્રના અનુભવો ઠાલવીને શાંતિની સુંદર છણાવટ કરી હતી. ભાવોર્મિઓ વહાવીને તેમણે વિશ્વશાંતિના પુરસ્કર્તા ગુણાતીત ગુરુવર્યોને તેમજ આ મંદિરને બિરદાવ્યું હતું. સૌ મહાનુભાવોના ઉદ્‌બોધન બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જીવનમાં ઉન્નત વિચારો, હકારાત્મક વિચારસરણી અને ભગવાનના કર્તાપણાના વિચારને અપનાવીશું તો જીવનમાં પરમ શાંતિ મળશે તે વિષયક સુંદર આશીર્વાદ પાઠવ્યા હતા.

# ફેસ્ટિવલ ઓફ હાર્મની



**શ્રી કૈલાશ સત્યાર્થી**
નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા, ભારત

ઋગ્વેદમાં મંત્ર છે: संगच्छध्वं संवदध्वं... સમસ્ત વિશ્વની તમામ સમસ્યાઓનું સમાધાન આ પંક્તિમાં સમાઈ જાય છે. અહીં પ્રત્યેક જગ્યાએ મને આ મંત્રની સંવાદિતાવાળી વાત સ્પર્શી ગઈ. સંતુલન, સૌહાર્દ, સામંજસ્ય વિના વિશ્વ નૈતિકતાની સૌથી મોટી ઊણપમાંથી બહાર નહીં આવે. વિશ્વની સમસ્યાઓનું એક જ નિદાન છે કે સૌ બીજાનાં દુ:ખ-દર્દને પોતાનાં માને તેની પ્રેરણા આવાં સ્થાનોથી પ્રાપ્ત થાય છે. •



**પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ**
ચેરમેન, એપેક્ષ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ભારત

ભગવાન સ્વામિનારાયણે શાંતિ સ્થાપિત કરવા માટે કાર્ય તો કર્યું હતું, પરંતુ તેમણે ઉપદેશો દ્વારા સામાજિક સ્વાસ્થ્યને તંદુરસ્ત કરવા માટે પુરુષાર્થ કર્યો હતો. તેમનો આ વારસો તેમની ગુરુપરંપરાએ જાળવ્યો છે. ૧૧૦૦થી વધુ વૈશ્વિક શાંતિ અને સંવાદિતાના સ્મારક સમાં મંદિરો રચીને આ દિશામાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જે નોંધપાત્ર કાર્ય કર્યું છે તે આપણા ભવિષ્યને દિશા ચીંધશે. •



**જસ્ટિસ શરદ અરવિંદ બોબડે**
પૂર્વ ચીફ જસ્ટિસ, ભારત

આ મંદિર તો પથ્થરમાં કંડારાયેલી ભક્તિ છે, કરુણા છે, આશીર્વાદ છે. તે તમામ સંસ્કૃતિઓના સર્વોચ્ચ આદર્શોને પ્રસ્તુત કરે છે.
આ મંદિરે આપણી સંસ્કૃતિના નૂતન યુગનું ઉદ્‌ઘાટન કર્યું છે. •



**શ્રી વિવેક ઓબેરોય**
વિખ્યાત અભિનેતા, ભારત

આ સ્વામિનારાયણ વિચારધારાથી, મૂલ્યોથી હું ખૂબ પ્રભાવિત થયો છું. જ્યારે પણ મારા જીવનમાં મુશ્કેલી આવી છે ત્યારે મેં અનુભવ્યું છે કે સંતો-મહાત્માઓનું સાંનિધ્ય, તેમનો પ્રેમ, નિ:સ્વાર્થ ભાવના અને આશીર્વાદથી તમે તેમાંથી બહાર નીકળી જાઓ છો.
અહીં જે કલા-કૌશલ્યનો આવિષ્કાર થયો છે તે આટલા ઓછા સમયમાં ભક્તિ વિના શક્ય નથી.
અહીં અલગ અલગ જવાબદારીઓનું વહન કરીને સંતોએ અશક્ય કાર્યને શક્ય બનાવ્યું છે તે ગુરુ વિના શક્ય નથી. •



**શ્રી ઉમંગ બેદી**
સહ-સ્થાપક, ડેલી હન્ટ અને મીડિયા ઇનોવેટર, ભારત

આ મંદિર નિશ્ચિતપણે સંસ્કૃતિઓ અને દેશોને એકબીજાની નજીક લાવશે. અહીં ભારતીય સંસ્કૃતિ જ નહીં, પરંતુ વિશ્વની સંસ્કૃતિઓ પથ્થરમાં કંડારાઈ છે. આ મંદિર સંસ્કૃતિઓને નજીક લાવવાની સાથે સાથે ધર્મની પરંપરાઓને પણ નજીક લાવે છે, વિજ્ઞાન અને અધ્યાત્મને નજીક લાવે છે. આ મંદિર વિવિધતાનો ઉત્સવ કરે છે. •



**પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ**
બી.એ.પી.એસ. સંસ્થા, ભારત

બધા બહાર શાંતિ શોધે છે, પણ શાંતિ આંતરિક વસ્તુ છે. કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ નહીં, પણ આપણું મન જ આપણને શાંતિ અને અશાંતિ આપે છે. આપણે પોઝિટિવ વિચાર કરીશું તો શાંતિ રહેશે. પ્રાર્થના કરીએ કે ભગવાન દરેકને પોઝિટિવ વિચાર આપે. ભગવાનનો વિચાર એ મોટામાં મોટો પોઝિટિવ વિચાર છે. ભગવાનનાં ચરણોમાં શાંતિ રહી છે. ભગવાન આ મંદિરમાં વિરાજમાન થયા છે તો અહીં દરેકને પરમ શાંતિનો અનુભવ થાય તે પ્રાર્થના...'' •

# કૃતજ્ઞતા દિન

## સંસ્કાર-મૂલ્ય દિન અને પ્રેરણા દિન

મંદિરના નિર્માણના સહયોગીઓનો આભાર પ્રગટ કરીને તેમજ સંસ્કાર અને પ્રેરણા દિન ઊજવીને સૌએ ભક્તિ અદા કરી...




*અબુધાબીના રણમાં કમળની જેમ મહોરી ઊઠેલું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાયેલું એક સામૂહિક પ્રયાસનું પરિણામ છે. એટલે જ 'ફેસ્ટિવલ ઑફ હાર્મની' અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં એક કાર્યક્રમ હતો – કૃતજ્ઞતા દિન. એટલે કે આભાર પ્રગટ કરવાનો દિન. તા. ૧૮-૨-૨૦૨૪ના રોજ યોજાયેલ આ કૃતજ્ઞતા દિને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ કૃતજ્ઞતાનો મર્મ સમજાવ્યા બાદ, મંદિરના સર્જનમાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડનારા બ્રહ્મવિહારીદાસ સ્વામી, અક્ષરાતીતદાસ સ્વામી, ઉત્તમનિલયદાસ સ્વામી, શ્રી અશોકભાઈ કોટેચા, શ્રી સંજયભાઈ પરીખ, શ્રી સુમિતભાઈ વગેરેએ અહીંના રાજવી પરિવાર અને સરકારથી માંડીને નાનામાં નાના સ્વયંસેવકનો આભાર પ્રગટ કર્યો.*

*આ જ રીતે મહોત્સવના ઉપક્રમે બે મહત્ત્વના અવસર યોજાઈ ગયાઃ ૧. મૂલ્ય દિન, ૨. પ્રેરણા દિન.*

*તા. ૧૯-૨-૨૦૨૪ના રોજ મૂલ્ય દિનના ઉપક્રમે ભારતના પ્રસિદ્ધ સંતવર્ય પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ (પરમાર્થ નિકેતન, ઋષિકેશ) તેમજ આચાર્ય શ્રી સ્વામી બ્રહ્મેશાનંદજી(ઇન્ટરનેશનલ સદ્‌ગુરુ ફાઉન્ડેશન, ગોવા)એ ઉપસ્થિત રહીને પોતાનું મૂલ્યવાન સંબોધન કર્યું હતું. આ મંદિરને તેઓએ મૂલ્યોનું મૂર્તિમંત સ્વરૂપ ગણાવીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કોટિ કોટિ વંદન કર્યાં હતાં.*

*તા. ૨૧-૨-૨૦૨૪ના રોજ પ્રેરણા દિનના ઉપક્રમે બી.એ.પી.એસ. મહિલા પાંખ દ્વારા વિશિષ્ટ ભક્તિ અદા કરવામાં આવી હતી. આજના પ્રસંગે બે હજાર કરતાં વધારે બહેનોને સંબોધતાં ઋષિકેશથી પધારેલાં સાધ્વી સરસ્વતી ભગવતીએ જણાવ્યું હતું કે 'આ મંદિર ભક્તિની શક્તિ છે, વૈશ્વિક સંવાદિતાનું પ્રતીક છે.' અન્ય મહેમાનોમાં શ્રીમતી વંદના સુધીર (એક*

*શિક્ષણવિદ્ અને યુ.એ.ઈ.ના રાજદૂતનાં ધર્મપત્ની), શ્રી પૂનમ ભોજાણી (સી.ઈ.ઓ., ઈનોવેન્ચર્સ એજ્યુકેશન) વગેરે મહાનુભાવોએ પણ પ્રેરક સંબોધનો કર્યાં હતાં. આજના કાર્યક્રમમાં જૈન સમાજ, આર્ટ ઑફ લિવિંગ, અમેય ગુજરાતી લેડીસ, ઈન્ડિયન વિમેન ઑફ દુબઈ, રાઈઝિંગ સ્ટાર્સ ગ્રૂપ, મહારાષ્ટ્ર ગ્રૂપ, સાઉથ ઈન્ડિયન કોમ્યુનિટી, આઈ.એલ.એ. અબુધાબી અને અન્ય સંસ્થાઓનાં બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. અંતે મહંત સ્વામી મહારાજના વીડિયો આશીર્વાદ સૌએ માણ્યા હતા. આમ, ફૅસ્ટિવલ ઑફ હાર્મની અંતર્ગત ચાલેલા વિવિધ કાર્યક્રમોએ સૌને સંવાદિતા-પ્રેમ-શાંતિની પ્રેરણા આપી હતી.*







**પૂજ્ય સ્વામી શ્રી બ્રહ્મેશાનંદજી**
ઈન્ટરનેશનલ સદ્ગુરુ ફાઉન્ડેશન, ગોવા

અહીં એક ઐતિહાસિક કાર્ય થયું છે. સમસ્ત વિશ્વમાં આ ચમત્કારનો પ્રભાવ ફેલાશે.
એક સમય એવો હતો કે જ્યાં પહેલાં ક્યારેય આપણે મંદિરની કલ્પના પણ નહોતા કરી શકતા કે જ્યાં આપણને એક નાની મૂર્તિ લાવવાની પણ અનુકૂળતા નહોતી, ત્યાં આવું ઐતિહાસિક કાર્ય થયું છે! એ મહંત સ્વામી મહારાજે કરેલો ચમત્કાર છે. આપના દ્વારા જ આવા ભવ્ય મંદિરનું નિર્માણ શક્ય છે. આપને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે. ●



**પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી**
પરમાર્થ નિકેતન, ઋષિકેશ

મને લાગે છે કે, લોકો અહીં જોશે, તેમને લાગશે કે અહીં ખાલી જોવા જેવું નથી, પણ આવું જીવન જીવવા જેવું છે. મહંત સ્વામી મહારાજે અહીં રણમાં તીર્થ ઊભું કર્યું છે! અને આ તો શરૂઆત છે. એક મહાભારતની હિસ્ટ્રી પૂરી થઈ ગઈ, પણ આ તો 'મહાન ભારત'ની હિસ્ટ્રી તૈયાર થાય છે! આ શરૂઆત બહુ દૂર સુધી જશે, ટકશે અને લોકોને ટકાવશે. લોકોને ખબર પડશે કે કેવું વિશ્વ હોવું જોઈએ! ગ્રંથોમાં બધું છે, પણ બહાર કેવી રીતે જોવાનું? તે અહીંથી જોવા મળશે. પછી લોકોને જીવવા માટે એક પાથેય અહીંથી મળશે. આ મંદિરની વાતો આખા દેશમાં કરવા જેવી છે. લોકોને ખબર પડે કે સંતો નવો ઈતિહાસ લખી શકે છે. હું તો માનું છું કે પ્રમુખસ્વામી મહારાજ ગયા જ નથી, બાપા તો છે જ, બસ રૂપ બદલાઈ ગયું છે! ●



# સંકલ્પથી સિદ્ધિની યાત્રા

પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને
ગુરુભક્તિ રૂપે સિદ્ધ કરી
મહંત સ્વામી મહારાજે રચેલ
**બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની**
**એક સર્જનયાત્રા**







પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ હવાઈ યાત્રા દ્વારા ભારતથી યુ.એ.ઈ. તરફ ગતિ કરી રહ્યા હતા. અબુધાબીમાં નિર્મિત ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માટેની આ યાત્રા હતી. સ્વામીશ્રીએ આ યાત્રાને 'સંકલ્પ સિદ્ધિ યાત્રા' નામ આપ્યું હતું. આથી સહયાત્રીઓ પૈકીના એકે સવાલ પૂછ્યો: 'આપે આ યાત્રાને સંકલ્પ સિદ્ધિ યાત્રા નામ કેમ આપ્યું?'

ત્યારે સહજતાથી સ્વામીશ્રીએ કહ્યું: 'શ્રીજીમહારાજ બધાના શુભ સંકલ્પો અહીં સિદ્ધ કરે તે માટે.'

હા, ખરા અર્થમાં આ એક સંકલ્પ-સિદ્ધિની યાત્રા હતી. પ્રમુખસ્વામી મહારાજે અહીં મંદિરનો સંકલ્પ કર્યો હતો, તે સિદ્ધ કરીને સ્વામીશ્રી ગુરુભક્તિ અદા કરી રહ્યા હતા. વિવિધ પ્રાંત-ધર્મ-જાતિ-સમુદાયના અનેક લોકોને સાથે રાખીને સ્વામીશ્રીએ સંવાદિતાનું આ મંદિર ગુરુભક્તિ રૂપે રચ્યું છે. આ મંદિરના પ્રેરણામૂર્તિ તરીકે સ્વામીશ્રીએ આજથી લગભગ સવા ત્રણ વર્ષ પહેલાં સન ૨૦૨૦માં જાણે આ સંકલ્પ-સિદ્ધિની આગોતરી જાહેરાત કરી દીધી હતી. એ સમયે કોવિડનો સૌથી કપરો કાળ ચાલી રહ્યો હતો. આખું વિશ્વ જાણે સ્થગિત થઈ ગયું હતું. ક્યાંયથી કોઈને આશાનું કિરણ દેખાતું નહોતું. એવા સમયે એક આર્ષદ્રષ્ટા તરીકે પ્રેરણામૂર્તિની યથાર્થ ભૂમિકા અદા કરી રહેલા મહંત સ્વામી મહારાજે એક અદ્‌ભુત પત્ર લખ્યો હતો. આ પત્ર દ્વારા તેઓએ સંકલ્પ-સિદ્ધિનું જે બીજ વાવ્યું હતું એ મૂળ પત્રના શબ્દોને જ અહીં પ્રસ્તુત કર્યા છે. નેનપુરથી તા. ૨૨-૧૨-૨૦૨૦ના રોજ લખાયેલા આ પત્રના વાક્યે વાક્યે સંકલ્પ-સિદ્ધિની તેઓ જાણે આગોતરી જાહેરાત કરી રહ્યા હતા. માણો એ ઐતિહાસિક પત્રને...

'સ્વામી-શ્રીજી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

નેનપુર

૨૨-૧૨-'૨૦, મંગળવાર, માગશર સુદ ૮

પ્રમુખસ્વામી મહારાજના અતિશય કૃપાપાત્ર પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી પ્રતિ,

સાધુ કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

આજે પ્રમુખસ્વામી મહારાજની ૯૯મી જન્મજયંતી છે. પ્રમુખસ્વામી આપણી વચ્ચે રહીને ઘણું બધું કાર્ય Silently કરી ગયા છે. કોઈ દેખાવ નહીં, બસ! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પો પૂરા કરવા અને એમને રાજી કરવા બધું કાર્ય કર્યું હતું.

એવી જ રીતે આપણે પણ પ્રમુખસ્વામીના દિવ્ય સંકલ્પો પૂરા કરવાના છે અને એમને અતિશય રાજી કરવાના છે. આપે જણાવ્યા મુજબ, ૧૯૯૭માં શારજાહના રણમાં પ્રમુખ-સ્વામીએ પ્રાર્થના કરેલી કે, ''અહીં અને વિશ્વમાં બધે શાંતિ પ્રવર્તે, દરેક દેશના બધા ધર્મોમાં પરસ્પર પ્રેમ વધે, દરેક દેશો એકબીજા પ્રત્યેના પૂર્વગ્રહોથી મુક્ત થાય અને પોતપોતાની રીતે પ્રગતિ કરે'' અને સાથે સાથે એ પણ સંકલ્પ કરેલો કે આબુધાબીમાં મંદિર થશે. તે આજે સિદ્ધ થઈ રહ્યું છે.



અમે વર્ષોથી પ્રાર્થના કરતા આવ્યા છીએ કે, અખાતી દેશોમાં શાંતિ થાય. અને ભગવાનની કૃપાથી આજે આબુધાબીમાં મંદિર થઈ રહ્યું છે. તે ભગવાનનું કાર્ય છે. તેથી સૌ કોઈના સહકાર અને સહયોગથી સાકાર થઈ રહ્યું છે. આપણા ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રભાવ અને સંબંધના કારણે આબુધાબીના Crown Prince માનનીય શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાને વિશાળ જમીન ભેટમાં આપી, યાવત્ચંદ્રદિવાકરૌ! તે ઉપર સાત શિખરનું પથ્થરનું મંદિર થશે, જેમાં ભગવાનના અવતારો પ્રતિષ્ઠિત કરવામાં આવશે. મંદિર ઉપરાંત સુંદર સંવાદિતાનું સંકુલ થશે. આ પથ્થર અને ઈંટનું મંદિર નથી, પણ Love, Peace, Harmonyનું મંદિર થશે.

આ પ્રદેશમાં આવું મંદિર અને મૂર્તિઓ એ ચમત્કાર છે. Miracle! કોઈની કલ્પનામાં નથી આવતું. અમને જે જે ધર્મગુરુઓ, મહાનુભાવો કે મુલાકાતીઓ મળે છે તે સૌ કહે છે કે આ એક ચમત્કાર છે, નવો ઈતિહાસ છે, નવો યુગ છે. મને પોતાને સમજાતું નથી કે કઈ રીતે બધું ગોઠવાય છે. ભેજું કામ ન કરે, desertમાં heaven, ભગવાનની શક્તિ!

અત્યાર સુધીનાં સર્વે મંદિરોમાં આ મંદિર પહેલા નંબરનું થશે. અધ્યાત્મનું શિખર બનશે. સેંકડો વર્ષોની પ્રાર્થના આપણા પૂર્વજોએ કરેલી કે U.A.E.માં મંદિર થાય તે ફળીભૂત થશે! સમગ્ર ભારતની કળાઓ અને કથાઓ કંડારવામાં આવશે.

સંપ, સુહૃદભાવ અને એકતા એ ભગવાનના ગુણો છે. આખા બ્રહ્માંડના જીવો ખેંચાશે. દરેક દેશમાંથી ભાવિકો દર્શન કરવા આવશે. એક Spiritual Oasis For Global Harmony બનશે, જ્યાંથી ધાર્મિક એકતા, સામાજિક સંવાદિતા, નૈતિક સદ્ભાવના અને રાજકીય મિત્રતાનાં મૂલ્યો પ્રસરશે. પ્રમુખસ્વામીના આ દિવ્ય સંકલ્પમાં સૌનો સહકાર મળશે. રાજા સાહેબ રખેવાળ બનશે. શેખ અબ્દુલ્લાહ અને શેખ નહ્યાન કાર્યવાહક બનશે. બન્ને સરકાર - ભારત અને U.A.E.ના રાજદૂતો અને અધિકારીઓ મમત્વથી મદદ કરશે.

આ એકતાનું ધામ છે તેથી ચારેબાજુથી સહકાર, સહકાર, સહકાર મળશે. આપણે વિચાર્યું નહીં હોય ત્યાંથી પણ સહકાર મળશે. બધા ધર્મોનો સાથ સહકાર મળશે અને પોતાનું માનીને સૌ મદદ કરશે.

નાના મોટા સર્વે મમત્વથી અનહદ સેવા કરશે અને સમર્પિત થશે. આબાલવૃદ્ધ સર્વે આ મંદિરના રખેવાળ અને આધાર બનશે. આ બધું આપણે અનુભવ્યું છે. તે બીજાને કેવી રીતે સમજાવવું?

આ મંદિર સમગ્ર ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનાં સંસ્કાર અને મૂલ્યોનું ધામ બનશે અને વિશ્વમાં માનવતાનો ડંકો વાગશે. કેવળ ચંદ્ર પર નહીં, મંગળ પર નહીં પણ સમગ્ર બ્રહ્માંડમાં સંભળાશે. આ મંદિર જગવિખ્યાત થશે.

એકતાનો, સંપનો ડંકો વાગશે. Love, Peace, Harmony ચારે કોર ફરે છે. વાતાવરણમાં છે જ. સૌનાં હૃદયમાં અનુભવાય છે. મને દેખાય છે. આ ભૂમિના ૧૦૦ ભાગ કરો અને એક એક ભાગમાં ચમત્કારો થશે. પરચાની પરમ્પરા થશે. પરિવર્તન અને પ્રભાવના ચમત્કારો થશે. અકલ્પ્ય કામો થશે. અશક્ય શક્ય બનશે. આબુધાબીનું BAPS Hindu મંદિર એક

*સંપનું, સહકારનું, સંસ્કૃતિનું અને સભ્યતાનું ધામ બનશે. નવો યુગ આવશે.*

*જય શ્રી સ્વામિનારાયણ.'*

આજે આ પત્રને લખાયે ૪૦ મહિના જેટલો સમય વીત્યો છે, પરંતુ જાણે આજે જ લખાયો હોય તેવી અનુભૂતિ થાય છે.

આમ તો, અનેક મીટિંગો, અનેકવિધ કાર્યક્રમો, અનેકવિધ મુલાકાતો અને વ્યક્તિગત માર્ગદર્શન દ્વારા મહંત સ્વામી મહારાજ આ સમગ્ર પ્રોજેક્ટને સતત દોરી રહ્યા હતા. મંદિરના કઠિન તબક્કે તેમના આશીર્વાદ અને માર્ગદર્શને જ મંદિર-નિર્માણની યાત્રાને આગળ ધપાવી હતી. પરંતુ આ પત્ર દ્વારા તેઓ મંદિરની સિદ્ધિઓની એક વિરાટ સ્કાયલાઈન દોરી રહ્યા છે. સ્વામીશ્રીના આ પત્રનો અનુભવ એટલે કે સંકલ્પ-સિદ્ધિનો અનુભવ તેના ફાઉન્ડેશનથી લઈને મંદિરના ઉદ્‌ઘાટન મહોત્સવના પ્રત્યેક પગથિયે સૌને અનુભવાયો હતો. એટલે મંદિર-નિર્માણની યાત્રાને બીજું નામ આપવું હોય તો સંકલ્પ-સિદ્ધિની યાત્રા આપી શકાય. આવો, મંદિર સર્જનની એ યાત્રાના કેટલાક પડાવને માણીએ, જેમાં સહજતાથી આ મંદિરના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીનું પ્રતિબિંબ દેખાય છે.

ઉલ્લેખનીય છે કે, પરમ પવિત્ર મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદ અને પ્રેરણાથી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ મંદિરની ડિઝાઈન અને બાંધકામનું સમગ્ર સૂત્ર બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સંભાળ્યું હતું. તેમની સાથે સ્વામીશ્રીના આદેશથી અહીં નિર્દેશ કરેલા સમર્પિત સંતો અને સ્વયંસેવકોની ટીમ મંદિર-નિર્માણના સમગ્ર કાર્યમાં હોમાઈ ગઈ હતીઃ અક્ષયમુનિદાસ સ્વામી, અક્ષરાતીતદાસ સ્વામી, નિર્મલમુનિદાસ સ્વામી, આત્મવત્સલદાસ સ્વામી, બહુશ્રુતદાસ સ્વામી, ઉત્તમનિલયદાસ સ્વામી, સર્વજિતદાસ સ્વામી, પરિતોષદાસ સ્વામી, ગુરુનયનદાસ સ્વામી અને પરમવંદનદાસ સ્વામી વગેરે સંતો તેમજ યુ.એ.ઈ.ના અગ્રણી હરિભક્તો અ.નિ. રોહિતભાઈ પટેલ અને તેમના સુપુત્ર શ્રી ચિરાગભાઈ અને શ્રી ચિરાયુભાઈ, અ.નિ. ઘનશ્યામભાઈ પાગરાણી, શ્રી અશોકભાઈ કોટેચા, શ્રી યોગેશભાઈ મહેતા અને અન્ય અસંખ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્વયંસેવકો અને શુભેચ્છકોના અમૂલ્ય સમર્થન દ્વારા આ પ્રોજેક્ટ સંપન્ન થયો હતો. ઉપરોક્ત સંતો-સ્વયંસેવકો અને અન્ય અનેક સદ્‌ભાવીઓને અનુભવ થયો હતો કે પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પ અને મહંત સ્વામી મહારાજની દિવ્ય પ્રેરણા વિના આ કાર્ય સંભવિત નહોતું. આવો, તેમાંના કેટલાક અનુભવોને માણીએઃ

## મંદિરનું વિશિષ્ટ ફાઉન્ડેશનઃ

એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક સીમાચિહ્‌ન બનવા જઈ રહેલા અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની આ નિર્માણયાત્રા એટલે ભારતના સમૃદ્ધ અને પ્રેરણાદાયી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાની યાત્રા. ભારતની ભવ્ય અને દિવ્ય કલા, પરંપરા, સંસ્કૃતિ અને ભક્તિની યાત્રા. આમ, યાત્રાની ચમત્કૃતિનો અનુભવ ફાઉન્ડેશનથી જ શરૂ થઈ ગયો હતો.

મંદિર-નિર્માણનું સૌથી પ્રથમ સોપાન હતું – તેના ફાઉન્ડેશનની રચના. સામાન્ય રીતે પથ્થરની આવી વજનદાર ઈમારતના ફાઉન્ડેશન માટે નિષ્ણાતો થોડી વધારે ચિંતાપૂર્વક કાળજી લે છે. કારણ કે અહીં મંદિરના પથ્થરનું ભારેખમ વજન તો છે જ, પરંતુ મંદિરના પારંપરિક નિર્માણમાં ભારેખમ પથ્થરો વચ્ચે ક્યાંય લોખંડનો ઉપયોગ કરવામાં આવતો નથી.

અબુધાબીના આ કાર્યમાં નિષ્ણાતોએ જ્યારે કાર્ય આરંભ્યું ત્યારે પ્રાથમિક સોઈલ ટેસ્ટિંગ કરતાં જ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે તેમની ધારણા હતી કે આ મંદિરની નીચેની રણરેતીમાં ખૂબ ઊંડે સુધી રેતી જ છવાયેલી હશે અને પથ્થરની સંભાવના ખૂબ ઊંડે ગયા પછી જ હશે. પરિણામે મંદિરનું ફાઉન્ડેશન પાઈલ દ્વારા ખૂબ ઊંડું કરવું પડશે. પરંતુ સોઈલ ટેસ્ટિંગમાં જણાયું કે આ જમીનમાં રેતીની સપાટીથી માત્ર એક જ મીટર નીચે પથ્થરનો જાડો મજબૂત સ્તર છે, જે સમગ્ર મંદિરની ભૂમિને આવરી લે તેટલો વિશાળ છે. આ જોઈને મંદિરના સ્ટ્રક્ચરલ કાર્યમાં જોડાયેલા મલેશિયાના જાણીતા સ્ટ્રક્ચરલ નિષ્ણાત ડૉ. કોંગ સિયા કોંગ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, SOE કન્સલ્ટન્ટ્સ) બોલી ઊઠ્યા હતાઃ 'તમારું મંદિર તો હાથીની પીઠ પર બેઠેલા નાના કબૂતર જેવું હશે!' માત્ર તેમને જ નહીં, બધાને આશ્ચર્ય થયું કે ખોદકામ સામાન્ય સપાટીએ પહોંચે તે પહેલાં ચમત્કાર જ કહી શકાય એવો વિશાળ ખડક મળી આવ્યો હતો! સૌએ સોય ઝાટકીને કહી દીધું કે મંદિરની આ ઈમારત માટે પાઈલ કે અન્ય પ્રકારના ઊંડા ફાઉન્ડેશનની કોઈ જરૂરિયાત નથી. આના પરથી સીધું જ મંદિરનું બાંધકામ આદરી શકાશે.

એવો બીજો ચમત્કાર અહીંની રેતીમાં અનુભવાયો. મંદિરના ફાઉન્ડેશનમાં અને બાંધકામમાં વિપુલ માત્રામાં રેતીનો ઉપયોગ કરવાનો હતો. પરંતુ બાંધકામમાં ક્લોરાઈડ અને સલ્ફરથી મુક્ત રેતીનો જ ઉપયોગ કરી શકાય છે. સામાન્ય રીતે રણપ્રદેશમાં આવી રેતી મળતી જ નથી, પરંતુ જ્યાં મંદિરનું બાંધકામ કરવાનું હતું ત્યાંની રેતીનું લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે માલૂમ પડ્યું કે તેમાં ક્લોરાઈડ કે સલ્ફર નથી! નિષ્ણાતોએ કહી દીધું કે આ જ રેતીનો સીધો ઉપયોગ બાંધકામમાં થઈ શકશે! પરિણામે બહારથી વિપુલ માત્રામાં રેતીને લાવવાની જરૂરિયાત જ ન રહી!

મંદિરના નિર્માણમાં એક બીજો પડકાર હતો કે શિલ્પ

શાસ્ત્ર મુજબ તેમાં લોખંડનો ઉપયોગ કરવાનો ન હોવાથી સ્થાનિક કાયદા-કાનૂન મુજબ તેને ભૂકંપ સામે વિશેષ રક્ષણ આપવું જરૂરી હતું. વળી, બીજો પડકાર એ હતો કે સરકારે ETAB મોડલિંગ સોફ્ટવેરમાં સ્ટ્રક્ચરલ ડિઝાઇન માંગી હતી. આ સોફ્ટવેર રેગ્યુલર ઇમારતો માટે યોગ્ય છે, પરંતુ વિપુલ કોતરણી અને પથ્થરમાંથી નિર્મિત આવા જટિલ સ્થાપત્ય માટે તે યોગ્ય નથી. આથી પ્રાચીન વિજ્ઞાન અને ડિઝાઇનને આજની ટૅક્નૉલૉજીમાં છૂટા છૂટા પથ્થરોમાંથી બનનારા મંદિરને ઢાળવું પેચીદું હતું. કેનેડાની જિઓ ટૅક્નિકલ કન્સલ્ટન્ટ કંપની SATTના પ્રિન્સિપલ એન્જિનિયર સ્નેહલ પટેલે જણાવ્યું કે ''અમે પ્રયાસ કર્યો ત્યારે જાણવા મળ્યું કે તમામ વર્તમાન મૉડલ, માહિતી અને સોફ્ટવેરની ખૂબ મર્યાદાઓ છે અને તે આ મંદિર માટે ચોક્કસ આકારોનું મૉડલ બનાવી શકવા સક્ષમ નથી. અમે આ ડિઝાઇનને દર્શાવવા માટે FEM મૉડલ્સનો ઉપયોગ કર્યો. સ્ટ્રક્ચર ડિઝાઇન અને ફાઉન્ડેશન ડિઝાઇનને પૂર્ણ કરવા માટે છેલ્લાં ૯૦૦ વર્ષના અનુભવનો ઉપયોગ કર્યો. અમે સ્ટ્રક્ચરની માત્ર ભૂમિતિ પર ફોકસ કરવાને બદલે સમગ્ર સ્થાપત્યના રિસ્પોન્સને મૉડલ કરવાનો પ્રયત્ન કર્યો. તેથી અમારે અલગ અલગ આકારોને જોડવા અને ફાઇનલ આઉટપુટનું એનાલિસિસ કરવા તેમજ ઑથોરિટી કમ્પ્લાયન્સ માટે ઘણાં સોફ્ટવેરનો ઉપયોગ કરવો પડ્યો.'

આવી ઘણી બધી ટૅક્નિકલ મહેનતને અંતે મંદિરનું ફાઉન્ડેશન નિર્ણિત થયું, તે એવું થયું કે આવનારાં ૧૦૦૦ વર્ષ સુધી મંદિર અવિચલ રહે! આ ફાઉન્ડેશનમાં પથ્થરના કુદરતી ખડક ઉપર સૌથી પહેલો તબક્કો છે રાફ્ટનો, જે સરેરાશ એક મીટરની ઊંચાઈનો છે. તેની ઉપર કોંક્રીટની દીવાલો છે, જેને ગ્રીડ પેટર્નમાં મૂકવામાં આવી છે. આને કારણે ૧૭૦ જેટલાં બૉક્સ જેવી રચના થઈ છે, જેને સલ્ફાઇડ અથવા ક્લોરાઇડ મુક્ત રેતીથી (સ્ટ્રક્ચર ફિલ મટીરિયલ તરીકે) ભરવામાં આવ્યા છે. અને તેની ઉપર ટોચનો રાફ્ટ છે, જેની ઊંચાઈ અડધા મીટરની છે.

તા. ૧૩-૨-૨૦૨૦ના રોજ મંદિરનું ફાઉન્ડેશન કાર્ય શરૂ થયું. ફાઉન્ડેશન ભરવા માટે કોંક્રીટ મિશ્રણમાં સિમેન્ટને બદલે ૫૫% ફ્લાય એશ વાપરવામાં આવ્યું, જે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા અને તેને ગ્રીન બિલ્ડિંગ બનાવવા માટે પર્યાવરણને અનુકૂળ એવું યુ.એ.ઈ.નું સૌથી મોટોમાં મોટું કોંક્રીટ પોર બની રહ્યું. ઉલ્લેખનીય છે કે અહીં કુલ ૧૨,૦૦૦ મેટ્રિક ટન ફ્લાય એશ વાપરવામાં આવી છે, જે અદાણી પાવર પ્લાન્ટ અને દુબઈના જેબેલ અલી પાવર પ્લાન્ટે પૂરી પાડી હતી.

આમ, કોઈ મંદિરનું સંપૂર્ણ ડિજિટલ મૉડલ પ્રથમ વખત જ બનાવવામાં આવ્યું હતું અને તેને અત્યંત તીવ્ર એવા સિસ્મિક સિમ્યુલેશનમાંથી પસાર કરવામાં આવ્યું હતું અને સફળતાપૂર્વક મૉડલ પાસ થયું હતું.

એટલું જ નહીં, આ મંદિરના પાયામાં આધુનિક તકનિકી વિદ્યાનો ઉપયોગ કરીને ભૂકંપની સતત માહિતી મેળવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી સ્નેહલ પટેલ જણાવે છે, ''આ વિશ્વનું પહેલું એવું મંદિર હશે, જ્યાં બાંધકામ દરમિયાન મૂકવામાં આવેલાં ૩૦૦ જેટલાં સેન્સર અને ઉપકરણો દ્વારા, દબાણ, તાપમાન, ભૂકંપ સંબંધી લાઇવ ડેટા (રિયલ ટાઇમ ડેટા) મળતો રહે છે. આ ડેટા વિવિધ બાબતોની આગાહી કરે છે અને ભૌતિક પરિમાણોની ગણતરી કરશે. આ સમગ્ર બાબત સ્ટ્રક્ચર ડિઝાઇનની નવી થિયરીને જન્મ આપશે.''

ખલીફા યુનિવર્સિટીના ડૉ. તદાહીરો કીશિદા જણાવે છે, ''સેન્સર્સ એક ચેકલિસ્ટ તરીકે કામ કરશે કે શું સારું થઈ રહ્યું છે. આમ, ઐતિહાસિક જ્ઞાન અને આધુનિક ટૅક્નૉલૉજીને જોડીને, આપણે ભવિષ્ય માટે ઉકેલ શોધી શકીએ છીએ.''

અબુધાબી ઇન્ટરનેશનલ બિલ્ડિંગ કોડ મુજબ, મંદિરની સિસ્મિક ડિઝાઇન શ્રેણી 'C' છે, જે ૭.૦ રિક્ટર સ્કેલના ભૂકંપનો સામનો કરી શકે છે.

આમ, સૌ પ્રથમ વાર મંદિરનું ડિજિટલ મૉડલ બનાવી સિસ્મિક એનાલિસિસ કરવામાં આવ્યું.

**પથ્થરની પસંદગી અને ઘડતર કાર્ય:**

હિન્દુ શાસ્ત્રીય શૈલીમાં આ મંદિરના ફાઉન્ડેશનની ઉપરોક્ત બાબતો નક્કી કરવા માટે સૌથી પ્રથમ બાબત એ હતી કે આ મંદિર કયા પથ્થરમાંથી બનાવવું?

વર્ષોના અનુભવોને આધારે અને અબુધાબીના હવામાનને લક્ષમાં રાખીને નક્કી કરવામાં આવ્યું કે રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી મંદિરનું બહારનું કવચ રચવું અને મંદિરના મુખ્ય માળના ઘુમ્મટ, સ્તંભ, છત વગેરે બધું શ્વેત આરસમાંથી રચવું.

આ નિર્ણયને લક્ષમાં લઈને, આ હિન્દુ મંદિરની પરંપરાગત ડિઝાઇન સંસ્થાના પ્લાનિંગ સેલ વિભાગના શ્રી વિપુલભાઈ સોમપુરા અને તેમના સહયોગી શ્રી ચેતનભાઈ સોમપુરાએ કરી છે, તે મુજબ પથ્થરની શોધ શરૂ થઈ. પરંતુ પૂરતી માત્રામાં, ટૂંકા સમયમાં અને ઉત્તમ ગુણવત્તાયુક્ત રાજસ્થાનનો ગુલાબી પથ્થર મેળવવામાં અનેક પડકારો હતા. એ પડકારો ઝીલીને પણ જેમણે પથ્થર પૂરો પાડ્યો તે શ્રી દિલીપસિંહજી રાઠોડ અને શ્રી નેમિચંદજી તેમજ શ્રી મૂકેશજીએ નોંધપાત્ર સેવા કરી.

મંદિરની અંદરના ભાગમાં વપરાયેલો ઇટાલીનો શ્વેત સંગેમરમર – એક્વા બિયન્કા – વિશ્વનો એક ઉત્તમ પ્રકારનો આરસ પથ્થર છે. ઇટાલીના પથ્થરના વેપારી શ્રી માર્કો અને શ્રી નિકોલાએ આ પથ્થર મેળવવામાં ખૂબ જહેમત ઉઠાવી.






પથ્થરની પસંદગીથી લઈને ખાણોમાંથી પથ્થર કઢાવવાની પ્રક્રિયા, રાજસ્થાનમાં પથ્થરનું ઘડતર કાર્ય, ત્યાંથી ઘડાયેલા પથ્થરોને અબુધાબી ખાતે લાવીને તેની ચોટક પ્રક્રિયામાં સર્વત્ર દિવ્ય શક્તિનો પ્રતાપ અનુભવાયો...

ખાણમાંથી મંદિરની ડિઝાઈનને અનુરૂપ યોગ્ય ગુણવત્તાનો એક એક પથ્થર પસંદ કરવામાં શ્રી મિતેશભાઈ (સેલવાસ) અને ઇટાલી રહેતા શ્રી અરવિંદભાઈએ કોવિડના જોખમ વચ્ચે ખૂબ મહેનત કરી અને ખંતપૂર્વક કાર્ય સંપન્ન કર્યું.

ભારત અને વિદેશની ખાણોમાંથી યોગ્ય ગુણવત્તાવાળો પથ્થર મેળવ્યા બાદ અગત્યનું પડકારરૂપ કાર્ય તેના ઘડતરનું હતું. આ કાર્ય કરવામાં સંસ્થાના પ્લાનિંગ સેલ વિભાગના સ્વયંસેવકોએ રાજસ્થાનના હિન્ડોન, સાગવાડા અને પિંડવાડા ક્ષેત્રમાં ખૂબ જહેમત લીધી. પૂજ્ય અક્ષયમુનિદાસ સ્વામી અને શ્રી સંજયભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ ગિરીશભાઈ, પ્રહ્‌લાદભાઈ, રાકેશભાઈ, જિજ્ઞેશભાઈ, રાજેશભાઈ, બ્રિજેશભાઈ, લાલભાઈ, પરેશભાઈ, મનોજભાઈ વગેરેએ આ સેવા સંભાળી. પથ્થરનું કટિંગ, ઘડતર-નક્શીકામ, પૉલિશિંગ, ડ્રાયફિટિંગ વગેરે ક્રમમાં અલગ અલગ ૪૦ સાઈટ પર ૨૦૦૦થી લઈને ૪૦૦૦ની સંખ્યા સુધીના કારીગરોએ આ જટિલ ઘડતરકાર્ય સંપન્ન કર્યું. છીણી અને હથોડાથી ઘડાયેલી આ એક એક કલાકૃતિ સમી પથ્થરની કુલ ૩૦,૦૦૦ જેટલી શિલાઓ યુ.એ.ઈ. તરફ જળમાર્ગે રવાના થઈ.

અનેક પડકારો વચ્ચે ભારતમાં ઘડાયેલો પથ્થર મુન્દ્રા બંદરેથી જળયાત્રા કરીને અબુધાબી પહોંચ્યો ત્યારે અહીંના સંજોગો અને પડકારો પણ સામાન્ય નહોતા. રણરેતીમાં ખુલ્લામાં જિગ્સો પઝલની જેમ પથ્થરનું આવું કામ કરવાનું આસાન નહોતું. ૪૫-૪૬ ડિગ્રી તાપમાનમાં ધગધગતી ધરતી પર ચારે તરફથી આગ વરસતી હોય તેવા સંજોગોમાં ખૂબ સાવચેતીપૂર્વક, કારીગરો અને સ્વયંસેવકોના સ્વાસ્થ્યની પૂરતી કાળજી લઈને મંદિરના પથ્થરોનું ફિટિંગ કાર્ય સુંદરતાથી કરવામાં આવ્યું. તેમાં ચિરાગભાઈ, રિતેશભાઈ, છગનભાઈ, ઘનશ્યામભાઈ વગેરે સ્વયંસેવકો અને ચંપાલાલ, ભીમસિંહ જેવા અનુભવી કારીગરોના નેતૃત્વમાં ૧૧૦ કારીગરોએ શાપુરજી પાલનજી કંપનીના નેજા હેઠળ મહત્ત્વની કાર્યવાહી બજાવી.

આ ઉપરાંત, બાંધકામની અનેકવિધ પ્રવૃત્તિઓ ગંજાવર હતી. તેના સંચાલન અને સંકલનમાં સેવા આપવા માટે જેઓ પોતાના ઘરબાર-વ્યવસાય છોડીને અહીં સ્વામીશ્રીના

વચને સમર્પિત થઈ ગયા એવા શ્રી જસબિરસિંહ સાહની, શ્રી સગુણભાઈ પટેલ(યુ.કે.), મધુસૂદનભાઈ પટેલ(યુ.એસ.એ.), ઉલ્લાસભાઈ પંડ્યા, સંજયભાઈ પરીખ, વિપુલભાઈ સોમપુરા, નિશીથભાઈ રાવલ, રવીન્દ્રભાઈ કદમ, વિશાલભાઈ બ્રહ્મભટ્ટ, પ્રણવભાઈ દેસાઈ, દીપકભાઈ ભટ્ટ, યોગીભાઈ ભટ્ટ, ઉમેશભાઈ રાજા, હરિકૃષ્ણભાઈ પટેલ, યોગેશભાઈ ઠાકર વગેરે નામી-અનામી અનેક ભક્તો અને સ્વયંસેવકોએ અવિસ્મરણીય યોગદાન આપ્યું. આ સૌએ પ્રત્યેક પગથિયે પત્ર મુજબ મહંત સ્વામી મહારાજના દિવ્ય સાથ-સંગાથનો અનુભવ કર્યો.

**મંદિરની ટેક્નિકલ વિશેષતાઓ:**

મંદિરનું નિર્માણ પ્રાચીન અને પરંપરાગત શૈલીથી કરવામાં આવ્યું હોવા છતાં સમગ્ર પરિસરમાં આધુનિક ટૅક્નૉલૉજીનો પણ સુંદર વિનિયોગ કરવામાં આવ્યો છે. સમગ્ર પરિસરમાં વૉટર મૅનેજમૅન્ટ, લાઈટિંગ, ઈલેક્ટ્રિકલ-મિકેનિકલ-પ્લમ્બિંગ મૅનેજમૅન્ટ, તાપમાન તેમજ હવા-ઉજાસની વ્યવસ્થાઓ (HVAC), સિક્યૂરિટી અને સર્વેલેન્સ સિસ્ટમ, ઓડિયો વિઝ્યુઅલ વ્યવસ્થાઓ વગેરેનું ઉત્તમ સંચાલન કરવા માટે તેની કેન્દ્રીય દેખરેખ અને નિયંત્રણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આધુનિક ટૅક્નૉલૉજીના ઉપયોગથી તેમાં ઝડપ, ચોકસાઈ અને નવીનતાની સુવિધા મળી છે.

આમ પણ, મંદિરની આસપાસનાં ભવનોમાં અને મંદિરની નીચે ફેલાયેલા વિશાળ ભોંયરામાં આ બધી જ વ્યવસ્થાઓ કરવાનું કાર્ય તો અસાધારણ હતું જ, પરંતુ મંદિરમાં પથ્થરના માળખામાં તો તેથીય વધુ અસાધારણ હતું. પથ્થર વીંધીને કે પથ્થરને નુકસાન કરીને આવી વ્યવસ્થાઓ કરવાનું શક્ય નહોતું, તેથી તેના રચનાત્મક ઉપાયો વિચારવામાં આવ્યા. જટિલ રીતે નકશીકામ પામેલા પથ્થરનાં સ્તંભો અને છત-વિતાનોની સુંદરતા સાથે બાંધછોડ કર્યા વિના લાઈટિંગ, ઍરકન્ડિશનિંગ વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી.

કોવિડ પછીના સમયમાં આવેલી સંવેદનશીલતાને કારણે મંદિરમાં ઍરકન્ડિશનિંગ સાથેનું હવામાન સારી ગુણવત્તાનું જળવાઈ રહે તે માટે આવાં ચેપજન્ય જોખમોને અટકાવતી ઉચિત વ્યવસ્થા કરવામાં આવી છે. અમેરિકન સોસાયટી ઑફ હીટિંગ, રેફ્રિજરેટિંગ ઍન્ડ ઍરકન્ડિશનિંગ એન્જિનિયર્સ (ASHRAE)નાં ધોરણો અહીં જાળવવામાં આવ્યાં છે. વળી, પથ્થરનાં પોલાણોનો જ ઉપયોગ કરીને હવાની અવરજવર માટે નળી તરીકેનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી પથ્થરમાં ક્યાંય ડક્ટીંગનું જાળું જોવા મળતું નથી.

દૃશ્ય-શ્રાવ્ય વ્યવસ્થાઓ અને વાયરલેસ એક્સેસ પોઇન્ટની વ્યવસ્થા પણ એ જ રીતે કરવામાં આવી કે જે મંદિરની સુંદર નકશીને દબાવી ન દે. અભિષેક મંડપમ્‌માં દૃશ્ય-શ્રાવ્ય વ્યવસ્થાઓ માટે એકોસ્ટિક્સની પણ ખાસ કાળજી લેવા માટે દીવાલોમાં સુંદર પેટર્ન સાથે ડિઝાઈન કરવામાં આવી છે.

**સ્વયંસેવકોની અતુલનીય સેવાઓ:**

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સંકલ્પે અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણકાર્ય તો આરંભાયું, પરંતુ હકીકતે સમગ્ર યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. સંસ્થાના હરિભક્ત પરિવારોની સંખ્યા ખૂબ જૂજ હતી. લગભગ ૨૦૦ જેટલા પરિવારો સમર્પિત સત્સંગી તરીકે સત્સંગમાં જોડાયેલા હતા. એ તમામ હરિભક્તો અને અન્ય ભાવિકોએ મંદિરના નિર્માણમાં સ્વયંસેવક તરીકે સમર્પિત થઈને ખૂબ સેવાઓ કરી. મંદિરની પ્રથમ શિલા રોપાઈ ત્યારથી લઈને મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સુધી આ સ્વયંસેવકોએ કરોડરજ્જુની ભૂમિકા નિભાવી, તે પ્રત્યેક સ્વયંસેવકની ગાથા જાણે એક ચમત્કાર સમી જ છે.

મંદિરના પરિસરમાં નાની-નાની સેવાઓમાં પણ આ હરિભક્તોએ ખૂબ મોટો હાથ આપ્યો. જેમ કે, રાજસ્થાનથી આવતા પથ્થરોની લાકડાની પેલેટ ખોલવાની સેવામાં આ સ્વયંસેવકોએ ખૂબ મોટો સાથ આપ્યો. મોટાભાગના સ્વયંસેવકો શનિવારે મંદિરસ્થળે આવી જતા અને રવિવાર સાંજ સુધી સેવામાં જોડાયેલા રહેતા. કેટલાક સ્વયંસેવકો પોતાની તમામ રજાઓ સેવામાં જ સમર્પિત કરી દેતા.

કેટલાંક ઉદાહરણો સ્મરણીય છે. જેમ કે, શારજાહના યોગેશભાઈ મંદિર-નિર્માણમાં ઈલેક્ટ્રિક વિભાગમાં સેવા આપી રહ્યા હતા. તેઓએ નોકરીમાંથી મળતી ૧૮ રજાઓ ઓર્ચર્ડ - પ્રેમવતીની ઈલેક્ટ્રિક સેવાઓમાં વાપરી નાખી હતી. આમ છતાં કાર્ય પૂરું થયું નહોતું, તેથી તેઓ દરરોજ સાંજે નોકરી ઉપરથી મંદિરે સેવામાં આવી જાય અને મોડી રાત સુધી સેવા કરીને વહેલી સવારે પાંચ વાગ્યે પાછા નોકરી પર પહોંચી જાય. આવી રીતે તેમણે દોઢ મહિના સુધી સતત સેવા કરીને ઈલેક્ટ્રિક કાર્ય પૂર્ણ કર્યું.

ઓર્ચર્ડ ફૂડકોર્ટના ઈન્ટિરિયરમાં લાકડાંનું ફર્નિચર અને સુશોભન કરવામાં આવ્યું છે તે પણ સ્વયંસેવકોની સેવાનું પરિણામ છે. સ્વયંસેવકોએ ઘડાયેલા પથ્થરો જેમાં પેકિંગ થઈને આવ્યા હતા એ લાકડાંની પેલેટો ખોલીને તે લાકડું અહીં વાપર્યું છે. પરિણામે પર્યાવરણની પણ ખૂબ મોટી સેવા થઈ છે.

સંસ્થાના સત્સંગીઓ ઉપરાંત અન્ય ભાવિકો તેમજ ધાર્મિક સંસ્થાના અનુયાયીઓ પણ સ્વયંસેવક તરીકે અહીં સેવામાં જોડાયા હતા. જેમ કે, જ્યારથી મંદિરના નિર્માણની શરૂઆત થઈ ત્યારથી ઈસ્કોનના ૨૫ શ્રમિક સ્વયંસેવક દર શનિવારે આખો દિવસ કઠિનતમ સેવામાં જોડાયેલા રહ્યા હતા. એ જ રીતે અજમાનથી દર શુક્રવારે મિસ્ત્રીભાઈઓ મંદિરમાં




## મંદિરને મળેલાં બહુમાનોની પરંપરા

અબુધાબીમાં આ મંદિરનું નિર્માણ શરૂ થયું તે પહેલાંથી, તે ડિઝાઇન તબક્કામાં હતું ત્યારથી તેની આગવી વિશેષતાઓને કારણે સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પરિણામે મંદિરને વિવિધ એવોર્ડ્સનાં બહુમાનો મળતાં રહ્યાં છે. જેમ કે, MEP મિડલ ઈસ્ટ દ્વારા મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ ક્ષેત્રે શ્રેષ્ઠ ડિઝાઇન બદલ 'મિકેનિકલ પ્રોજેક્ટ ઑફ ધ યર ૨૦૧૯' ઍવોર્ડ મંદિરને આપવામાં આવ્યો હતો. નવેમ્બર ૨૦૨૦માં મંદિરના આર્કિટેક્ટ્સ RSPને કોમર્શિયલ ઇન્ટિરિયર ડિઝાઇન ઍવોર્ડ્સમાં, મંદિરની આ ડિઝાઇન બદલ, પ્રતિષ્ઠિત 'ઇન્ટિરિયર ડિઝાઇન કન્સેપ્ટ ઑફ ધ યર ૨૦૨૦' એનાયત કરવામાં આવ્યો હતો. બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને એન્જિનિયરિંગ વારસાના પુરાવા તરીકે ઊભું છે, જે પ્રાચીન સ્થાપત્ય સિદ્ધાંતો અને આધુનિક તકનીકી નવીનતાઓ સાથે પરંપરાગત કલાનું સંયોજન કરે છે. આ મંદિર શાંતિ, સંવાદિતા અને સાંસ્કૃતિક વિનિમયનું પ્રતીક છે અને આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક મૂલ્યોના દીવાદાંડી તરીકે સેવા આપે છે, તેની સુંદરતા અને શાંતિનો અનુભવ કરવા માટે વિશ્વભરના મુલાકાતીઓને આવકારે છે. તે ખરેખર રણમાં સ્વર્ગ છે અને સંવાદિતા માટે આધ્યાત્મિક વીરડી છે.

મિસ્ત્રીકામ કરવા માટે સેવામાં આવતા હતા.

કેટલાક હરિભક્તો દૂર-દૂરથી મંદિરની સેવામાં આવતા હતા. જેમ કે, અબુધાબીથી સરેરાશ અઢી કલાકની મુસાફરી કરીને એડનોક રુવેસ રિફાઇનરીની સાઇટ પરથી હરિભક્તો નિયમિત રીતે સેવામાં આવતા હતા. મંદિર-નિર્માણના છેલ્લા તબક્કામાં તો દર શનિ-રવિ ૨૦૦ જેટલા સ્વયંસેવકો સેવામાં જોડાતા હતા. કેટલાય હરિભક્તો એવા હતા કે જેઓએ પોતાની નોકરી સિવાયનો બધો જ સમય અહીં મંદિર-સ્થળે શ્રમયજ્ઞમાં વિતાવ્યો છે. આ સ્વયંસેવકોમાં કેટલાય ઉચ્ચ અધિકારીઓ, કેટલાક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કેટલાય એન્જિનિયરો તો કેટલાય અન્ય ઉચ્ચ ડિગ્રી ધરાવતા હતા, પરંતુ તેમ છતાં આ હરિભક્તોએ પોતાના હોદ્દા કે ડિગ્રીનું માન મૂકીને ઈલેક્ટ્રિકના વાયરો ખેંચવા જેવી નાનામાં નાની સેવા કરી છે.

આ મંદિરને સાકાર કરવા માટે યુ.એ.ઈ.ના પાયાના હરિભક્ત શ્રી રોહિતભાઈ પી. પટેલને અનન્ય ઉમંગ હતો. સેવાનો એવો જ ઉમંગ તેમના સમગ્ર પુત્ર-પરિવારે આજપર્યંત જાળવી રાખ્યો છે. એક શીખ પરંપરામાંથી આવતા ભક્તરાજ શ્રી જસબીરસિંહજી સાહની પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે એવા સમર્પણભાવથી જોડાઈ ગયા હતા કે સ્વામીશ્રીના સંકલ્પનું આ મંદિર બાંધવા માટે જ તેઓ પોતાની ધીકતી આવક છોડીને પ્રોજેક્ટ લીડ તરીકે એક સ્વયંસેવક બનીને હોમાઈ ગયા.

મંદિર મહોત્સવને સફળ બનાવવામાં ગલ્ફ કન્ટ્રીઝ તેમજ ભારતથી આવેલા સ્વયંસેવકો ઉપરાંત યુ.કે.થી આવેલા ૧૫૦થી વધુ સ્વયંસેવકોએ રંગ રાખ્યો હતો. પાર્કિંગથી લઈને આઇ.ટી. અને સભાવ્યવસ્થા સુધીના અનેક વિભાગોમાં લંડનના સ્વયંસેવકોનું સમર્પણ અવિસ્મરણીય રહેશે. તો રસોડું અને અન્ય વિવિધ સેવાઓમાં ભારતથી આવેલા સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવા બજાવી હતી.

ઉલ્લેખનીય છે કે સમગ્ર મંદિર પરિસરના નિર્માણમાં પ્રસિદ્ધ કન્સ્ટ્રક્શન કંપની શાપુરજી પાલનજીએ મુખ્ય જવાબદારી નિભાવી હતી. આ કંપનીના તમામ અધિકારીઓથી લઈને માલિકો હોય કે શ્રમિકો હોય, સૌએ હૃદયની સાચી લાગણીથી આ મંદિર પ્રોજેક્ટમાં સેવા આપી છે.

મંદિર-નિર્માણમાં જોડાયેલ એક બાંગ્લાદેશી શ્રમિક શ્રી ચંદ્રશેખર બપોરે દોઢ વાગે ભોજન કરીને જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં ઉત્તમનિલયદાસ સ્વામી મળ્યા. ચંદ્રશેખરે તેમને કહ્યું કે 'મારે મંદિર-નિર્માણમાં આર્થિક દાન આપવું છે, તો હું આ દાન ક્યાં આપી શકું તે સ્થાન મને બતાવો.' એ સંતે તેમને સ્થાન બતાવ્યું ત્યારે તેમણે ત્યાં જઈને ૫૧ દિરહામની સેવા કરી. સંતે પૂછ્યું ત્યારે માલૂમ પડ્યું કે તેને રોજના શ્રમ બદલ ૫૦ દિરહામની મજૂરી મળતી હતી! સંતોએ તેને આવું દાન ન કરવા વિનંતી કરી ત્યારે તેણે કહ્યું કે 'આજે સવારે હું જ્યારે મંદિરમાં કામ કરવા આવ્યો ત્યારથી મારા મનમાં લગની લાગી હતી કે મારે અહીં કંઈક સેવા કરવી જ છે. મને આ સેવા કર્યાનો અત્યંત આનંદ અને સંતોષ છે.'

મંદિર-નિર્માણનો છેલ્લો તબક્કો ચાલી રહ્યો હતો ત્યારે ઠાકોરજીના ગર્ભગૃહમાં લાઇટિંગનું કાર્ય ચાલી રહ્યું હતું. તેમાં લાહોરના શ્રી રજાકભાઈ એક ઈલેક્ટ્રિશિયન તરીકે કાર્ય કરી રહ્યા હતા. લાઇટિંગના ફિટિંગ દરમ્યાન ઈલેક્ટ્રિકલ કનેક્શન માટેનાં કનેક્ટર ખૂટી જવાથી તેમણે જવાબદાર વ્યક્તિને તે

માટે વિનંતી કરી. પરંતુ એ કનેક્ટર લાવવામાં સમય વીતી ગયો. એ દરમ્યાન રજાકભાઈ પોતે બહારથી એ કનેક્ટર પોતાના ખર્ચે ખરીદી લાવ્યા અને જણાવ્યું કે 'આ મારી સેવા થઈ ગઈ. મારે હવે આના પૈસા લેવાના ન હોય!' આમ, હૃદયની ભાવનાઓથી નાના-નાના માણસોએ પણ ખૂબ મોટા દિલથી સેવા કરીને આ મંદિરના નિર્માણમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આ મંદિર-નિર્માણનો પ્રારંભ થયો ત્યારથી જ સ્થાનિક મહિલા મંડળોએ તપ-વ્રતની પણ એવી જ સેવાઓ કરી. છેલ્લાં પાંચ વર્ષોમાં એક પણ દિવસ એવો ગયો નથી કે જે દિવસે મંદિર-નિર્માણની પ્રાર્થના સાથે કોઈ મહિલાએ ઉપવાસ કર્યો ન હોય. એટલું જ નહીં, પ્રાર્થના સાથે અહીંના મહિલા મંડળે કુલ ૧,૩૩,૭૧૫ વાર સહજાનંદ નામાવલિનો પાઠ કર્યો.

મહિલા મંડળની સેવાઓમાં એક ખાસ ઉલ્લેખનીય સેવા છે - ઈંટ પૂજન. 'બ્રિક બાય બ્રિક' તરીકે તા. ૯-૧-૨૦૨૧થી શરૂ થયેલો આ ખૂબ લોકપ્રિય કાર્યક્રમ લાંબા સમય સુધી ગતિમાન રહ્યો. વિશ્વના અનેક દેશોમાંથી અહીં આવતા યાત્રિકો વિધિવત્ પૂજન કરીને મંદિરના નિર્માણમાં પોતાની એક ઈંટ પધરાવીને સેવા કર્યાનો સંતોષ અનુભવતા હતા. સ્થાનિક મહિલા મંડળે જ તેનું સંચાલન કર્યું. ઉલ્લેખનીય છે કે કુલ ૬૦,૦૦૦ લોકોએ મંદિરની પ્રતિષ્ઠા થતાં પહેલાં ઈંટ-પૂજન કરવાનો લહાવો લીધો. ૧૫ બહેનોએ આ સમગ્ર સેવા-તંત્રમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પશ્ચિમના દેશોમાંથી ભારત આવતા ઘણા ભક્તો માર્ગમાં અબુધાબીના મંદિરની દર્શન-યાત્રા કરતા હતા. આ હરિભક્તોને મંદિરના નિર્માણમાં જોડાયાનો સંતોષ થાય તે માટે પણ ઈંટ-પૂજનનો કાર્યક્રમ રાખ્યો હતો.

વળી, મંદિર મહોત્સવ પૂર્વે પણ બહેનોએ ૨૦૦૦થી વધુ લોકોનો ફોન દ્વારા સંપર્ક કરીને અનેકને મહોત્સવમાં જોડ્યા હતા. ફેસ્ટિવલ ઑફ હાર્મની અને ભક્તિતુલામાં લોકોને જોડીને મહિલાઓએ મંદિરનો મહિમા વિસ્તાર્યો.

ઉલ્લેખનીય છે કે રસોડા વિભાગમાં મહિલાઓનું પ્રદાન સવિશેષ રહ્યું છે. નાની-મોટી રસોડા-વિભાગની સેવાઓ ઉપરાંત, મંદિર સ્થળે જે કારીગરો રહેતા હતા તેને માટે શાકભાજીની વ્યવસ્થા મહિલા મંડળે ઉપાડી લીધી હતી. સ્કેફોલ્ડિંગની કઠિન સેવાઓમાં પણ તેઓ ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં. સ્વયંસેવકોના ઉતારાઓથી લઈને મંદિરમાં સ્વચ્છતા-યજ્ઞમાં પણ મહિલાઓનું યોગદાન નોંધપાત્ર હતું. મંદિર મહોત્સવ શરૂ થયા પછી વિવિધ સેવાઓમાં તો તેઓ જોડાયેલાં રહ્યાં હતાં, પરંતુ તેમાં મહાયજ્ઞમાં ૧૨૫ બહેનોએ આપેલી સેવા તો અતુલનીય હતી.

હેતલબહેન સોલંકી નામક મહિલાએ તો સેવા કરવાનો એક વિશિષ્ટ માર્ગ શોધ્યો. તેઓ કેક બનાવવાનું શીખ્યાં અને તેનો ઘેર બેઠાં એક નાનો બિઝનેસ શરૂ કર્યો. દરેક કેક ભગવાનને ધરાવીને તેઓ પ્રાર્થના કરતાં કે જે કોઈ આ કેક જમે તે સુખી થાય. ટૂંક સમયમાં જ તેમની કેકની પ્રસિદ્ધિ છવાઈ ગઈ, પરંતુ પ્રાર્થના અને કેકની ગુણવત્તામાં તેઓએ ક્યારેય સમાધાન ન કર્યું. અત્યાર સુધીમાં એવી ૪,૦૦૦ કરતાં વધારે ભાતભાતની ડેકોરેટેડ કેક લોકોને જમાડીને તેમણે તેમાંથી આવેલી સંપૂર્ણ આવક મંદિર-નિર્માણમાં સમર્પિત કરી દીધી.

પારિવારિક જવાબદારીઓ વચ્ચે ઓછી સંખ્યામાં હોવા છતાં બહેનોએ જે કાર્ય કર્યું છે તે વંદનીય છે. જેમ કે, અબુધાબીની એક પ્રસિદ્ધ યુનિવર્સિટીમાં ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી વિભાગમાં ઉચ્ચ પદવી પર કાર્ય કરી રહેલાં શ્રી સપનાબહેન દીપીકર, અનેકવિધ સેવાઓ સાથે ગલ્ફ કન્ટ્રીઝની મહિલા પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યાં છે. છેલ્લા એક વર્ષથી હૉસ્પિટલમાં ભરતી થયેલાં તેમનાં માતાની સેવા-સારવારની સાથે સાથે, પારિવારિક જવાબદારીઓ વચ્ચે તેમણે વર્ષોથી મહિલા મંડળના ઉત્કર્ષ માટે આપેલું પ્રદાન નોંધપાત્ર છે.

મંદિરની સર્જનયાત્રાથી લઈને મહોત્સવનાં વિવિધ આયોજનોમાં પણ એવી રીતે સૌનો સાથ અને સહયોગ મળી રહ્યો છે કે જેની કલ્પના પણ કરી ન હોય! જુઓ થોડાં ઉદાહરણોઃ

મંદિર મહોત્સવ દરમ્યાન સેવા આપવા આવેલા દેશ-વિદેશના સ્વયંસેવકોને રહેવાની વ્યવસ્થા ક્યાં કરવી એ એક મોટી સમસ્યા હતી. મહોત્સવ દરમિયાન કુલ ૩૦ વિભાગોમાં ૭૯૯ સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો યુ.એ.ઈ.માંથી જોડાયાં હતાં. જ્યારે લગભગ ૧૦૦૦ જેટલા સ્વયંસેવકો બાહરીન, ઓમાન, કુવૈત, કતાર, સાઉદી અરેબિયા, ભારત, યુ.કે., યુ.એસ.એ., ઑસ્ટ્રેલિયા અને આફ્રિકામાંથી જોડાયાં હતાં. આટલી મોટી સંખ્યામાં સ્વયંસેવકોને વિદેશમાં રાખવા એ સામાન્ય બાબત નહોતી. પરંતુ ભગવાનની કૃપાથી જ અશોકભાઈ દોશી નામના એક ભાવિક સજ્જનને પ્રેરણા થઈ. એ અરસામાં તેઓ ૭૫ એપાર્ટમેન્ટ્સનું છ મંજિલા બિલ્ડિંગ બાંધી રહ્યા હતા. તેમને જાણ થઈ કે સ્વયંસેવકો માટે આવી વ્યવસ્થાની જરૂર છે, આથી તેમણે દિવસ-રાત ૩૫૦ માણસોને કામે લગાડીને એ ૭૫ એપાર્ટમેન્ટ્સનું આખું બિલ્ડિંગ પૂરું કરીને સ્વયંસેવકો માટે સેવામાં આપી દીધું!

આવી જ નિવાસ વ્યવસ્થા મંદિર મહોત્સવમાં પધારનારા ૧૫૦ જેટલા સંતોની કરવાની હતી. પરંતુ એવામાં સી. સી. થમ્પી નામના એક ભાવિક મંદિરના બાંધકામને નિહાળવા



## બાળકોની વિશિષ્ટ કલાકૃતિઓ

મંદિરના નિર્માણમાં બાળ-બાલિકાઓએ પણ સેવાનો અપાર ઉત્સાહ દાખવ્યો. મંદિરના પથ્થરોનું ફિટિંગ કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે તેમાંથી બચેલા નાના નાના પથ્થરોના ટુકડાઓ પર સુંદર પ્રેરણાત્મક સૂત્રો લખ્યાં અને તેને અનુરૂપ પેન્ટિંગ કર્યાં! તેમણે સર્જેલી સુંદર કલાત્મક પથ્થર-કૃતિઓમાંથી ૩૦૦૦ કૃતિઓ તેમણે મહોત્સવમાં પધારેલા મહાનુભાવોને સ્મૃતિભેટ રૂપે આપી!



## મહોત્સવ દરમ્યાન રક્તદાન

આ મંદિરનાં વિવિધ સેવાકાર્યોમાં રક્તદાન યજ્ઞનો નિર્દેશ પણ અનિવાર્ય છે. મંદિર મહોત્સવમાં તા. ૧૮-૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન 'ફેસ્ટિવલ ઑફ હાર્મની' અંતર્ગત 'એસ્ટર ક્લિનિક'ના સહયોગથી રક્તદાયજ્ઞ પણ યોજવામાં આવ્યો હતો. નિઃસ્વાર્થ ભાવે સેવા કરવા માટે યોજાયેલા આ રક્તદાન યજ્ઞમાં કુલ ૫૦૦ સેવાભાવીઓએ રક્તદાન કરીને હાર્મનીનો સંદેશ આપ્યો હતો.

આવ્યા. મંદિર નિહાળીને અત્યંત પ્રભાવિત થનારા તેમણે સામેથી કહ્યું કે મંદિરથી પાંચ મિનિટમાં ચાલતાં પહોંચી શકાય એટલા અંતરે આવેલ વિશાળ 'તુલીપ ઇન' કોમ્પલેક્સ તેમણે ખરીદી લીધો છે, જે તેઓ મંદિર મહોત્સવ દરમ્યાન સેવામાં આપી શકશે. આ એક એવી આવાસ સુવિધા હતી કે જેમાં સુવિધાસજ્જ ૫૦ રૂમો અને રસોડાની પણ સુંદર વ્યવસ્થા હતી. જોકે કોવિડના કારણે છેલ્લાં ત્રણ વર્ષથી એ બંધ પડી રહેવાથી તેમાં ઘણી મરમ્મત કરવાની હતી. શ્રી થમ્પીએ એક ક્ષણના વિલંબ વગર કહી દીધું કે મહોત્સવ પૂર્વે સંપૂર્ણ નવીનીકરણ કરીને તેઓ વ્યવસ્થા કરી દેશે. અને ખરેખર તેમણે 'તુલીપ ઇન' કોમ્પલેક્સ નવીનીકરણ કરીને નિઃશુલ્ક સેવામાં આપી દીધો, જ્યાં સદ્‌ગુરુ સંતો સહિત ૧૫૦ જેટલા સંતોની નિવાસ-ભોજનની વ્યવસ્થા ખૂબ સુંદરતાથી થઈ ગઈ.

આ ઉપરાંત મહોત્સવ દરમ્યાન રોજ હજારો ભક્તો-ભાવિકો-સ્વયંસેવકોના ભોજનની સુવિધામાં પણ અનેક સેવાભાવીઓએ ખૂબ ઉદારતાથી સહયોગ આપ્યો. જેમ કે શ્રી અજયભાઈએ ૭,૦૦૦ કિલો મીઠાઈ સેવામાં આપી. અબુધાબીના 'છપ્પન ભોગ'ના માલિકો શ્રી વિનય વર્મા અને ગૌરવ વર્માથી લઈને વાડીલાલ કંપનીના શ્રી રાજેશભાઈ અને દેવાંશભાઈ સહિત અનેક લોકોએ ઉદારતાથી સહયોગ આપ્યો. આરબ સજ્જન અને એક ઉમરાવ તરીકે જાણીતા શ્રી અહમદ અલ્લાદીન તેમજ શ્રી નાસરે તો એક સ્વયંસેવક તરીકે ખૂબ મહત્ત્વપૂર્ણ સેવાઓ આપી.

મંદિરના નિર્માણમાં દેશ-વિદેશના એન્જિનિયરોએ સેવાઓ આપી. તેમાંના એક એન્જિનિયર તો એવા હતા કે જેમણે સતત અઢી વર્ષ સુધી સેવાઓ આપી. અઢી વર્ષ પછી જ્યારે તેઓ એક મહિના માટે પોતાના દેશમાં પોતાને ગામ ગયા ત્યારે તેમના મિત્રો-સ્વજનોએ તેમને ખૂબ ખરું-ખોટું સંભળાવ્યું. પરંતુ તેમણે કહ્યું: 'હું જે કંઈ કરી રહ્યો છું તે યોગ્ય જ કરી રહ્યો છું, કારણ કે આ ભગવાનનું કાર્ય છે. અને મારે આ સેવા છોડીને ક્યાંય જવું નથી.' આ એન્જિનિયરે 'લીડ એન્જિનિયર' તરીકે કઠોર પરિશ્રમ કર્યો અને મંદિરને પૂર્ણ કરવા માટે તેઓ છેવટની ઘડી સુધી કટિબદ્ધતાથી કાર્યમાં લાગેલા જ રહ્યા.

મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી જ પૂર્ણ થયેલા આ મંદિરની સફળ સર્જનયાત્રાનો સૌથી વધુ યશ બે દેશોના નેતાઓને જાય છે. યુ.એ.ઈ.ના પ્રેસિડેન્ટ અને અબુધાબીના રાજા શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્‌યાનની ઉદારતા અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ઉત્સાહ, આવનારી અનેક પેઢીઓ યાદ રાખશે. અબુધાબીના રાજ પરિવારના શેખ અબ્દુલ્લા ઝાયેદ બિન અલ નહ્‌યાન તો પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીને ચાર-પાંચ વખત મળ્યા અને દિલ્હીનું અક્ષરધામ નિહાળીને આ મંદિરના નિર્માણમાં પણ એવી ભવ્યતા આવે તે માટે સતત માર્ગદર્શન આપતા રહ્યા.

મહંત સ્વામી મહારાજે પત્રમાં **(અનુસંધાન પૃષ્ઠ ૮૧ પર)**

# મિડિયા કવરેજ

અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના સર્જન અને લોકાર્પણ મહોત્સવને યુ.એ.ઈ. ઉપરાંત ભારત અને વિશ્વના તમામ દેશોમાં પ્રસાર માધ્યમોએ આગવો પ્રતિસાદ આપ્યો હતો. પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો ઉપરાંત સોશિયલ મિડિયામાં પણ મંદિરની ગરિમાગાથાની ધૂમ મચી હતી. આ રહી તેની એક આછી ઝલક...

## ડિજિટલ માધ્યમો :

- વિશ્વભરમાં ૬૪ દેશોની ૨૬ વિવિધ ભાષાઓમાં ૧૦,૨૦૦ કરતાં વધુ ઓનલાઈન ન્યૂઝ આર્ટિકલ પ્રકાશિત થયા હતા, જેની સંભવિત રીચ ૬૭,૨૦૦ કરોડ થવા જાય છે.
- ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, આજતક, ટાઈમ્સ નાઉ, એનડીટીવી, એબીપી, રિપબ્લિક ટીવી, ન્યૂઝ ૧૮, હિન્દુસ્તાન ટાઈમ્સ, દૈનિક જાગરણ, દૈનિક ભાસ્કર સમૂહ, ટીવી ૯, ગુજરાત ફર્સ્ટ, વીટીવી, નવગુજરાત સમય, અમદાવાદ મિરર વગેરે ભારતીય માધ્યમો; સીએનબીસી-આફ્રિકા; બેઈજિંગ બુલેટિન-ચીન; નેશન.કોમ-પાકિસ્તાન; એજીઆઈ.આઈટી-ઈટલી; ઈઝરાયેલ હેરાલ્ડ; કુવૈત ટાઈમ્સ; ટાઈમ્સ ઑફ ઓમાન; ઈજિપ્ત ડેઈલી વગેરે તેમાં નોંધપાત્ર છે.

## પ્રિન્ટ માધ્યમો :

- યુ.એ.ઈ.ના પ્રસિદ્ધ ખલિજ ટાઈમ્સ દ્વારા પ્રકાશિત ૪૦ પૃષ્ઠની વિસ્તૃત પૂર્તિ ઉપરાંત દેશ-વિદેશનાં નાનાં-મોટાં અનેક પ્રિન્ટ માધ્યમોએ મહોત્સવના વિસ્તૃત સમાચાર એક કરતાં અનેકવાર વધુ વખત પ્રકાશિત કર્યા હતા.




40-page supplement in the *Khaleej Times*



તેની એક સૂચિ:

- યુ.એ.ઈ.: ખલિજ ટાઈમ્સ, ધ નેશનલ ગલ્ફ ન્યૂઝ, ગલ્ફ ટુડે અને અન્ય.
- ભારત: ટાઈમ્સ ઑફ ઇન્ડિયા, ઇન્ડિયન એક્સપ્રેસ, ઇન્ડિયા ટુડે, ધ વિક, ધ હિન્દુ, હિન્દુસ્તાન ટાઈમ્સ, દૈનિક-દિવ્ય ભાસ્કર, રાજસ્થાન પત્રિકા, ગુજરાત સમાચાર, સંદેશ, ચિત્રલેખા, અમદાવાદ મિરર, નવગુજરાત સમય વગેરે...
- અન્ય દેશો: જમૈકા ગ્લિનર-જમૈકા, આરબ ન્યૂઝ-સાઉદી અરેબિયા, ધ બોર્નિયો પોસ્ટ-મલેશિયા, ગરવી ગુજરાત-યુ.કે., ટાઈમ્સ ઑફ ઓમાન, ધ સન્ડે ટાઈમ્સ ઑફ શ્રીલંકા, સન્ડે ટ્રિબ્યુન-સાઉથ આફ્રિકા

**ટેલિવિઝન માધ્યમ:**

- બ્લૂમબર્ગ ટેલિવિઝન, રોઈટર્સ, બી.બી.સી., સી.એન.બી.સી., એ.એન.આઈ., ફર્સ્ટ પોસ્ટ, ઝી ન્યૂઝ, બિઝનેસ ટુડે, ઇન્ડિયા ટુડે, ઇન્ડિયા ટીવી, ટાઈમ્સ નાઉ, રિપબ્લિક ટીવી, આજતક, ન્યૂઝ ૧૮, એબીપી ન્યૂઝ, ટીવી ૯ નેટવર્ક, એશિયન નેટ ન્યૂઝ, ઈકોનોમિક્સ ટાઈમ્સ નાઉ.

આમ, ઉપર નોંધાયેલાં અને નહીં નોંધાયેલાં અનેક પ્રસાર માધ્યમોએ અબુધાબી મંદિરની યશગાથા ગાઈને પ્રમુખસ્વામી મહારાજને ઉચિત અંજલિ અર્પી છે.


GULF NEWS

We have no fear of war, Iran says

Dubai launches three-month visa for medics


NATION

TEMPLE IN ABU DHABI READY FOR GRAND OPENING

300 1,000 30,000 108

Historic divorce granted in Ras Al Khaimah


Bloomberg

India's Narendra Modi Opens BAPS Hindu Mandir Temple in Abu Dhabi

BBC

Hindu Mandir: India PM Modi inaugurates temple in Abu Dhabi

CNN

India's Modi inaugurates Abu Dhabi's first Hindu temple

'Speechless, awe-inspiring': Abu Dhabi BAPS Hindu temple's beauty stuns visitors


A SACRED GEOMETRY


NATION

TEMPLE IN ABU DHABI READY FOR GRAND OPENING

Abu Dhabi's stone temple an architectural splendour

Huge demand overseas for Abu Dhabi temple visit

Envoys from 42 nations visit BAPS temple in Abu Dhabi

ABU DHABI: On 29 January 2024, representatives from 42 nations convened at the expansive 27-acre construction site of the BAPS Hindu Mandir in Abu Dhabi, at the invitation of the Indian Embassy in the UAE. The visit served to foster intercultural understanding, goodwill and respect while providing the distinguished guests an opportunity to witness the ongoing progress of the Middle East's inaugural traditional Hindu temple, symbolising the universal principles of tolerance and harmony.

Ambassadors and senior diplomats from Argentina, Armenia, Bahrain, Bangladesh, Bosnia and Herzegovina, Canada, Chad, Chile, Cyprus, the Czech Republic, the Dominican Republic, Egypt, the European Union, Fiji, Gambia, Germany, Ghana, Ireland, Israel, Italy, Moldova, Montenegro, Nepal, the Netherlands, New Zealand, Norway, Nigeria, Panama, Philippines, Poland, Seychelles, Singapore, Sri Lanka, Sweden, Syria, Thailand, the UAE, the UK, the US, Zimbabwe and Zambia were among those who visited the Mandir site.

Over 60 dignitaries were welcomed with garlands and greeted with the traditional tying of a sacred thread, marking the significance of their presence.

The international diplomats had been invited by Sunjay Sudhir, the Indian Ambassador to the UAE. In a brief welcome address, Ambassador Sudhir thanked the distinguished guests for attending and shared his excitement at the Mandir nearing completion. "It seemed impossible, but the dream has truly become a reality."

In his keynote address, Swami Brahmaviharidas, head of the BAPS Hindu Mandir project, provided a succinct overview of the Mandir's historical significance, construction process, and global impact. He also expressed gratitude to both the UAE and Indian leadership, emphasising the Mandir's role as a powerful agent of interfaith and intercultural harmony.

Tej Bahadur Chhetri, Ambassador of Nepal, called the Mandir a "tirthbhumi (place of pilgrimage)", adding: "It is an inspiring building that teaches us about love, harmony and tolerance. It is something that we will gift to our future generations. Mahant Swami Maharaj is a great sadhu. Because of him, people were inspired to build this mandir, and it is a huge success."

Radha Krishna Panday, Ambassador of Canada, shared, "Dedication to quality, the artistry, the thought that went into the choice of images to celebrate the diversity and harmony of human nature is all very striking and most appealing."

Jonathan Knight, Deputy Ambassador of the United Kingdom, said, "It's wonderful to see a place that's been contributed by so many different faiths coming together to build something that will last for generations. My hope is this building provides a home away from home."

Gulf Today, *Staff Reporter*

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપરથી) યુ.એ.ઈ.માં આવતા ગયા તેમ તેમ રણમાં મંદિર આકાર પામતું ગયું. તબક્કાવાર કુંભી પૂજનવિધિ, શિલા સ્થાપનવિધિ, મહાપીઠ પૂજનવિધિ, પ્રથમ માર્બલ સ્તંભ સ્થાપનવિધિ, પ્રથમ શિખર શિલાનો સ્થાપનવિધિ, સાત શિખરનો પૂજનવિધિ, અમૃત કળશ પૂજનવિધિ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં યોજાતા રહ્યા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ અનેકવાર પથ્થર ઘડતર સ્થળે શિલ્પીઓ, કારીગરો અને સ્વયંસેવકો પાસે પધારીને તેઓના સેવાકાર્યને બિરદાવીને સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો.

આ વર્ષે તા. ૭-૮ ફેબ્રુઆરીના રોજ અબુધાબીમાં ‘ગ્લોબલ ટોલરન્સ ઍન્ડ હ્યુમન ફ્રેટર્નિટી સમિટ’ યોજાઈ હતી. તેમાં સંસ્થાએ ભાગ લીધો હતો.

તા. ૧૧ નવેમ્બરે મહંત સ્વામી મહારાજે ગોંડલ ખાતે મંદિરના શીર્ષસ્થ કળશ અને ધજાદંડનું પૂજન કર્યું હતું જે તા. ૨૯ નવેમ્બરના રોજ શિખર પર સ્થાપિત કરવામાં આવ્યા હતા.

### સન ૨૦૨૩-૨૪: વિશ્વના રાજદૂતો અભિભૂત થયા

તા. ૨૫-૫-૨૦૨૩ના રોજ ૩૦ દેશોના રાજદૂતો તેમજ તા. ૨૯-૧-૨૦૨૪ના રોજ યુ.એ.ઈ.માં કાર્યરત વિશ્વભરના અન્ય ૪૨ દેશોના રાજદૂતો અને પ્રતિનિધિઓ નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પરિસરમાં પધાર્યા હતા. ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીરના સ્વાગત અને સંતોના આભાર પ્રવચન પછી સૌએ મંદિરની બારીક અને મર્મસભર પથ્થર કલા-કોતરણીમાં સમાહિત વૈશ્વિક મૂલ્યોને મનભરીને માણ્યાં હતાં. દરેક દેશના રાજદૂતોએ વિશ્વ સંવાદિતાના સંગમ સમા આ મંદિરના નિર્માણકાર્યને અંતઃકરણપૂર્વક બિરદાવ્યું હતું.

આમ, જોતજોતાંમાં સમગ્ર વિશ્વ માટે સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાના સંદેશને પરિભાષિત કરતું અને વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં ભક્તિસ્પંદનો રેલાવતું કલાત્મક બી.એ.પી.એસ. હિન્દુ મંદિર રચાઈ ગયું અને તેમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પણ આવી ગયો. ◆


## સ્વામિનારાયણ પ્રકાશ
## નિવેદન ફોર્મ : ૨૦૨૪

### સ્વામિનારાયણ પ્રકાશ

માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ | : માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ૪. | પ્રકાશકનું નામ | : સાધુ કેશવજીવનદાસજી |
| ૫. | તંત્રીનું નામ | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ૬. | માલિકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| | ઠેકાણું | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. |

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૪-૨૦૨૪ (સહી) સાધુ કેશવજીવનદાસ


### વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે... શિક્ષણ સેવા...

પ્રતિવર્ષે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતીઃ **૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને રૂબરૂ મળી અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૧૩-૭-૨૦૨૪ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય કોઠારી સંત/અધિકૃત વ્યક્તિને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનારે બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** રૂ. ૧૦/-ના સ્ટેમ્પવાળું પોતાનું નામ-સરનામું લખેલા કવર સાથે પણ અરજીપત્ર મંગાવી શકાશે. **૬.** તમામ અરજીપત્રો તા. ૩૧-૭-૨૦૨૪ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાનાં રહેશે.

**નોંધ: પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો. કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને ખાસ વિનંતીથી જણાવવાનું કે વિગતો ભરીને આવેલા ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલી પહોંચોની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્કઃ શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪**

(અનુસંધાન પૃષ્ઠ ૭૭ ઉપરથી) લખ્યા મુજબ, આ મંદિર એટલે ખરા અર્થમાં પ્રેમ, સંવાદિતા અને શાંતિનું ધામ બન્યું છે. એક હિન્દુ મંદિર બનાવવા માટે મુસ્લિમ રાજા વિશાળ ભૂમિનું દાન કરે અને ઉદારતાપૂર્વક તમામ પરમિશનો આપે એ સંવાદિતાનું કોઈ સામાન્ય ઉદાહરણ નથી, પરંતુ તેમની સાથે સાથે આ મંદિરના નિર્માણમાં મંદિરની ડિઝાઈન, તેનું બાંધકામ, અન્ય ટેક્નિકલ માર્ગદર્શન અને સંકલન કરવા માટે જેમણે યોગદાન આપ્યું તે પણ વિવિધ ધાર્મિક પરંપરાઓને અનુસરતા હતા. મંદિર પરિસરના મુખ્ય આર્કિટેક્ટ ખ્રિસ્તી હતા, પ્રોજેક્ટ મેનેજર શીખ હતા, સ્ટ્રક્ચરલ એન્જિનિયર બૌદ્ધ હતા, જેમણે કોન્ટ્રાક્ટર તરીકે બાંધકામની જવાબદારી સંભાળી હતી તેઓ પારસી હતા, પ્રોજેક્ટના ડિરેક્ટર જૈન હતા અને મુખ્ય કન્સલ્ટન્ટ નાસ્તિક હતા! આમ, આ મંદિર ખરેખર વિવિધ પૃષ્ઠભૂમિ અને માન્યતાઓ ધરાવતા લોકોના સાર્વત્રિક સહકારનું નોંધપાત્ર પ્રતીક છે.

એટલે જ આ મંદિરની ગાથા રોમાંચક છે, અપૂર્વ છે, અનંત, અલૌકિક છે. કારણ કે તેના સંકલ્પકર્તા પ્રમુખસ્વામી મહારાજ અને સર્જનકર્તા મહંત સ્વામી મહારાજ અલૌકિક છે. યુગો સુધી તેમની ગાથાઓ ભક્તિભાવપૂર્વક ગવાતી રહેશે. ◆

ઉપરોક્ત વિષયનો વીડિયો નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર — પ્રવેશ અંગે

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી યુવાનો અક્ષરપુરુષોત્તમ દર્શનમાં શાસ્ત્રીય રીતે ઊંડાણ પ્રાપ્ત કરી સારા પ્રૉફેસર, શિક્ષક, વક્તા અને લેખક બની શકે એવા હેતુથી સારંગપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (કૉલેજ) કાર્યરત છે, જે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. આ કૉલેજમાં ધોરણ ૧૨(સાયન્સ, કોમર્સ, આર્ટ્સ)માં ઉત્તીર્ણ થયેલો કોઈપણ વિદ્યાર્થી પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. અહીં સંસ્કૃત માધ્યમ દ્વારા, સ્વામિનારાયણ વેદાંતમાં B.A. અને M.A.ની ડિગ્રી પ્રાપ્ત થાય છે, જેમાં અક્ષરપુરુષોત્તમ દર્શનનું શાસ્ત્રીય અધ્યયન કરવાનો લાભ પ્રાપ્ત થાય છે. આ ડિગ્રીની સાથે જ વિદ્યાર્થીઓ સંસ્કૃત ટીચિંગ, કર્મકાંડ, યોગ, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ વગેરે વિષયોમાં ડિપ્લોમાનો કોર્સ કરીને એકસાથે અનેક પદવીઓ પ્રાપ્ત કરી શકે છે.

અહીં અભ્યાસની સાથે પ્રવચનકળા, લેખનકળા તેમજ વિવિધ કૉન્ફરન્સમાં પ્રસ્તુતિ દ્વારા પ્રેઝન્ટેશનની પણ તાલીમ આપવામાં આવે છે. અહીં વિદ્યાર્થીને નિવાસ, ભોજન તથા અભ્યાસ સંબંધી તમામ વ્યવસ્થા સંસ્થા દ્વારા વિના મૂલ્યે કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને આ જ વર્ષે (૨૦૨૪માં) જોડાવાની ઇચ્છા હોય તેઓએ તા. ૨૦-૫-૨૦૨૪ સુધીમાં અહીં આપેલી લીંક દ્વારા અથવા નીચે દર્શાવેલા QR Codeને સ્કેન કરી પ્રાથમિક માહિતી માટેનું Google ફૉર્મ ભરી દેવું. આ વર્ષની પ્રવેશ પ્રક્રિયા તા. ૨૩-૫-૨૦૨૪ના રોજ સારંગપુરમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા આરંભાશે. આથી, વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ સમયે ઉપસ્થિત રહેવું. ફૉર્મ ભરવા માટેની લીંક – https://bit.ly/3syQXcS

વિશેષ માહિતી માટે વેબસાઈટ – https://research.baps.org/

**સંપર્ક :** શ્રી દિવ્યેશભાઈ +૯૧ ૭૦૪૬૧ ૧૫૯૧૫, શ્રી તેજસભાઈ +૯૧ ૯૭૨૫૨ ૦૫૬૦૩

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — સ્ટાફ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર સારંગપુર ખાતે જૂન-૨૦૨૪થી શરૂ થતા સત્ર માટે (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક(વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ)માં સેવાભાવી સ્ટાફની જરૂરિયાત છે.

**વિષય:** ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, ઍકાઉન્ટ્સ, આંકડાશાસ્ત્ર, ઈકોનોમિક્સ, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી અને તજજ્ઞ શિક્ષકોએ વિષય સાથે અરજી કરવી.

**લાયકાત:** B.Sc., M.Sc., B.E., B.Tech., Diploma, B.Pharm., M.Pharm., P.T.C., B.A., M.A., B.B.A., M.B.A., B.Ed.

**છાત્રાલય માટે જરૂરિયાત :** ગૃહપતિ તેમજ ક્લાર્ક, કમ્પ્યૂટર ઑપરેટર, અકાઉન્ટ, મૅનેજર, સુપરવાઈઝર, મેન્ટેનન્સ, સ્વચ્છતા અને અન્ય સ્ટાફ પણ પોતાના સંપૂર્ણ બાયોડેટા તેમજ મોબાઈલ નંબર તથા પગાર અપેક્ષા સાથે admin.svmsrg@baps.edu.in પર ઈમેલ કરવો અથવા વ્હોટ્સઅપ ૭૦૬૯૦ ૬૫૬૦૮ નંબર પર અથવા ટપાલ દ્વારા ૧૫ દિવસમાં નીચેના સરનામે અરજી કરવી. **સંપર્ક :** મો. ૯૯૯૮૯ ૯૫૫૭૭ / ૯૪૨૭૦ ૪૧૦૦૧

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ, પીન - ૩૮૨૪૫૦.

**ભક્તરાજ શ્રી રાવજીભાઈ મોતીભાઈ પટેલ, લંડન, ઉં.વ. ૯૮, અક્ષરવાસ તા. ૨૨-૩-૨૦૨૪**



બી.એ.પી.એસ. સંસ્થાના મધ્યસ્થ ઍકાઉન્ટ્સ કાર્યાલય, અમદાવાદમાં સતત ૪૦ વર્ષ સુધી સેવા કરીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરનાર ભક્તરાજ શ્રી રાવજીભાઈના અક્ષરવાસથી સંસ્થાને નિષ્ઠાવાન અને સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. યુવાવસ્થામાં વતન પલાણાથી પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા ખાતે ગયા અને તેજસ્વી કારકિર્દી ઘડતરની સાથે સાથે ત્યાંના સત્સંગમંડળમાં પણ નોંધપાત્ર સેવાઓ આપી. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સત્સંગની સેવા માટે ઉજ્જ્વળ તકો છોડીને ભારતમાં સ્થાયી થયા અને સન ૧૯૭૮ થી ૨૦૧૮ સુધી સંસ્થાના મધ્યસ્થ ઍકાઉન્ટ્સ વિભાગમાં સેવા આપી હતી. સમગ્ર જીવન દરમ્યાન એક રહેણીકરણી, ધર્મનિયમની અતિશય દૃઢતા, પવિત્ર અને કર્મઠ જીવન રાખીને, ખૂબ જ સમર્પણ સાથે સેવા કરીને, નિયમ, નિશ્ચય અને પક્ષને જીવનમાં વણીને ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સાથે સાથે સાંપ્રદાયિક સાહિત્ય અને ગુરુવર્યોનાં જીવનચરિત્રોના તેઓ ઉત્સાહી વાચક હતા. પાછલી ઉંમરમાં લંડનમાં સ્થાયી થયા ત્યાં પણ ૯૮ વર્ષની ઉંમર સુધી કથાવાર્તાના ઇશ્કી આ ભક્તરાજ અઠવાડિક સત્સંગસભામાં કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરતા. તેમણે પરિવારમાં પણ સત્સંગનું સુપેરે સિંચન કર્યું હતું. સત્સંગ-સેવાને જ જીવનનું ધ્યેય બનાવનાર રાવજીભાઈને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી કાંતિલાલ (કિર્લોસ્કર) રણછોડભાઈ પટેલ, મુંબઈ, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૧૦-૩-૨૦૨૪**



સન ૧૯૬૭માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વર્તમાન ધરાવી કંઠી પહેરાવેલી ત્યારથી સત્સંગના યોગમાં હતા. તેઓ કોઈ સારા વક્તા ન હતા, પણ કથાવાર્તાનો ઉત્સાહ ખૂબ હતો. મુંબઈનાં ઘણાં પરાંઓમાં ને દહાણુ, પાલઘર સુધી ને નાસિક, પૂના સુધી સત્સંગ સભા કરવા જતા, અને સૌને પ્રેરણા આપતા. જ્યાં સત્સંગ સભામાં સંખ્યાનો વધારો કરવો હોય ત્યાં સંતો શ્રી કાંતિલાલને મોકલતા. તેઓ હરિભક્તોને ઘેર ઘેર જઈ વ્યક્તિગત સંપર્ક કરતા ને મહિમાની વાતો કરી સત્સંગસભામાં જવા પ્રેરણા આપતા. તેથી જ સંખ્યામાં વધારો થતો. સંસ્થામાં સન ૧૯૮૦થી મુંબઈમાં ને જ્યાં જ્યાં મોટા ઉત્સવો થયા તે દરેકમાં તેમણે લાંબા ગાળાની સેવા ઉમંગભેર કરી. લાતુર ભૂકંપમાં મુંબઈના સ્વયંસેવકોની સાથે શ્રી કાંતિલાલે સતત બે વર્ષ સેવા કરેલી. આવી રીતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અપાર રાજીપો પ્રાપ્ત કરેલો. પ્રમુખસ્વામી મહારાજ તેઓને 'કિર્લોસ્કર' ઉપનામથી સંબોધતા હોવાથી તે ઉપનામથી સત્સંગમાં જાણીતા થયા. ઉત્સવોમાં આર્થિક સેવા પણ કરાવતા. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પણ પ્રસન્નતા પ્રાપ્ત કરી જીવન ધન્ય કરી અક્ષરનિવાસી થયા છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ... – **સાધુ ભક્તિપ્રિયદાસ** (કોઠારી સ્વામી)

**ભક્તરાજ શ્રી જયંતીલાલ જમનાદાસ દોશી, મુંબઈ, ઉં.વ. ૯૪, અક્ષરવાસ તા. ૭-૩-૨૦૨૪**



મૂળ રાજુલાના વતની શ્રી જયંતીભાઈ ખાદીગ્રામોદ્યોગમાં નોકરી કરતાં માતુશ્રીની સેવા કરતા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના રંગે રંગાઈને તેમણે દીક્ષા લેવા વિનંતી કરેલી પણ સ્વામીશ્રીએ તેમનાં માતુશ્રીની સેવા કરવાની આજ્ઞા કરેલી. લગ્ન બાદ ૧ વર્ષમાં વિધુર થતાં તેઓ ગોંડળ, સુરત વગેરે મંદિરમાં સેવામાં સમર્પિત થઈ ગયા. ત્યારબાદ મુંબઈ ખાતે મંદિરમાં એકાઉન્ટ્સ વિભાગમાં ૫૦ વર્ષ ભક્તિભાવથી સેવા કરી, સાથે સાથે અન્ય સેવાઓ પણ કરીને તેમણે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરેલી. જીવનમાં છેલ્લાં ૪ વર્ષ માંદગી રહી, મંદિરમાં જ જીવન પૂર્ણ કર્યું, ધન્ય કર્યું અને અક્ષરધામમાં બેસી ગયા. આવા મહિમાસભર સેવાભાવી ભક્તની મોટી ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ. – **સાધુ ભક્તિપ્રિયદાસ** (કોઠારી સ્વામી)

**ભક્તરાજ શ્રી પ્રવીણભાઈ નર્મદાશંકર દવે, અમદાવાદ, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૨૪-૨-૨૦૨૪**



અમદાવાદના અગ્રણી કાર્યકર ભક્તરાજ પ્રવીણભાઈને સ્વામિનારાયણીય સત્સંગ તો હતો જ, પરંતુ અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત દૃઢ થતાં યુવાન વયથી જ સત્સંગની સેવામાં જોડાઈ ગયા ને ચઢતો ને ચઢતો રંગ રહ્યો. છેલ્લાં ૫૦ વર્ષથી સત્સંગ-પ્રવૃત્તિની અનેકવિધ સેવાની સાથે સાથે સંસ્થાના મહોત્સવોમાં પણ સેવા કરી હતી. તેમણે અનેક ભાવિકોને ઉપાસનાની દૃઢતા કરાવી હતી. તેમનું સાદગી અને નિયમધર્મથી યુક્ત જીવન, વ્યક્તિગત સંપર્કનું અંગ, સંસ્થા પ્રત્યેનું મમત્વ વર્ષો સુધી કાર્યકરો માટે પ્રેરક બની રહ્યું હતું. વર્ષો સુધી સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કરનાર આ નિષ્ઠાવાન ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ...



















## બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના લોકાર્પણ અવસરની કેટલીક અવિસ્મરણીય સ્મૃતિઓ...

(૧) સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાનો સંદેશ વહાવતા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીના લોકાર્પણ સમારોહમાં પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ કમળ-પુષ્પહાર સાથે સન્માનતા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પ્રસન્ન મુદ્રામાં. (૨) ભારતીય શિલ્પકલાના વૈભવથી શોભતા આ મંદિરના સંવાદિતા ડોમની વિશેષતાઓ વડાપ્રધાનશ્રીને સમજાવતા મહંત સ્વામી મહારાજ. (૩) મંદિરના બાહ્ય મંડોવરમાં વિવિધ સંસ્કૃતિઓની બોધકથાઓ તેમજ પ્રમુખસ્વામી મહારાજે રણ વચ્ચે અબુધાબીના મંદિરના કરેલા સંકલ્પનાં શિલ્પો નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરતા પ્રધાનમંત્રીશ્રી. (૪) લોકાર્પણ સમારોહમાં પધારેલા ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરનું સ્વાગત કરતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી. (૫,૬) શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને ભાવાંજલિ અર્પતા ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત દોવલ, વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર તેમજ યુ.એ.ઈ.ના ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીર વગેરે મહાનુભાવો...

Swaminarayan Prakash Gujarati, April-May 2024, Published on 1-5-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.









**અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના લોકાર્પણ સમારોહની વિરલ સ્મૃતિછબિઓ...**

તા. ૧૪-૨-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીના લોકાર્પણ પ્રસંગે ખાસ પધારેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને વાત્સલ્યપૂર્વક આશ્લેષમાં લઈને આશીર્વાદ વરસાવતા મહંત સ્વામી મહારાજ. મંદિરમાં લોકાર્પણ વેળાએ વેદોક્ત પૂજનવિધિ દરમ્યાન વડાપ્રધાનશ્રીને ભાલમાં તિલક કરી, મસ્તક પર અભય હસ્ત મૂકી, વાત્સલ્યપૂર્વક હસ્તમિલન કરી વડાપ્રધાનશ્રી પ્રત્યે સ્નેહ વરસાવતા સ્વામીશ્રી અને આ કૃપાશિષને માણતા વડાપ્રધાનશ્રીની વિરલ સ્મૃતિછબિઓ.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas